# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

વર્ષ-15 । અંક-004 । વિક્રમ સંવત-2082 । કારતક વદ-11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

15 NOVEMBER-2025 SATURDAY





પેજ-08

'દે દે પ્યાર દે ૨'ની રિલીઝ પહેલાં રકુલ પ્રીત સિંહે લીધા સિદ્ધિવિનાયક દર્શન



પેજ-09

બુમરાહની 5 વિકેટ: દ. આફ્રિકા 159 રનમાં સમેટાઈ, ભારતની પ્રથમ દાવમાં...




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 17.00 |
| વડોદરા | 29.00 | 17.00 |
| સુરત | 30.00 | 19.00 |




પેજ 5 અનિલ અંબાણી ઈડી તપાસમાં સહકાર આપશે, વિડીયો કોન્ફરન્સથી...





બોત્સ્વાના-અંગોલાની મુલાકાત લેનાર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બનવાનું... પેજ 10


**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 84562.78 ▲ | 084.11 |
| નિફ્ટી | 25910.05 ▲ | 030.90 |
| સોનું | 124072.00 ▼ | 2679.00 |
| ચાંદી | 156865.00 ▼ | 5605.00 |

▪ બિહારમાં પ્રચંડ વિજયની ઉજવણી ▪ ચિરાગ પાસવાન પાર્ટી માટે 'હનુમાન' સાબિત થયા ▪ બિહારમાં જંગલરાજ સમાપ્ત થયું : PM મોદી

# ડબલ એન્જિનની ડબલ સેન્ચુરી! બિહારમાં NDAની ભવ્ય જીત

(એજન્સી) પટના | તા.14

બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) ગઠબંધને પ્રચંડ બહુમતી હાંસલ કરીને સત્તા વિરોધી લહેરની તમામ અટકળોને ખોટી પાડી દીધી છે. મહાગઠબંધન (MGB) સામેની NDAની આ જીત માત્ર એક સંયોગ નથી, પરંતુ એક કુશળ વ્યૂહરચના અને પાયાના મજબૂત કાર્યનું પરિણામ છે. બીજી તરફ વિપક્ષી ગઠબંધનનો આંતરિક સંઘર્ષ અને અસરકારક સંચાલનનો અભાવ પણ NDAની જીતને વેગ આપ્યો હતો. ૨૦૨૫ની બિહાર ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી અને ચિરાગ પાસવાનના પ્રદર્શને બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે. ૧૦૧ બેઠકોમાંથી ભાજપ ૯૫ બેઠકો પર આગળ છે. ૨૮ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખનાર ચિરાગ પાસવાનની એલજેપી (આર) ૨૧ બેઠકો પર આગળ છે. ઉપેન્દ્ર કુશવાહાની આરએલએસપી ચાર બેઠકો અને જીતન રામ માંઝીની એચએએમ પાંચ બેઠકો જીતે તેવી શક્યતા છે.



## જીત પર PM મોદીએ કહ્યું-'અમે જનતાનું દિલ ચોરીને બેઠા છીએ'

(એજન્સી) નવી દિલ્હી | તા.14

શુક્રવારે સાંજે દિલ્હીમાં બિહારમાં NDAની જીત અંગે બોલતા, PM મોદીએ કહ્યું, 'બિહાર કે લોગો ને ગર્દા ઉડા દિયા. હવે 'કટ્ટા' સરકાર ક્યારેય પાછી નહીં આવે.' તેમણે છઠી મૈયાનો જયકાર કર્યો. તેઓ સાંજે 6:51 વાગ્યે ભાજપ મુખ્યાલય પહોંચ્યા. તેમણે ગમછા લહેરાવીને કાર્યકરોનું સ્વાગત કર્યું. બધા કાર્યકરોએ પણ ગમછો લહેરાવ્યો. આ પ્રસંગે, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ સૌ પ્રથમ કહ્યું- લોકોએ જંગલ રાજ કરતાં વિકાસને પસંદ કર્યો. બિહારમાં સરકાર બનાવવા માટે 122 બેઠકો જરૂરી છે. NDAમાં, BJP અને JDU એ 101-101 બેઠકો પર ચૂંટણી લડી હતી. અન્ય સાથી પક્ષો, LJP, HAM અને RLMને 29 બેઠકો ફાળવવામાં આવી હતી, અને BJP અને RLM ને છ-છ બેઠકો ફાળવવામાં આવી હતી. BJPએ 92 બેઠકો જીતી હતી. JDUએ 83, LJP એ 19, HAMએ પાંચ અને RLM એ ચાર બેઠકો જીતી હતી.

### કટ્ટા સરકાર બિહારમાં ક્યારેય પરત નહીં ફરે: PM મોદી

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, જ્યારે હું જંગલરાજ અને કટ્ટા સરકારની વાત કરતો હતો તો આરજેડી પાર્ટી કોઈ વાંધો નહોતી ઉઠાવતી. જોકે, તેનાથી કોંગ્રેસ ચિંતિત થઈ જતી હતી. આજે હું ફરીથી કહું છું કે કટ્ટા સરકાર બિહારમાં ક્યારેય પરત નહીં ફરે. બિહારના લોકોને વિકસિત બિહાર માટે માટે મતદાન કર્યું છે. બિહારના લોકોને સમૃદ્ધ બિહાર માટે મતદાન કર્યું છે. મેં ચૂંટણી પ્રચાર દરમિયાન બિહારની જનતા પાસે રેકોર્ડ વોટિંગનો આગ્રહ કર્યો હતો.



### અમે લોકોના દિલ ચોરી કર્યા છે: PM મોદી

ભાજપ કાર્યાલય ખાતે પાર્ટીના કાર્યકરોને સંબોધતા વડાપ્રધાન મોદીએ કહ્યું, 'આ પ્રચંડ જીત, આ અતૂટ વિશ્વાસ... બિહારના લોકોએ ખૂબ જ મોટું કામ કર્યું છે. અમે NDAના લોકો, અમે તો જનતાના સેવક છીએ. અમે અમારી મહેનતથી લોકોને ખુશ કરવાનું ચાલુ રાખીએ છીએ, અને અમે લોકોના દિલ ચોરીને બેઠા છીએ. તેથી, આજે બિહારે જાહેર કર્યું છે: ફરી એકવાર, એનડીએ સરકાર.'

### આજની જીતે એક નવો સકારાત્મક MY ફોર્મ્યુલા આપ્યો: મોદી

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, એક જૂની કહેવત છે- લોહા લોહે કો કાટતા હે. બિહારમાં કેટલીક પાર્ટીઓએ તૃષ્ટિકરણવાળો MY ફોર્મ્યૂલા બનાવ્યો હતો. પરંતુ આજની જીતે એક નવો સકારાત્મક MY ફોર્મ્યુલા આપ્યો છે, જે મહિલાઓ(Mahila) અને યૂથ(Youth) છે. આજે બિહારના દેશા એ રાજ્યોમાંથી છે, જ્યાં સૌથી વધુ યુવાનોની સંખ્યા છે અને ત્યાં દરેક ધર્મ અને જાતિના લોકો સામેલ છે. તેમની ઈચ્છા, આકાંક્ષા અને તેમના સપનાઓને જંગલરાજવાળા જૂના અને સાંપ્રદાયિક MY ફોર્મ્યૂલાને સંપૂર્ણ રીતે ધ્વસ્ત કરી દીધા.

## બિહારમાં બમ્પર જીત બાદ CM નીતિશે PM મોદી અને ચિરાગ પાસવાનનો માન્યો આભાર

બિહાર વિધાનસભા ચૂંટણીમાં NDAની બમ્પર જીતથી ગદગદ થયેલા મુખ્યમંત્રી નીતિશ કુમારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એનડીએના નેતાઓનો આભાર વ્યક્ત કર્યો છે. ચૂંટણી પરિણામોમાં વલણ મુજબ એનડીએ 200થી વધુ બેઠકો પર આગળ છે, જેમાં ભાજપ 91 અને જનતા દળ યુનાઈટેડ (JDU) 85 બેઠકો પર આગળ છે.

### મુખ્યમંત્રીએ PM મોદી અને બિહારવાસીઓનો આભાર માન્યો

મુખ્યમંત્રી નીતિશ કુમારે જીત બાદ ટ્વિટ કરીને પ્રથમ પ્રતિક્રિયા આપતાં લખ્યું છે કે, 'બિહાર વિધાનસભા ચૂંટણી-2025માં રાજ્યના લોકોએ અમને ભારે બહુમત આપ્યો અને અમારી સરકાર પર વિશ્વાસ રાખ્યો છે. હું આ બમ્પર જીત આપવા બદલ રાજ્યના તમામ મતદારોને હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. હું વડાપ્રધાન મોદી દ્વારા મળેલા સમર્થન બદલ તેમને નમન કરું છું અને હું તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.'



### ચૂંટણી પરિણામમાં NDAએ બહુમતનો આંકડો પાર કર્યો

બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપના નેતૃત્વ હેઠળના NDAએ ગઠબંધને 243 બેઠકોમાંથી બહુમતનો 200 બેઠકોનો આંકડો પાર કરી લીધો છે.

## BJP પોતાના દમ પર પણ સરકાર બનાવી શકે છે....

બીજેપી પહેલીવાર બિહારમાં પોતાના દમ પર સરકાર બનાવવાની નજીક પહોંચી ગઈ છે. એટલે કે નીતિશની JDU વિના પણ તે સરકાર બનાવી શકે છે. આવું કરવા માટે તેને માત્ર 3 બેઠકો જોઈએ. નિષ્ણાતો માને છે કે બીજેપી આ નંબર સરળતાથી મેળવી શકે છે. સાંજે 6 વાગ્યા સુધીના વલણો મુજબ NDAમાં બીજેપી 91, જેડીયુ 83, ચિરાગની પાર્ટી LJP(R)] 19, માંઝીની પાર્ટી HAM 5 અને કુશવાહાની પાર્ટી RLM 4 બેઠકો પર આગળ ચાલી રહી છે. બહુમતી માટે 122 બેઠક જોઈએ. અત્યારસુધી આંકડાઓ અનુસાર, નીતિશ વગર NDA 119 પર પહોંચી ગયું છે. નિષ્ણાતો માને છે કે ભાજપ કોંગ્રેસના 6, ડાબેરીઓના 2 અને બસપાની 1 બેઠકને જોડીને એનો આંકડો વધારી શકે છે.



## મારા પિતા આજે ખૂબ ખુશ થયા હોત બિહારે ફરી જંગલ રાજને નકાર્યું: ચિરાગ

(એજન્સી) નવી દિલ્હી | તા.14

NDAના જંગી વિજય પર પ્રતિક્રિયા આપતા ચિરાગ પાસવાને આ જીતને બિહારના લોકો અને સુશાસનનો વિજય ગણાવ્યો છે. લોકસભામાં સારું પ્રદર્શન કરનાર ચિરાગ પાસવાનની પાર્ટી LJP(R) આ વખતે વિધાનસભામાં અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે. 2025ની બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામોએ ફરી એકવાર રાજકીય પરિદૃશ્ય બદલી નાખ્યું છે. NDAના જંગી વિજયથી રાજકીય પ્રતિક્રિયાઓનો ધમધમાટ શરૂ થયો છે. આ સંદર્ભમાં, LJP(R) ના રાષ્ટ્રીય અધ્યક્ષ ચિરાગ પાસવાને નિવેદનો આપ્યા, તેને બિહારના લોકોનો વિજય ગણાવ્યો હતો. ચિરાગ પાસવાને કહ્યું કે બિહારમાં NDAનો વિજય સાબિત કરે છે કે તે સુશાસનનો વિજય છે અને જંગલ રાજનો પરાજય છે. બિહારના લોકોએ ફરી એકવાર વિકાસ, સ્થિરતા અને નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ચિરાગ પાસવાને પીએમ મોદીનો પણ આભાર વ્યક્ત કરતા કહ્યું કે, બધા ગઠબંધન ભાગીદારોનો આભાર માનવાનો PM મોદીનો સંદેશ દર્શાવે છે કે NDA એક પરિવારની જેમ કામ કરે છે. ચિરાગ પાસવાન ભાવુક થઈ ગયા અને કહ્યું, મારા પિતા આજે ખૂબ ખુશ થશે, તેઓ જ્યાં પણ હશે.

**NDA પરિવારની જેમ કામ કરે છે: ચિરાગ પાસવાન**




**બિહારના રાજકારણને નવી દિશા મળશે:** ચિરાગ પાસવાને વિપક્ષ પર પણ આકરા પ્રહાર કર્યા. રાહુલ ગાંધી પર ખાસ નિશાન સાધતા તેમણે કહ્યું કે રાહુલ ગાંધીના આગમનથી મહાગઠબંધનને નુકસાન થયું. બિહારના લોકો સંસ્કારી છે અને શબ્દોમાં શિષ્ટાચારની પ્રશંસા કરે છે. બિહારના લોકોને રાહુલ ગાંધીએ પીએમ મોદીની માતા વિશે જે રીતે અપમાનજનક ટિપ્પણી કરી તે ગમ્યું નહીં. એવું પણ કહેવામાં આવ્યું હતું કે વડા પ્રધાન મત માટે નાચશે, અને આવી ટિપ્પણીઓ બિહારની સંસ્કૃતિની વિરુદ્ધ છે. NDAની આ જીતે બિહારના રાજકારણને નવી દિશા આપી છે. 20 વર્ષ પછી, અમારી પાર્ટી આટલી મોટી જીત નોંધાવીને ગઠબંધનનો મજબૂત ભાગ બનવા જઈ રહી છે. આ મારા પિતા રામવિલાસ પાસવાનના રાજકીય વારસાનું સન્માન છે.

## બિહારના પરિણામો ખરેખર ચોંકાવનારા છે તેની ઊંડાણપૂર્વક સમીક્ષા કરીશું: રાહુલ ગાંધી

(એજન્સી) નવી દિલ્હી | તા.14

બિહાર વિધાનસભા ચૂંટણીમાં NDAએ પ્રચંડ વિજય મેળવ્યો છે, જ્યારે મહાગઠબંધનને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ચૂંટણી પરિણામો પર એક નિવેદન બહાર પાડ્યું છે. તેમણે કહ્યું, 'હું બિહારના લાખો મતદારોનો હૃદયપૂર્વક આભાર માનું છું જેમણે મહાગઠબંધનમાં વિશ્વાસ મૂક્યો. બિહારમાં આ પરિણામ ખરેખર આઘાતજનક છે. અમે શરૂઆતથી જ ન્યાયી ન હોય તેવી ચૂંટણી જીતી શક્યા નહીં. આ લડાઈ બંધારણ અને લોકશાહીના રક્ષણ માટે છે. કોંગ્રેસ પાર્ટી અને INDIA એલાયન્સ આ પરિણામની ઊંડાણપૂર્વક સમીક્ષા કરશે અને લોકશાહીના રક્ષણ માટેના તેમના પ્રયાસોને મજબૂત બનાવશે.' કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પણ ચૂંટણી પરિણામો પર પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું, 'અમે બિહારના લોકોના નિર્ણયનું સન્માન કરીએ છીએ અને બંધારણીય સંસ્થાઓનો દુરુપયોગ કરીને લોકશાહીને નબળી પાડવાનો પ્રયાસ કરી રહેલી શક્તિઓ સામે અમારી લડાઈ ચાલુ રાખીએ છીએ. અમે ચૂંટણી પરિણામોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીશું અને પરિણામો પાછળના કારણોને સમજ્યા પછી વિગતવાર નિવેદન આપીશું.'

**"અમે બિહારના લોકોના નિર્ણયનું સન્માન કરીએ છીએ" : ખડગે**



**નિરાશ થવાની કોઈ જરૂર નથી :** રાહુલ ગાંધીએ કહ્યું, 'અમે બિહારના મતદારોનો ખૂબ ખૂબ આભારી છીએ જેમણે મહાગઠબંધનને ટેકો આપ્યો. હું દરેક કોંગ્રેસ કાર્યકરને કહેવા માંગુ છું કે નિરાશ થવાની કોઈ જરૂર નથી. તમે અમારું ગૌરવ અને સન્માન છો. તમારી મહેનત અમારી તાકાત છે. અમે જનજાગૃતિ વધારવામાં કોઈ કસર છોડીશું નહીં.' તેમણે કહ્યું, 'અમે લોકો વચ્ચે રહીને બંધારણ અને લોકશાહીનું રક્ષણ કરવા માટે અમારો સંઘર્ષ ચાલુ રાખીશું. આ લડાઈ લાંબી છે, અને અમે તેને સંપૂર્ણ સમર્પણ, હિંમત અને સત્યતાથી લડીશું.' આ દરમિયાન, આરજેડી નેતા અબ્દુલ બારી સિદ્દીકીએ પણ પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યું કે પાર્ટી શનિવારે ચૂંટણીમાં તેના પ્રદર્શનની સમીક્ષા કરવા માટે એક બેઠક યોજશે. 'અમે વિગતવાર ચર્ચા કરીશું કે શું ખોટું થયું અને અમારી ખામીઓ શું હતી.'

## બિહારમાં 90 બેઠકોની સાથે BJP નંબર-1 : CM ભાજપના, નાયબ CM જેડીયુના હોઈ શકે

બિહારમાં NDA પ્રચંડ વિજય સાથે સરકાર બનાવી રહ્યું છે. બપોરે 1 વાગ્યા સુધીમાં NDA 199 બેઠકો પર આગળ છે. ભાજપ 90 બેઠકો પર, JDU 79 બેઠકો પર અને તેના સાથી પક્ષો 28 બેઠકો પર આગળ છે. પહેલીવાર ભાજપ બિહારમાં સૌથી મોટો પક્ષ બન્યો છે. છેલ્લા 25 વર્ષમાં આ ત્રીજી વખત છે જ્યારે ભાજપ NDAમાં સૌથી મોટો પક્ષ બન્યો છે. આ પહેલા, 2000 અને 2020માં ભાજપ નંબર વન હતું.





| પાર્ટી | 2025 | વોટ% | પહેલાની સ્થિતિ |
|---|---|---|---|
| NDA | 202 (+77) | 55.6% | 125 |
| મહાગઠબંધન | 35 (-75) | 35.0% | 110 |
| જનસુરાજ | 0 (0) | 0.3% | NA |
| અન્ય | 6 (-2) | 9.1% | 8 |

## 'લોહા લોહે કો કાટતા હૈ', વડાપ્રધાન મોદીએ બિહારની જીતનો નવો MY ફોર્મ્યુલા સમજાવ્યો

(એજન્સી) નવી દિલ્હી | બિહાર વિધાનસભાના ચૂંટણી પરિણામોમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) ઐતિહાસિક બહુમતી તરફ આગળ વધી રહ્યું છે, જેના પગલે સમગ્ર દેશમાં ભાજપના કાર્યકરોમાં જશ્નનો માહોલ છે. આ ઐતિહાસિક જનાદેશ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હી સ્થિત ભારતીય જનતા પાર્ટી (BJP) ના મુખ્યાલય ખાતે કાર્યકરોને સંબોધન કર્યું હતું. પોતાના સંબોધનમાં PM મોદીએ બિહારની આ જીતને બે પરિબળો સાથે જોડી અને એક નવો 'MY ફોર્મ્યુલા' રજૂ કર્યો, જેણે જૂના તુષ્ટિકરણ આધારિત ફોર્મ્યુલાને ધ્વસ્ત કરી દીધો. તેમણે આ વિજય માટે બિહારના યુવાનો અને મહિલાઓનો વિશેષ આભાર માન્યો હતો.

### તુષ્ટિકરણ નહીં, મહિલા અને યુવાનોનો સાથ

PM મોદીએ પોતાના સંબોધનમાં જૂની કહેવતનો ઉલ્લેખ કર્યો કે, 'લોહા, લોહે કો કાટતા હૈ'. તેમણે સમજાવ્યું કે ભૂતકાળમાં બિહારના કેટલાક પક્ષોએ તુષ્ટિકરણ આધારિત 'MY ફોર્મ્યુલા' બનાવ્યો હતો, પરંતુ આ ચૂંટણીના પરિણામોએ એક સકારાત્મક નવો 'MY (મહિલા અને યુથ)' ફોર્મ્યુલા આપ્યો છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે બિહાર દેશના એવા રાજ્યોમાં છે જ્યાં યુવાનોની સંખ્યા સૌથી વધુ છે, જેમાં દરેક ધર્મ અને જાતિના યુવાનો સામેલ છે. યુવાનોની ઈચ્છા, આકાંક્ષા અને સપનાઓએ 'જંગલરાજ'ના જૂના ફોર્મ્યુલાને ધ્વસ્ત કરી દીધો છે.

### PM મોદીએ યુવાનો અને નેતાગીરીને બિરદાવી

વડાપ્રધાને આ જીત માટે બિહારના યુવાનોનો વિશેષ અભિનંદન કરતાં, બિહારની બહેનો અને દીકરીઓને નમન કર્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું કે મહિલાઓ અને યુવાનોએ NDAમાં પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ ઉપરાંત, PM મોદીએ બિહાર NDAના નેતાઓની મહેનતની પણ પ્રશંસા કરી. તેમણે સમ્રાટ ચૌધરી અને વિજય કુમાર સિન્હા ની સતત મહેનત, તથા જીતન રામ માંઝી, કુશવાહાજી અને ચિરાગ પાસવાનની ઉત્કૃષ્ટ નેતૃત્વ ક્ષમતાને બિરદાવી હતી.

## બિહારના સ્ટાર ઉમેદવારોના પરિણામ

| પાર્ટી | ઉમેદવાર | પરિણામ |
|---|---|---|
| BJP | સમ્રાટ ચૌધરી | જીત |
| BJP | કુમાર પ્રણય | જીત |
| BJP | વિજય કુમાર સિંહા | જીત |
| BJP | રામકૃપાલ યાદવ | જીત |
| BJP | મૈથિલી ઠાકુર | જીત |
| BJP | મંગલ પાંડે | જીત |
| BJP | છોટી કુમારી | જીત |
| JDU | નચિકેતા મંડલ | જીત |
| JDU | અનંત કુમાર સિંહ | જીત |
| RJD | તેજસ્વી યાદવ | હાર |
| JJD | તેજપ્રતાપ યાદવ | હાર |
| RJD | ઓસામા શહાબ | જીત |
| RJD | ખેસારીલાલ યાદવ | હાર |
| JAN SURAJ | મનીષ કશ્યપ | હાર |
| JAN SURAJ | રીતેશ પાંડેય | હાર |

# આદિવાસી ગૌરવ દિવસ : ભારતના આદિવાસી વારસા અને નાયકોની ઉજવણી



આદિવાસી સમુદાયોએ ભારતના સામાજિક અને રાજકીય માળખાને ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ઇતિહાસ સાક્ષી છે કે આદિવાસી નેતાઓએ વસાહતી શોષણ અને અન્યાય સામે તેમની જમીન, સંસ્કૃતિ અને ગૌરવનું રક્ષણ કરવા માટે જે શક્તિશાળી ચળવળો ચલાવી છે. અઢારમી સદીના અંતથી વીસમી સદીની શરૂઆત સુધી, ભારતમાં વિવિધ આદિવાસી સમુદાયોએ બ્રિટિશ સંસ્થાનવાદી શાસન, સ્થાનિક જમીનદારો અને શાહુકારો સામે બળવો કર્યો હતો જેમણે તેમની પરંપરાગત જીવનશૈલીને વિક્ષેપિત કરી હતી.

ભગવાન બિરસા મુંડાના નેતૃત્વ હેઠળના ઉલ્ગુલાન આંદોલનથી લઈને અલ્લુરી સીતારામ રાજુ, તાંત્યા ભીલ, વીર ગુંડાધુર, રાણી ગૈદિનલ્યુ, રામજી ગોંડ, શહીદ વીર નારાયણ સિંહ અને સિદ્ધુ-કાન્હુ જેવા નાયકોના ઉગ્ર પ્રતિકાર સુધી - આ સાબિત કરે છે કે આદિવાસી આંદોલનો ફક્ત એકલા સંઘર્ષો નહોતા; તેના બદલે, તે સંસ્થાનવાદી જુલમનો એક શક્તિશાળી, ટકાઉ અને સંગઠિત પ્રતિપ્રવાહ હતા. તેમના સંઘર્ષોએ માત્ર આદિવાસી અધિકારોનું રક્ષણ જ નથી કર્યું પરંતુ સ્વતંત્રતા અને સમાનતા માટેના રાષ્ટ્રવ્યાપી સંઘર્ષને પણ મજબૂત બનાવ્યો.

2021માં, માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ (15 નવેમ્બર) ને આદિવાસી નેતાઓ અને તેમના સંઘર્ષોનું સન્માન કરવા માટે આદિવાસી ગૌરવ દિવસ તરીકે ઉજવવાનો ઐતિહાસિક નિર્ણય લીધો. આ નિર્ણય એક સીમાચિહ્નરૂપ પગલું હતું જેણે ભાવિ પેઢીઓમાં આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના ગૌરવપૂર્ણ વારસા અને સંઘર્ષો વિશે ગર્વ અને જાગૃતિ જગાવી.

આ વર્ષની ઉજવણીનું વિશેષ મહત્વ છે, કારણ કે આજે આપણે બિરસા મુંડાની 150મી જન્મજયંતિ (આદિવાસી ગૌરવ વર્ષ) ની સમાપ્તિ ઉજવી રહ્યા છીએ, જે 2024માં શરૂ થઈ હતી.

**મારો અનુભવ**

શ્રી અટલ બિહારી વાજપેયી માનનીય પ્રધાનમંત્રી હતા ત્યારે 12મી અને 13મી લોકસભા દરમિયાન મને સંસદ સભ્ય તરીકે સેવા આપવાનું સૌભાગ્ય મળ્યું. અટલજીના કાર્યકાળ દરમિયાન આદિવાસી બાબતોના મંત્રાલયની સ્થાપના થઈ હતી. લોકસભાના સભ્ય તરીકે, મેં ઝારખંડ, છત્તીસગઢ અને ઉત્તરાખંડના અલગ રાજ્યો બનાવવાના પ્રસ્તાવના પક્ષમાં મતદાન કર્યું હતું. પછીથી મને ઝારખંડના રાજ્યપાલ બનવાનો લહાવો મળ્યો. રાજ્યપાલ તરીકે શપથ લીધા પછી, તે જ દિવસે મેં ભગવાન બિરસા મુંડાના જન્મસ્થળ ઉલીહાટુની મુલાકાત લીધી, જ્યાં હું આ મહાન સ્વાતંત્ર્ય સેનાનીને શ્રદ્ધાંજલિ આપી શકું. મને યાદ છે કે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ઉલીહાટુની મુલાકાત લેનારા પ્રથમ પ્રધાનમંત્રી છે. તેમની મુલાકાત માત્ર શ્રદ્ધાંજલિ જ નહીં, પરંતુ એક રાષ્ટ્રીય યાત્રા હતી, જેણે સમગ્ર રાષ્ટ્ર સમક્ષ આદિવાસી સમાજનું મહત્વ સ્થાપિત કર્યું.


માનનીય પ્રધાનમંત્રીએ ઝારખંડના ખૂંટીમાં પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (PM-JANMAN) યોજનાની જાહેરાત કરી ત્યારે હું પણ તેમની સાથે હાજર હતો, જેનો ઉદ્દેશ્ય ખાસ કરીને નબળા આદિવાસી સમુદાયોનું રક્ષણ અને સશક્તિકરણ કરવાનો છે. માનનીય પ્રધાનમંત્રીએ આ યોજનાની પ્રેરણા ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીને આપી, જેમણે પોતાના જીવનને દરેક ક્ષણ આદિવાસી સમાજના ઉત્થાન માટે સમર્પિત કરી છે.

**કલ્યાણથી સશક્તિકરણ સુધી: એક પરિવર્તનશીલ પહેલ**

મેં છેલ્લા દાયકામાં આદિવાસી સમુદાયો માટે નીતિનિર્માણના અભિગમમાં નોંધપાત્ર પરિવર્તન જોયું છે - જે પહેલા ફક્ત કલ્યાણલક્ષી હતું તે હવે સશક્તિકરણલક્ષી બન્યું છે.

2023માં શરૂ કરાયેલ, પીએમ-જનમન મિશન દ્વારા અનેક નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે. આ યોજના 75 ખાસ કરીને સંવેદનશીલ આદિવાસી જૂથો (PVTGs) ને લક્ષ્ય બનાવે છે અને તેમાં નવ મંત્રાલયોમાં સંકલિત પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ યોજનાનો ઉદ્દેશ 11 મુખ્ય હસ્તક્ષેપો દ્વારા આ સમુદાયોને ગરીબી રેખાથી ઉપર લાવવાનો છે - પાકા મકાનો, રસ્તાઓ, પીવાનું પાણી, વીજળી જોડાણો, આરોગ્યસંભાળ, શિક્ષણ અને અન્ય સેવાઓ જેવી મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવી, તેમજ વન ધન વિકાસ કેન્દ્રો (VDVKs) દ્વારા આજીવિકાની તકો પૂરી પાડવી.

આ મિશનનો હેતુ ત્રણ નાણાકીય વર્ષ (2023-2026) માં પૂર્ણ કરવાનો છે અને તેણે બે વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. 24,104 કરોડના બજેટ સાથે, આ યોજના 18 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશના 207 જિલ્લાઓમાં લાગુ કરવામાં આવી રહી છે, જે આશરે 48.18 લાખ આદિવાસી નાગરિકો સુધી પહોંચે છે. બીજી એક નોંધપાત્ર સરકારી પહેલ 'ધરતી આબા જનજાતિ ગ્રામ ઉત્કર્ષ અભિયાન' છે, જે ભગવાન બિરસા મુંડાના નામ પરથી એક પરિવર્તનશીલ મિશન છે. તેનો ધ્યેય 63,000 થી વધુ આદિવાસી પ્રભુત્વ ધરાવતા ગામોમાં મૂળભૂત સેવાઓ અને એકંદર સામાજિક-આર્થિક વિકાસની 100% પહોંચ સુનિશ્ચિત કરવાનો છે. તે 17 કેન્દ્રીય મંત્રાલયોમાં 25 પહેલોના સંકલન દ્વારા કાર્ય કરે છે. આદિવાસી ઉત્પાદનોનું જીઓ-ટેગિંગ, આદિવાસી વ્યાપાર પરિષદ અને અન્ય પહેલો આદિવાસી સમુદાયોને સશક્ત બનાવવા તરફ સરકાર દ્વારા મહત્વપૂર્ણ પગલાં છે. આ પ્રયાસોએ આદિવાસી સમુદાયોને અલગ જૂથોમાંથી રાષ્ટ્રીય મુખ્ય પ્રવાહના અભિન્ન ભાગમાં પરિવર્તિત થવા સક્ષમ બનાવ્યા છે.



**સી.પી. રાધાકૃષ્ણન**
ભારતના ઉપરાષ્ટ્રપતિ

**શિક્ષણ અને સાંસ્કૃતિક સંરક્ષણ તરફના પ્રયાસો**

આદિવાસી સમુદાયોને સશક્તિકરણ તરફના આ નીતિગત પરિવર્તનને ધ્યાનમાં રાખીને, મેં ઝારખંડ, તેલંગાણા અને બાદમાં મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે સેવા આપતી વખતે એકલવ્ય મોડેલ રહેણાંક શાળાઓ (EMR) ના વિસ્તરણ પર ભાર મૂક્યો હતો, જેથી વધુ આદિવાસી વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ શકે.

મને એ જાણીને આનંદ થયો કે સરકારે 728 એકલવ્ય શાળાઓ સ્થાપવાનું લક્ષ્ય રાખ્યું છે, જેમાંથી 479 શાળાઓ પહેલેથી જ કાર્યરત છે, અને લગભગ 3.5 લાખ આદિવાસી વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ રહ્યા છે.

સરકારે આદિવાસી નેતાઓના જીવનને અમર બનાવવા માટે પહેલ કરી છે તે પણ આનંદદાયક છે. અત્યાર સુધીમાં, 10 રાજ્યોમાં 11 અત્યાધુનિક આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની સંગ્રહાલયો સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવી છે, જેમાંથી ચારનું ઉદ્ઘાટન થઈ ચૂક્યું છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જ્યારે રાંચીમાં ભગવાન બિરસા મુંડા મેમોરિયલ પાર્ક અને ફ્રીડમ ફાઇટર્સ મ્યુઝિયમની મુલાકાત લીધી ત્યારે હું તેમની સાથે હતો. આ મ્યુઝિયમ ડિજિટલ અને ઇમર્સિવ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઇતિહાસના પાનાઓને જીવંત કથામાં પરિવર્તિત કરે છે, જે આદિવાસી નાયકોના બલિદાનને રાષ્ટ્રીય એકતા અને સ્વતંત્રતા માટે પ્રેરણા તરીકે રજૂ કરે છે.

**નિષ્કર્ષ**

આદિવાસી નેતાઓ અને તેમના આંદોલનો આપણને સતત યાદ અપાવે છે કે સ્વતંત્રતા અને ગૌરવ માટેના સંઘર્ષનો મૂળ ભારતના આદિવાસી વિસ્તારોના જંગલો અને ટેકરીઓમાં ઊંડાણપૂર્વક રહેલા હતા. તેમની હિંમત, બલિદાન અને અતૂટ ભાવના આજે પણ સામાજિક ન્યાય, પર્યાવરણીય સંતુલન અને માનવ અધિકારો માટેની ચળવળોને પ્રેરણા આપે છે. ધરતી આબા ભગવાન બિરસા મુંડા ભલે ફક્ત 25 વર્ષ જીવ્યા હોય, પરંતુ તેમણે પ્રગટાવેલી દેશભક્તિની જ્યોત આગામી 2,500 વર્ષ સુધી પ્રજ્વલિત રહેશે. એ કહેવું યોગ્ય છે કે - 'માણસો આવશે અને જશે, પરંતુ ધરતી આબા અને અન્ય આદિવાસી નાયકોનો વારસો અમર રહેશે.'

જય હિંદ! જય ભારત!

### SAC-ISRO ના વૈજ્ઞાનિકને મળવાની તક

## ગુજરાતના 33 જિલ્લાના શિક્ષકો સાથે 100 વિદ્યાર્થીઓની ભાગીદારી

(એજન્સી) ગાંધીનગર તા.14

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) ના સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC) ના સહયોગથી GujSAC BHAVIKA (ગુજરાત SAC BHAVI) નું આયોજન કરવામાં આવ્યું છે. આ વૈજ્ઞાનિક કાર્યક્રમમાં ધોરણ ૮ થી ૧૧ ના ગુજરાતના શાળાના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે.ગુજસેક ભાવિકા એ એક પરિવર્તનકારી પહેલ છે જેનો ઉદ્દેશ્ય ગુજરાતના યુવા વૈજ્ઞાનિક મનને આકાર આપવાનો છે, તેમને અવકાશ વિજ્ઞાન અને ટેક્નોલોજીની શોધ કરવા માટે પ્રેરિત કરવાનો છે. તે છ મુખ્ય ઉદ્દેશ્યો પર ધ્યાન કેન્દ્રિત કરે છે; અવકાશ વિજ્ઞાનમાં ઉત્સુકતા ફેલાવવી, સંશોધનનો જુસ્સો જગાવવો, રોજિંદા જીવન પર અવકાશ ટેકનોલોજીની અસરને પ્રકાશિત કરવી, STEM કારકિર્દીને પ્રોત્સાહિત કરવી, અવકાશ સાહસોમાં ઉદ્યોગસાહસિક વિશ્વાસ ઉભો કરવો અને વિદ્યાર્થીઓને ISROના YUVIKA જેવા રાષ્ટ્રીય કાર્યક્રમો માટે તૈયાર કરવા.

એક સપ્તાહનો આ નિવાસી કાર્યક્રમ, ગુજસેક ભાવિકા કાર્યક્રમ 15 મી નવેમ્બરથી 23 મી નવેમ્બર 2025 સુધી યોજાઇ રહ્યો છે. સમગ્ર ગુજરાતમાં 33 જિલ્લામાંથી કુલ 91 વિદ્યાર્થીઓ (32 છોકરીઓ અને 59 છોકરાઓ) અને 10 શિક્ષકો ની આ કાર્યક્રમ માટે પસંદગી કરવામાં આવી છે.

### શિયાળાની ઠંડી રાત્રીમાં નાયબ મુખ્યમંત્રીના પ્રેરક સંબોધનથી ગ્રામજનોનું ઉષ્માવર્ધન

## ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઇન્દ્રવર્ણા ગામે ખાટલા પરિષદ યોજી

(એજન્સી) રાજપીપલા તા.14

ગુજરાતના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ ગરૂડેશ્વર તાલુકાના ઈન્દ્રવર્ણા ગામે ૧૩મી નવેમ્બરે ખાટલા પરિષદ યોજી ગ્રામજનોને દેડિયાપાડા ખાતે આયોજિત ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦ મી જન્મ જયંતિની ઐતિહાસિક ઉજવણીમાં સહભાગી થવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું હતું. આ પ્રસંગે રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યાં હતા. શિયાળાની ઠંડી રાત્રીમાં શ્રી હર્ષ સંઘવીના પ્રેરક સંબોધનથી



ગ્રામજનોનું ઉષ્માવર્ધન થયું હતું. શ્રી સંઘવીએ ગ્રામજનોને સંબોધતા જણાવ્યું કે, દેશ અને આદિવાસી સમાજના ઉન્નતિ માટે પોતાના જીવનનું અવિસ્મરણીય યોગદાન આપનાર ભગવાન બિરસા મુંડા કરોડો લોકો માટે પ્રેરણારૂપ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ ભવ્ય રીતે ઉજવવાનો નિર્ણયકર્યોછે.નાયબમુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, જેમ અખંડ ભારતના શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિ વિશ્વની સૌથી વિરાટ પ્રતિમા, સ્ટેચ્યુ ઓફ યુનિટીની સાનિધ્યમાં રાષ્ટ્રીય સ્તરે ઉજવાઈ હતી, તેમ હવે આ જ પાવન ધરતી પર ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતિની ઉજવણી ઐતિહાસિક બનશે.

### ઊર્જા વિભાગ હવે ડાટા ડ્રિવન ફોરકાસ્ટ કરી ભવિષ્યનું આયોજન કરશે

## રાજ્યના ઊર્જા વિભાગના ક્રાંતિકારી પોર્ટલ ઊર્જા સવર્ધનમનું લોંચિંગ

(એજન્સી) ગાંધીનગર તા.14

ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે વીજ વિભાગ માટે ક્રાંતિકારી સાબિત થનારા વેબપોર્ટલ ઊર્જા સંવર્ધનમનું લોંચિંગ કર્યું છે. આ વેબપોર્ટલમાં વીજ ઉત્પાદનથી માંડીને ગ્રાહકો દ્વારા થતાં વીજ વપરાશ સહિતનો તમામ ડેટા સંગ્રહિત કરી ભવિષ્યની યોજનાઓનું અમલીકરણ કરવા માટે ચાવીરૂપ સાબિત થશે.મંત્રીશ્રીએ વીજ સંવર્ધનમ પોર્ટલનું લોંચિંગ કરતા જણાવ્યું કે,



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની રાહબરી હેઠળ રાજ્ય સરકાર વિકાસ કામોનું લાંબાગાળાનું આયોજન કરે છે અને ભવિષ્યના આયોજન માટે ટેક્નોલોજીનો વિનિયોગ કરવામાં આવી રહ્યો છે. તે ઉપક્રમમાં વીજ સંવર્ધનમ પોર્ટલ કાર્ય કરશે.વીજ સંવર્ધનમના ફિચર્સ અંગે માહિતી આપતા શ્રી પટેલે જણાવ્યું કે, આ પોર્ટલમાં રાજ્યના તમામ સબ સ્ટેશન, સબ ડિવિઝનની માહિતી ફિડ કરવામાં આવી છે. ક્યાં વિસ્તારમાં, ક્યાં સમયમાં કેટલો વીજ વપરાશ થાય છે? તેનો રિયલ ટાઈમ ડેટા આ પોર્ટલના માધ્યમથી ઉપલબ્ધ થશે.


**જના સ્મોલ ફાઈનાન્સ બેંક**
(એક શેડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)

રજિસ્ટર્ડ ઓફિસ: ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નંબર 10/1, 11/2 અને 12/2B, ઓફ ડોમલુર, કોરામંગલા ઇનર રિંગ રોડ, EGL બિઝનેસ પાર્ક પાસે, ચલ્લાઘટ્ટા, બેંગ્લોર-560071. રીજનલ બ્રાન્ચ ઓફિસ: ગ્રાઉન્ડ ફ્લોર, 2nd ફ્લોર, શાંગ્રીલા આર્કેડ, સરસ્વત બેંકની ઉપર, 100 ફીટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ, ગુજરાત-380015.

**સરફેસી એક્ટ, 2002 ની કલમ 13(2) હેઠળની માંગણી નોટિસ**

આથી તમને, નીચે દર્શાવેલ લોન લેનાર, સહ-લોન લેનાર, જામીનદાર અને ગીરોકર્તાને જણાવવામાં આવે છે કે તમે **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ** પાસેથી તમારી સ્થાવર મિલકતો ગીરો મૂકીને લોન લીધી છે. તમારા બધા દ્વારા કરવામાં આવેલ ડિફોલ્ટના પરિણામે, તમારું લોન ખાતું બિન-કાર્યકારી અસ્કયામત તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે, આથી **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ**, જે આ કાયદા હેઠળ સુરક્ષિત ધિરાણકર્તા છે, અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ નિયમો 2002ના નિયમ 2 સાથે વાંચીને ઉપરોક્ત કાયદાની કલમ 13(2) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, કૉલમ નંબર 2 માં દર્શાવેલ લોન લેનાર/સહ-લોન લેનાર/જામીનદાર/ગીરોકર્તાને નોટિસની તારીખથી **60 દિવસ**ની અંદર નોટિસમાં જણાવેલ રકમ અને તેના પરના ભાવિ વ્યાજની ચૂકવણી કરવા માટે **માંગણી નોટિસ** જારી કરી હતી, પરંતુ વિવિધ કારણોસર તેમાંથી કેટલાકને નોટિસ આપી શકાઈ નથી.

| ક્ર. નં. | લોન લેનાર/સહ-લોન લેનાર/ જામીનદાર/ગીરોકર્તાનું નામ | લોન એકાઉન્ટ નંબર અને લોનની રકમ | લાગુ કરવામાં આવનાર સુરક્ષાની વિગતો | NPAની તારીખ અને માંગ નોટિસ તારીખ | બાકી રકમ રૂ. માં / તારીખ મુજબ |
|---|---|---|---|---|---|
| 1. | 1) મેસર્સ. ધ્રુવ એન્ટરપ્રાઇઝ, જેના પ્રોપ્રાઇટર શ્રી પાડસલા હિતેશભાઈ ભાનુભાઈ, 2) શ્રી પાડસલા હિતેશભાઈ ભાનુભાઈ, 3) શ્રીમતી પાડસલા દક્ષાબેન હિતેશભાઈ | લોન એકાઉન્ટ નંબર 45248640000809 45249410000328 લોન રકમ: રૂ. 16,80,000/- રૂ. 5,99,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત ૧:** ચોથા માળે દુકાન નં. ૪૨૯ (ચોથા માળે સાઇટ/પાસિંગ પ્લાન મુજબ) ધરાવતી સ્થાવર મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ જેમાં ૧૮.૭૦ ચોરસ મીટર, કાર્પેટ એરિયા અને ૧૯.૬૫ ચોરસ મીટર, બિલ્ટ અપ એરિયા, "અરિહંત પ્લાઝા" ની જમીનમાં અવિભાજિત હિસ્સો છે, જે રેવન્યુ સર્વે નં. ૧૪૩/૧૨, બ્લોક નં. ૨૧૯ ખાતે ૭/૧૨ મુજબ હેક્ટર આરે ૦-૩૮-૪૫ ચોરસ મીટર, ટી. પી. સ્કીમ નં. ૬૨ (ડિંડોલી-ભેસ્તાન-ભેડવાળ), મૂળ પ્લોટ નં. ૨૩, અંતિમ પ્લોટ નં. ૨૩, ૨૪૯૯ ચોરસ મીટર માપેલ છે. સુરત શહેર, મોજે ગામ ડિંડોલી, હિતેશભાઈ ભાનુભાઈ પડસાલાની માલિકીની **સીમાઓ:- પૂર્વ:** ૨૪ મીટર, રોડ, **પશ્ચિમ:** ફાઇનલ પ્લોટ નં. ૪૫, **ઉત્તર:** ૧૮ મીટર, રોડ, **દક્ષિણ:** ફાઇનલ પ્લોટ નં. ૨૪. **મિલકત ૨:** ચોથા માળે દુકાન નં. ૪૩૦ (ચોથા માળે સાઇટ/પાસિંગ પ્લાન મુજબ) ધરાવતી સ્થાવર મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ ૧૮.૭૦ ચોરસ મીટર, કાર્પેટ એરિયા અને ૧૯.૬૫ ચોરસ મીટર, બિલ્ટ અપ એરિયા, "અરિહંત પ્લાઝા" ની જમીનમાં અવિભાજિત હિસ્સો સાથે, ૭/૧૨ મુજબ રેવન્યુ સર્વે નં. ૧૪૩/૧૨, બ્લોક નં. ૨૧૯ ખાતે આવેલ છે, જે ૦-૩૮-૪૫ ચોરસ મીટરનું હેક્ટર માપે છે. મીટર્સ, ટી. પી. સ્કીમ નં. ૬૨ (ડિંડોલી-ભેસ્તાન-ભેડવાડ), મૂળ પ્લોટ નં. ૨૩, અંતિમ પ્લોટ નં. ૨૩, ૨૪૯૯ ચોરસ મીટર માપે, મોજે ગામ ડિંડોલી, સુરત શહેર, હિતેશભાઈ ભાનુભાઈ પડસાલાની માલિકીની. **સીમાઓ:- પૂર્વ:** ૨૪ મીટર, રોડ, **પશ્ચિમ:** અંતિમ પ્લોટ નં. ૪૫, **ઉત્તર:** ૧૮ મીટર, રોડ, **દક્ષિણ:** અંતિમ પ્લોટ નં. ૨૪. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 11/11/2025 | ૦૯/૧૧/૨૦૨૫ ના રોજ રૂ. ૧૯,૭૪,૦૧૭/- (ઓગણીસ લાખ ચૌત્તેર હજાર સત્તરસો રૂપિયા માત્ર) |
| 2. | 1) મેસર્સ જય ગાત્રાલ ટેક્નોકાસ્ટ, માલિકી પેઢી શ્રીમતી સાંગાણી નયનાબેન સુરેશભાઈ, શ્રી સાંગાણી સુરેશભાઈ લક્ષ્મણભાઈ, 2) શ્રીમતી. સાંગાણી નયનાબેન સુરેશભાઈ, 3) શ્રી સાંગાણી સુરેશભાઈ લક્ષ્મણભાઈ | લોન એકાઉન્ટ નંબર 45228640000729 લોન રકમ: રૂ. 30,50,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** કોઠારિયા શહેર વોર્ડ નં. કોઠારિયા, શહેર સર્વે નં. ૩૦૭ જિલ્લો રાજકોટની ૭૧-૭૬ ચો.મી. જમીન પર રહેણાંક મકાન. **સીમાઓ:- ઉત્તર:** શહેર સર્વે નં. ૨૯૯, ૩૦૦, ૩૦૧, **દક્ષિણ:** રોડ, **પૂર્વ:** શહેર સર્વે નં. ૩૦૨, **પશ્ચિમ:** શહેર સર્વે નં. ૩૦૮. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 11/11/2025 | ૦૯/૧૧/૨૦૨૫ ના રોજ રૂ.૩૧,૦૧,૨૪૭/- (એકત્રીસ લાખ એક હજાર બેસો અને સિતાલીસ માત્ર રૂપિયા) |
| 3. | 1) બિપીનકુમાર ધર્મભાઈ રાઠોડ, 2) અંબાબેન બિપીનકુમાર રાઠોડ | લોન એકાઉન્ટ નંબર 32110430000571 32119170030472 લોન રકમ: રૂ. 4,00,000/- રૂ. 5,00,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** ગામથલ મિલકત નં. ૪૯૪ જમીન વિસ્તાર ધરાવતી રહેણાંક મિલકતના તમામ હક, માલિકી અને હિત, ૬૨.૭૦ ચોરસ મીટર, ગામની જમીન પર સ્થિત: કોદ્રાલી, તા: વડગામ, જિલ્લો: બનાસકાંઠા. **સીમાઓ:- ઉત્તર:** કોમન રોડ, **દક્ષિણ:** રાઠોડ ધમાભાઈ લલ્લુભાઈની મિલકત, **પૂર્વ:** કોમન રોડ, **પશ્ચિમ:** શૂન્ય. | NPA ની તારીખ: 28/09/2025 માંગ નોટિસ તારીખ: 13/11/2025 | રૂ.૪,૩૯,૫૮૮/- (ચાર લાખ ઓગણત્રીસ પંચ હજાર એકસો એંસી માત્ર આઠ રૂપિયા) **તારીખ ૦૯/૧૧/૨૦૨૫ મુજબ** |
| 4. | 1) હાર્દિકકુમાર બાબુભાઈ બારોટ, 2) બારોટ કિંજલબેન હાર્દિકકુમાર | લોન એકાઉન્ટ નંબર 33૯૯૯૭1000000૯૨ લોન રકમ: રૂ. ૨૨,૦૦,૦૦૦/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** ફ્રીહોલ્ડ સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને પાર્સલ, પહેલા માળે ફ્લેટ નં. B/3 છે, જેનો વિસ્તાર 51.75 ચોરસ યાર્ડ છે, એટલે કે 43.27 ચોરસ મીટર. લક્ષ્મી વિષ્ણુ એપાર્ટમેન્ટ તરીકે ઓળખાતી યોજનામાં જમીનમાં અવિભાજિત હિસ્સો સાથે, અમદાવાદ જિલ્લામાં મૌજે ખોખરા - મહેમદાવાદ તાલિકા મણિનગરના TPS 4 ના અંતિમ પ્લોટ નં. 160 પાયકી હિસ્સા નં. 5 અને અમદાવાદ-5 (નારોલ) ના નોંધણી પેટા જિલ્લા. **સીમાઓ:- પૂર્વ:** બ્લોક- A, **પશ્ચિમ:** ફ્લેટ નં. B/4, **ઉત્તર:** બ્લોક- C, **દક્ષિણ:** પેસેજ અને સીડી. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 13/11/2025 | રૂ.૨૨,૪૮,૨૮૮/- (બાવીસ લાખ ચાલીસ આઠ હજાર બાવીસ એકસો એંસી માત્ર રૂપિયા) **૦૯/૧૧/૨૦૨૫ મુજબ** |
| 5. | 1) લાલટુકા મેરૂભાઈ શામળભાઈ, 2) લાલટુકા શામજીભાઈ કરશનભાઈ, 3) લાલટુકા ડબ શામળાભાઈ | લોન એકાઉન્ટ નંબર ૩૧૪૮૯૪૩૦૦૦૩૭૬ લોન રકમ: રૂ. ૧૪,૧૩,૩૫૭/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** ચોટીલા આર.એસ. નં. 5/પી1/4 પાયકી પ્લોટ નં. 16 જી.એફ. દુકાન નં. 5 કાર્પેટ એરિયા, માપવા માટે, તેના અનુસંધાનમાં, ચોટીલા ખાતે આવેલું અને આવેલું, મ્યુનિસિપલ હદમાં, તાલુકા - ચોટીલા, જિલ્લો - સુરેન્દ્રનગર અને દેવુબેન શામળાબાઈ લાલટુકાનું છે. **સીમાઓ:-** (વેચાણ દસ્તાવેજ મુજબ) **ઉત્તર:** આ બાજુ માઉન્ટ 2.39 લિફ્ટ વિસ્તાર અને સીડી વિસ્તાર, **દક્ષિણ:** આ બાજુ માઉન્ટ 2.39 રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને ખુલ્લું પાર્કિંગ, **પૂર્વ:** માઉન્ટ 7.07 જી.એફ. દુકાન નં. 6, **પશ્ચિમ:** આ બાજુ માઉન્ટ 7.07 જી.એફ. દુકાન નં. 4. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 13/11/2025 | ૧૪,૭૫,૯૩૪/- (ચૌદ લાખ પંચોત્તેર હજાર નવસો ચૌત્રીસ રૂપિયા માત્ર) **૦૯/૧૧/૨૦૨૫ મુજબ** |
| 6. | 1) મેસર્સ સામી ઈમ્પેક્સ પ્રા. લિમિટેડ, ડિરેક્ટર્સ: શ્રી કરણ યોગેશ સેજપાલ, શ્રીમતી. ગઢવી અરૂણાબેન હરજીભાઈ, 2) શ્રી કરણ યોગેશ સેજપાલ, 3) શ્રીમતી. ગઢવી અરૂણાબેન હરજીભાઈ | લોન એકાઉન્ટ નંબર 45178640000992 લોન રકમ: રૂ. 50,65,962/- છે | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** રહેણાંક મિલકત જેમાં ઔડા મંજૂર થયેલા વિલા નં. ૧ (જોડાયેલ (પરિશિષ્ટ-૫૧) મુજબ, ઔડા મંજૂર થયેલા પાન નંબર ૧ તરીકે દર્શાવવામાં આવ્યું છે અને બ્રોશરમાં જોડાયેલા (પરિશિષ્ટ-૫૨) મુજબ, તે વિલા નં. ૧ તરીકે દર્શાવવામાં આવ્યું છે), "ધ મીડોઝ" તરીકે ઓળખાતી યોજનામાં, શ્રી યોગેશ્વર કંપની ઓપ. હાઉસિંગ સોસાયટી લિ., બ્લોક નં. ૭૮ પાયકી, મૌજે: સનાથલ, તાલુકો: સાણંદ, જિલ્લો અને પેટા-જિલ્લો: અમદાવાદ ખાતે સ્થિત છે. (લગભગ 334 ચોરસ યાર્ડ એટલે કે ૨૭૯.૨૭ ચોરસ મીટર, જેમાં પ્રોજેક્ટના સામાન્ય વિસ્તારમાં અવિભાજિત હિસ્સો અને બંગલાના બાંધકામનો સમાવેશ થાય છે જે લગભગ 340 ચોરસ યાર્ડ એટલે કે ૨૮૪.૨૮ ચોરસ મીટર છે). **સીમાઓ:- પૂર્વ:** બ્લોક નં. ૧૦૧૦ અને વગેરે, **પશ્ચિમ:** વિકાસ યોજના માર્ગ, **ઉત્તર:** વિકાસ યોજના માર્ગ, **દક્ષિણ:** સંકલિત બ્લોક નં. ૭૮/ભાગ. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 13/11/2025 | રૂ.૪૧,૮૨,૮૯૩/- (એકતાલીસ લાખ એંસી બે હજાર આઠ એકસો સાઠ ત્રણ રૂપિયા માત્ર) **તારીખ ૦૯/૧૧/૨૦૨૫ મુજબ** |

તેથી, કોલમ નં. 2 માં દર્શાવેલ ઋણ લેનાર/સહ-ઋણ લેનાર/જામીનદાર અને ગીરો આપનારને નોટિસ આપવામાં આવે છે, જેમાં તેમને આ નોટિસ પ્રકાશિત થયાના **60 દિવસ**ની અંદર તમામ સંબંધિત ઋણ લેનાર/સહ-ઋણ લેનાર સામે કોલમ નં. 6 માં દર્શાવેલ કુલ રકમ ચૂકવવાપાત્ર હોવાનું જાણવા મળ્યું હોવાથી, કોલમ નં. 6 માં દર્શાવેલ તારીખે સંબંધિત લોન ખાતાના સંબંધમાં ઉપરોક્ત રકમ ચૂકવવાપાત્ર હોવાનું જાણવા મળ્યું છે. એ સ્પષ્ટ કરવામાં આવે છે કે જો કુલ રકમ, ભવિષ્યના વ્યાજ અને ચુકવણીની તારીખ સુધી ચૂકવવાપાત્ર બની શકે તેવી અન્ય રકમ સાથે, ચૂકવવામાં ન આવે, તો **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ**, કોલમ નં. 4 માં વર્ણવેલ મિલકતો પર સુરક્ષા વ્યાજ લાગુ કરવા માટે યોગ્ય પગલાં લેવા માટે મજબૂર રહેશે.

કૃપા કરીને નોંધ લો કે આ પ્રકાશન કાયદા હેઠળ ઉધાર લેનાર/સહ-ઉધાર લેનાર/જામીનદાર/ગીરવે મૂકનારાઓ સામે **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ**ને ઉપલબ્ધ અધિકારો અને ઉપાયોને પૂર્વગ્રહ રાખ્યા વિના કરવામાં આવ્યું છે. તમને વધુમાં નોંધ લેવાની વિનંતી છે કે ઉક્ત અધિનિયમની કલમ 13(13) મુજબ, તમને ઉપરોક્ત સિક્યોરિટીનો નિકાલ કરવા અથવા તેની સાથે વ્યવહાર કરવા અથવા સુરક્ષિત લેણદારની પૂર્વ સંમતિ વિના સિક્યોર્ડ સંપત્તિના વેચાણ, લીઝ અથવા અન્ય રીતે ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત/પ્રતિબંધિત કરવામાં આવે છે.

**તારીખ: 15.11.2025, સ્થળ: અમદાવાદ** — **Sd/- અધિકૃત અધિકારી, જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ વતી**







## રાજ્યપાલની ઉપસ્થિતિમાં આંબરડી માધ્યમિક શાળા ખાતે "સ્વદેશી ગ્રામજીવન સ્વાવલંબન યાત્રા" કાર્યક્રમ યોજાયો

(એજન્સી) ગાંધીનગર તા.14

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં સાવરકુંડલા તાલુકાની આંબરડી માધ્યમિક શાળા ખાતે 'સ્વદેશી ગ્રામજીવન સ્વાવલંબન યાત્રા' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને આત્મનિર્ભરતા થકી સ્વ અને રાષ્ટ્રની ઉન્નતિના વિવિધ પાસાઓ અંગે જાગૃત કર્યા હતા.આ તકે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સ્વાવલંબન જીવન અંગેના વિચારો વિશે વાત કરતા જણાવ્યું હતું કે, પૂજ્ય મહાત્મા ગાંધીજીએ આઝાદી વખતે દેશના યુવાનો સંસ્કૃતિ અને વિરાસતને બચાવીને સ્વાવલંબી બને તે માટે વર્ષ ૧૯૨૦માં ગુજરાત વિદ્યાપીઠની



સ્થાપના કરી હતી. ગુજરાતના યુવાઓ કૌશલ્ય વિકસાવીને દેશનું મજબૂત નેતૃત્વ કરી શકે તે માટે ગાંધીજીએ આત્મનિર્ભરતાનો વિચાર આપણને સૌને આપ્યો હતો. સ્વદેશીની પ્રબળ ભાવના સાથે દરેક વ્યક્તિને પોતાની વેશભૂષા, ભાષા અને સંસ્કૃતિના ગૌરવ સાથે જીવન જીવવું જોઈએ. અન્ય પર આધારિત રહ્યા વિના સ્વાવલંબી બનીને આત્મગૌરવ અને આત્મનિર્ભરતા સાથે આગળ વધવું જોઈએ.


**વિસ્ટાર અમર લિમિટેડ**

નોંધાયેલ ઓફિસ: સર્વે નં. 1943, મંગળકુંજ, રેલવે સ્ટેશન રોડ, ઓપ. બાલાશ્રમ, પોરબંદર, ગુજરાત, ભારત, 360575
ટેલિફોન: +91 97231 02201 ઈમેઇલ આઈડી: roc.shubhra@gmail.com
વેબસાઈટ: www.vistaramar.com CIN નં.: L05000GJ1983PLC149135

**30મી સપ્ટેમ્બર 2025 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને છ-માસિક ગાળા માટેના બિન-ઓડિટેડ નાણાકીય પરિણામોનું નિવેદન**

(રકમ લાખમાં)

| ક્ર. નં. | વિગતો | ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે | | | અડધું વર્ષ પૂરું થયું | | પાછલું હિસાબી વર્ષ સમાપ્ત 31 માર્ચ, 2025 |
|---|---|---|---|---|---|---|---|
| | | 30 સપ્ટેમ્બર, ૨૦૨૫ (અનઓડિટેડ) | 30 જૂન, ૨૦૨૫ (અનઓડિટેડ) | 30 સપ્ટેમ્બર, ૨૦૨૪ (અનઓડિટેડ) | 30 સપ્ટેમ્બર, ૨૦૨૫ (અનઓડિટેડ) | 30 સપ્ટેમ્બર, ૨૦૨૪ (અનઓડિટેડ) | (ઓડિટેડ) |
| 1 | કામગીરીમાંથી કુલ આવક | 1,133.91 | 2,733.22 | 347.97 | 3,867.13 | 1,489.37 | 2,710.85 |
| 2 | સમયગાળા માટે ચોખ્ખો નફો (કર પહેલાં, અપવાદરૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ) | (25.05) | 156.43 | 15.08 | 131.38 | 15.06 | (138.73) |
| 3 | કરવેરા પહેલાના સમયગાળા માટે ચોખ્ખો નફો (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી) | (25.05) | 156.43 | 15.08 | 131.38 | 15.06 | (138.73) |
| 4 | કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી) | (39.86) | 103.13 | 11.10 | 63.27 | 10.89 | (147.27) |
| 5 | સમયગાળા માટે કુલ વ્યાપક આવક [સમયગાળા માટે નફો/(નુકસાન) (કર પછી) અને અન્ય વ્યાપક આવક (કર પછી)નો સમાવેશ થાય છે] | (39.86) | 103.13 | 11.10 | 63.27 | 10.89 | (155.06) |
| 6 | ઈક્વિટી શેર મૂડી | 576.00 | 576.00 | 320.00 | 576.00 | 320.00 | 576.00 |
| 7 | પાછલા હિસાબી વર્ષના બેલેન્સ શીટ મુજબ પુન:મૂલ્યાંકન અનામત સિવાયના અનામત. | NA | NA | NA | NA | NA | NA |
| 8 | શેર દીઠ કમાણી (દરેક 10/- ના) બેઝિક અને ડાઈલ્યુટેડ | (0.69) | 1.79 | 0.35 | 1.10 | 0.34 | (2.70) |

**નોંધ:** ઉપરોક્ત 30 સપ્ટેમ્બર 2025 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધ વર્ષ માટે અનઓડિટેડ નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો અંશ છે જે SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) ના નિયમન 33 હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ફાઇલ કરવામાં આવ્યો હતો. પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જ વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ છે.

સ્થળ: પોરબંદર
તારીખ: 14-11-2025

બોર્ડના આદેશ દ્વારા
Sd/-
રાજેશકુમાર પંજરી - મેનેજિંગ ડિરેક્ટર
DIN: 00261895


## અમરેલી જિલ્લાના કૃષ્ણગઢ ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષ સ્થાને "પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ" યોજાયો

(એજન્સી) ગાંધીનગર તા.14

રાજયમાં પ્રાકૃતિક કૃષિની આહલેક જગાવી છેવાડાના વિસ્તારો સુધી ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ કરવાની પ્રેરણા આપવા રાજ્યપાલશ્રી આચાર્ય દેવ્રતજીએ મિશન મોડમાં પ્રયાસો હાથ ધર્યા છે. આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લાની બે દિવસીય મુલાકાતે પધારેલા રાજ્યપાલશ્રીના અધ્યક્ષ સ્થાને ગીરકાંઠાના સાવરકુંડલા તાલુકાના કૃષ્ણગઢ ગામે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગામના રહેવાસી વતનપ્રેમી ડૉ.સંજય મુજપરા પરિવારના રૂ. ૨૫ કરોડના અનુદાનથી વિકસિત થનાર આંતરમાળખાકીય સુવિધાઓનું ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન સંપન્ન થયું હતું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ન્યુઝ બ્રિફ

### ■ રાજકોટમાં કરોડનું સોનું ગુમાવ્યા બાદ સોની બજારમાં ચિંતા

રાજકોટ | વિશ્વભરમાં જાણીતી રાજકોટ ની સોની બજારના વેપારીઓ માટે હાલમાં એક મોટું વિશ્વાસનું સંકટ ઊભું થયું છે. છેલ્લા એક વર્ષમાં વેપારીઓનું કરોડો રૂપિયાનું સોનું લઈ બંગાળી કારીગરો ભાગી જવાની ઘટનાઓ હવે સામાન્ય બની ગઈ છે. એક અનુમાન મુજબ, છેલ્લા એક જ વર્ષમાં રાજકોટ બંગાળી કારીગરો દ્વારા વેપારીઓનું અંદાજે ૫૦ કરોડનું સોનું ઓળવી જવામાં આવ્યું છે. તાજેતરમાં જ વધુ બે વેપારીઓ સાથે છેતરપિંડી થઈ હોવાના કિસ્સા બહાર આવ્યા છે, જેમાં લેભાગુ કારીગરો રૂ. ૧.૭ કરોડનું સોનું લઈને ફરાર થઈ ગયા છે. આ ઘટનાઓ વેપારી આલમમાં ભારે ચિંતાનો વિષય બની છે. અગાઉ રાજકોટ માં એવા કિસ્સા બનતા હતા કે બંગાળી કારીગરો ૨૫ થી ૫૦ ગ્રામ જેટલું ઓછું સોનું લઈને ભાગી જતા હતા.

### ■ ધ્રાંગધ્રામાં મકાનમાં આગ લગાડવાના મામલે બે આરોપીની ધરપકડ

સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર જિલ્લામાં ગુનેગારો બેખૌફ ગુનાની ઘટનાઓને અંજામ આપી રહ્યા છે. ત્યારે અસામાજિક તત્ત્વોને પોલીસનો કોઈ ભય રહ્યો ન હોય તેમ જણાઈ રહ્યું છે. જિલ્લામાં હત્યા, ચોરી અને મારામારી તેમજ હુમલાની ઘટના છાસવારે સામે આવતી રહે છે. આવામાં સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા શહેરમાં મકાનમાં આગ લગાડવાની ઘટના સામે આવી હતી. આ મામલે પોલીસે બે આરોપીઓને ઝડપી લીધા છે. સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા શહેરમાં મકાનમા આગ લગાડવાના મામલે પોલીસ દ્વારા બે આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે. જે બાદ પોલીસે ઘટનાનું રિકન્ટ્રશન કરાવી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે મળેલી ફરિયાદના આધારે તપાસ કરતા આગ લગાડવામાં આવી હોવાનું સામે આવ્યું હતું.

### ■ આયર્લેન્ડના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને દંપતી સાથે ૨ લાખની છેતરપિંડી

વડોદરા | વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં રહેતા કેમિકલના વેપારી સત્યેન અનિલભાઈ ઢોમાસ અને તેમના પત્ની સાથે આયર્લેન્ડ વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને ૨ લાખ રૂપિયા ની છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું છે. આ મામલે વેપારીએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં વડોદરા વિઝા કૌભાંડ ની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી સત્યેન ઢોમાસે પોલીસને જણાવ્યું કે, વર્ષ ૨૦૨૧ માં તેઓ અને તેમના પત્ની આયર્લેન્ડ ખાતે વર્ક વિઝા પર જવા માટે તપાસ કરી રહ્યા હતા. તે દરમિયાન તેમણે સોશિયલ મીડિયા પર એક એડવાઈઝરી જોઈ, જેમાં માંજલપુર દીપ ચેમ્બર ખાતે આવેલી લક્ષ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી ની ઓફિસની વિગતો હતી અને તમામ પ્રકારના વિઝા કરી આપવાની જાહેરાત હતી. તારીખ ૨-૯-૨૦૨૧ ના રોજ દંપતી ઓફિસ પર ગયું હતું.

### ■ વડોદરા ગાંજા કેસમાં મોટી સફળતા: ૮ કિલો ગાંજો સુરતનો કેરિયર ઝડપાયો

વડોદરા | વડોદરા ગાંજા કેસ માં વડોદરા પોલીસે વધુ એક મોટી સફળતા હાંસલ કરી છે. શહેરના બસ ડેપો પરથી આશરે ૮ કિલો ગાંજો પકડવાના મામલે પોલીસે ગાંજો મંગાવનાર સુરતનો મુખ્ય કેરિયર ઝડપી પાડ્યો છે. ગઈ તા. ૮મી ઓક્ટોબરે સયાજીગંજ પોલીસ દ્વારા વડોદરા એસટી ડેપો ખાતે વોચ ગોઠવવામાં આવી હતી અને ઓરિસ્સાના શંકર સરધાન નામના ૨૧ વર્ષીય યુવકને ૮ કિલો ગાંજો સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. શંકર સરધાનની પૂછપરછમાં પોલીસને વિગતો મળી હતી કે તેને ખાનગી નોકરી કરતા હોવા છતાં ગાંજાની ડિલિવરી માટે સુબ્રતા નાગ મારફતે સારી એવી રકમની ઓફર કરવામાં આવી હતી અને તેને ગાંજો સુરત લઈ જવાનો હતો. આ વિગતો મળતા જ પોલીસ ગાંજો મંગાવનાર સુરતના મુખ્ય કેરિયરની શોધખોળ કરી રહી હતી. સયાજીગંજ પોલીસની ટીમે સુરતના મોસાલી ગામે સતત વોચ ગોઠવી હતી.

### ડ્રાઈવરને ઝોકું આવતા કાર પુલની રેલિંગ તોડી સીધી નદીમાં ખાબકી, ૩ મુંબઈના અને ૨ વડોદરાના વતની સામેલ

# પૂરપાટ ઝડપે જતી કાર ખીણમાં ખાબકી, વડોદરા પરત ફરી રહેલા 5 લોકોના મોત

(એજન્સી) રતલામ, મધ્યપ્રદેશ | તા. 14

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે અકસ્માત પર આજે એક અત્યંત કરુણ દુર્ઘટના સર્જાઈ છે. મધ્યપ્રદેશના રતલામ નજીક ભીમપુરા ગામ પાસે માહી નદી પરના પુલ પરથી એક કાર બેકાબૂ થઈને સીધી નદીમાં ખાબકી હતી. આ ભીષણ અકસ્માતમાં કારમાં સવાર તમામ પાંચેય લોકોના કરુણ મોત નીપજ્યા છે, જેમાં ગુજરાતના વડોદરા શહેરના બે યુવકોનો પણ સમાવેશ થાય છે.

પ્રાથમિક માહિતી અનુસાર, કારમાં સવાર તમામ મુસાફરો મુંબઈ તરફ જઈ રહ્યા હતા. વહેલી સવારે ભીમપુરા ગામ નજીક રતલામ માહી નદી ના પુલ પરથી પસાર થતી વખતે ડ્રાઈવરને અચાનક ઝોકું આવી ગયું હતું.





#### ઓળખ અને મૃતકોની વિગતો

ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર પુલની રેલિંગ તોડીને નદીમાં ખાબકી હતી. આ દુર્ઘટનાની ગંભીરતા એટલી હતી કે કારમાં સવાર ૫ ના મોત ઘટનાસ્થળે જ નીપજ્યા હતા.

મૃતકોમાં બે ગુજરાતીઓ સહિત પાંચ લોકોનો સમાવેશ થાય છે:

ગુજરાતી મૃતકો (વડોદરા): ખાલીસ ચૌધરી અને અબ્દુલ ગુલામ.

અન્ય મૃતકો (મુંબઈ): દુર્ગેશ પ્રસાદ (૩૫ વર્ષ, ડ્રાઈવર), દાનિશ ચૌધરી (૧૫ વર્ષ), અને ગુલામ રસૂલ (૭૦ વર્ષ).

#### પોલીસ દ્વારા રેસ્ક્યૂ અને તપાસ

અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો અને બચાવ ટુકડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. બચાવ કામગીરી હાથ ધરીને તમામ મૃતદેહોને નદીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ (પીએમ) માટે રતલામ મેડિકલ કોલેજ ખાતે મોકલી આપ્યા છે અને આ અંગે વધુ તપાસ હાથ ધરી છે. વહેલી સવારે બનેલી આ કરુણ ઘટનાને પગલે વડોદરા અને મુંબઈમાં મૃતકોના પરિવારજનોમાં ભારે શોકનો માહોલ છવાઈ ગયો છે.

### શ્રમિકોનો બચાવ: ત્રણેયને તાત્કાલિક બહાર કાઢી મીઠાપુર હોસ્પિટલે ખસેડાયા

## ઓખા કોસ્ટગાર્ડ જેટી નિર્માણકાર્યમાં મોટી દુર્ઘટના: પીલર તૂટતાં અફરા-તફરી

(એજન્સી) દ્વારકા | તા. 14

સંવેદનશીલ દરિયાઈ સરહદે આવેલા ઓખા બંદરે નિર્માણાધીન ઓખા કોસ્ટગાર્ડ જેટી પર આજે સવારે ગંભીર દુર્ઘટના સર્જાઈ છે. દોઢ વર્ષથી બની રહેલી આ જેટીનો એક વિશાળ પીલર ધડાકાભેર ધરાશાયી થઈ જતાં અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. આ ગંભીર દુર્ઘટના એક વર્ષના ટૂંકા ગાળામાં બીજી વખત બની છે. વિશાળ જેટીના તૂટેલા ભાગના સિમેન્ટ-કોંક્રિટના કાટમાળ સાથે ત્રણ શ્રમિકો પણ દરિયાના પાણીમાં ખાબક્યા હતા. સદનસીબે, ભારતીય નેવી અને મરીન પોલીસની ટીમે તુરંત જ બચાવ કામગીરી હાથ ધરી હતી અને ત્રણેય મજૂરોને સુરક્ષિત બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે મીઠાપુર હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. રાહતની વાત એ છે કે કોઈ જાનહાનિ થઈ નથી અને ત્રણેય શ્રમિકોને ગંભીર ઈજા પણ થઈ નહોતી.



#### સુરક્ષાની દ્રષ્ટિએ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટમાં ખામી?

ઓખા કોસ્ટગાર્ડ જેટી નું નિર્માણ સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત મહત્ત્વનું છે, કારણ કે ઓખા આંતરરાષ્ટ્રીય સરહદની નજીક આવેલું સંવેદનશીલ બંદર છે. અહીં ગુજરાત મેરીટાઇમ બોર્ડની જેટી પહેલેથી જ ઉપલબ્ધ છે, પરંતુ કોસ્ટગાર્ડ માટે અત્યાધુનિક જેટી બનાવવાની કામગીરી માર્ચ-૨૦૨૪ થી ચાલુ છે. હાલમાં કોન્ટ્રાક્ટર કંપની બી.એમ.એસ. દ્વારા પાઈલ ડ્રાઈવિંગ, કોન્ક્રીટીંગ અને સ્ટ્રક્ચરલ વર્ક જેવી કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી હતી. તે જ સમયે, આજે સવારે વિશાળ પીલર સાથે જેટીનો એક મોટો ભાગ અચાનક તૂટી પડ્યો હતો. જિલ્લા પોલીસવડાએ આ ઘટના અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, પીલર તૂટવાનું ચોક્કસ કારણ જાણવા માટે ઉચ્ચસ્તરીય તપાસ શરૂ કરવામાં આવશે. કોઈ જાનહાની થઈ નથી તે મોટી રાહતની વાત છે. પીલરના બાંધકામની ગુણવત્તામાં ખામી હતી કે અન્ય કોઈ કારણ જવાબદાર છે, તે તપાસના અંતે જ સ્પષ્ટ થઈ શકશે.

### રાજકોટ કાળજું કંપાવતી ઘટના

## માતાએ બે માસૂમ પુત્રીઓને મોતને ઘાટ ઉતારી, આપઘાત કર્યો

(એજન્સી) રાજકોટ | તા. 14

રાજકોટ કાળજું કંપાવતી ઘટના સામે આવી છે. નવાગામ (આણંદપર) વિસ્તારમાં એક પરિણીતાએ તેની બે માસૂમ પુત્રીઓને ગળેટૂંપો દઈ મોતને ઘાટ ઉતારી દીધા બાદ પોતે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં હાહાકાર મચી ગયો છે. કાળજું કંપાવનારી આ ત્રિપલ મૃત્યુની ઘટનાની જાણ થતાં જ ઝોન-૧ ના ડીસીપી, એસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ અને બી-ડિવિઝન પોલીસનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. જોકે, આ કરૂણ પગલા પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

નવાગામમાં આવેલી શક્તિ સોસાયટીની શેરી નંબર ૬ માં રહેતી ૨૮ વર્ષીય અસ્મિતાબેન જયેશભાઈ સોલંકીએ તેની ૮ વર્ષીય પુત્રી પ્રિયાંશી અને ૫ વર્ષીય પુત્રી હર્ષિતાને ગળેટૂંપો દઈ હત્યા નિપજાવી હતી. પુત્રીઓને મોતને ઘાટ ઉતાર્યા બાદ અસ્મિતાબેને મકાનના ઉપરના માળે આવેલા રૂમમાં ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. અસ્મિતાબેનના પતિ જયેશભાઈ અને સસરા ઘરે હાજર નહોતા, જેઓ રિક્ષા અને છકડો રિક્ષા ચલાવી ગુજરાન ચલાવે છે. મોડી રાત્રે જ્યારે પતિ ઘરે પરત ફર્યા, ત્યારે તેમને આ કરૂણ ઘટનાની જાણ થઈ હતી. તેમણે રૂમનો દરવાજો તોડી અંદર પ્રવેશ મેળવ્યો અને ત્રણેયના મૃતદેહોને નીચે ઉતાર્યા હતા, ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવી હતી.

## જિલ્લા સમાચાર

## ભાજપ માનીતા કોન્ટ્રાક્ટરની તરફેણ સુરત પાલિકાને 14 કરોડમાં પડી

(એજન્સી) સુરત | તા. 14



સુરત પાલિકા કોન્ટ્રાક્ટર વિવાદે શહેરીજનોના નાણાં પર મોટો બોજ નાખ્યો છે. સિદ્ધાર્થ નગર ફ્લાય ઓવર બ્રિજના નિર્માણની કામગીરીમાં નબળી અને ધીમી કામગીરી બદલ કોન્ટ્રાક્ટરને બ્લેક લિસ્ટ કરવાની દરખાસ્તને ભાજપ શાસકોના માનીતા કોન્ટ્રાક્ટર હોવાના કારણે મંજૂરી ન આપતા હવે સુરત પાલિકા ને અંદાજે ૧૪ કરોડનું નુકસાન સહન કરવું પડશે. જૂન ૨૦૨૨ માં સિદ્ધાર્થ નગર ફ્લાય ઓવર બ્રિજના કોન્ટ્રાક્ટર 'અજય પ્રોટેક્ટ' ની નબળી અને ધીમી કામગીરી બદલ એજન્સીને બ્લેક લિસ્ટ કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. જોકે, ભાજપ શાસકો દ્વારા આ કોન્ટ્રાક્ટરની તરફેણ કરીને તેને બ્લેક લિસ્ટ કરવાના બદલે કામ પૂર્ણ કરવા માટે વધુ સમય મર્યાદા ફાળવવામાં આવી હતી.

વધારે સમય આપ્યા બાદ પણ કામગીરીમાં કોઈ સુધારો ન થતા આખરે ડિસેમ્બર ૨૦૨૪ માં એજન્સીને બ્લેક લિસ્ટ કરી દેવામાં આવી હતી. ત્યારબાદ બ્રિજની અધૂરી કામગીરી પૂર્ણ કરવા માટે નવેસરથી ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. ચોંકાવનારી વાત એ છે કે નવા અંદાજો પ્રમાણે, આ અધૂરી કામગીરી માટેના ટેન્ડરો અપેક્ષા કરતા ઘણા ઊંચા ભાવે આવ્યા છે.

## કોર્ટના આદેશ છતાં ૧૫ વર્ષથી કોન્ટ્રાક્ટ કર્મચારીઓને કાયમી ન કરાતા આર્થિક ભીંસ

(એજન્સી) વડોદરા | તા. 14

વડોદરા ફાયર બ્રિગેડ ના આશરે ૧૯ કોન્ટ્રાક્ટ કર્મચારીઓ નું ભવિષ્ય અનિશ્ચિતતામાં મુકાઈ ગયું છે. છેલ્લા ૧૫ વર્ષ કે તેથી વધુ સમયથી નિષ્ઠાપૂર્વક સેવા આપવા છતાં આ કર્મચારીઓને કાયમી કરવાનો નિર્ણય ઘોંચમાં પડ્યો છે, જેના કારણે તેઓ આર્થિક ભીંસ અનુભવી રહ્યા છે. આ જવાનોએ તેમની સેવાની સ્થિરતા માટે લેબર કોર્ટમાં દાદ માગી હતી, અને કોર્ટે તેમની તરફેણમાં કાયમી કરવા માટેનો હુકમ પણ કર્યો હતો. તેમ છતાં, પાલિકા દ્વારા આ કોર્ટના આદેશનો અમલ કરવામાં આવી રહ્યો નથી.

#### મોંઘવારીમાં ૧૫ હજારનો પગાર અપૂરતો

ફાયર બ્રિગેડના આ કર્મચારીઓને હાલમાં માંડ રૂ. ૧૫ હજાર જેટલો ઓછો માસિક પગાર મળે છે. મોંઘવારીના આ સમયમાં ચારથી છ સભ્યોના પરિવારનું ગુજરાન આટલી ઓછી રકમમાં પોષવું ખૂબ જ મુશ્કેલ બની ગયું છે.

કર્મચારીઓએ પોતાની વ્યથા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ખાસ કરીને બાળકોની શાળાની ફી ભરવાના સમયે તેમને સૌથી વધુ આર્થિક તકલીફનો સામનો કરવો પડે છે. ૧૫ વર્ષના કોન્ટ્રાક્ટ પર સેવા આપી હોવા છતાં કાયમી ન થવું અને ઓછો પગાર મળવો, તે તેમના જીવન પર ગંભીર અસર કરી રહ્યો છે. આ મુદ્દે વડોદરા ફાયર બ્રિગેડ ના જવાનો દ્વારા વારંવાર ઉપરી અધિકારીઓ તેમજ ચૂંટાયેલા પદાધિકારીઓ સમક્ષ રજૂઆતો કરવામાં આવી છે.

## વરણામા ગામે 10 ફૂટના મહાકાય મગરનું સફળ રેસ્ક્યૂ

(એજન્સી) વડોદરા | તા. 14



વડોદરા અને તેની આસપાસના રહેણાંક વિસ્તારોમાં મગર આવી જવાના બનાવોનો સિલસિલો સતત ચાલુ રહ્યો છે. ગઈ રાત્રે આવા જ એક બનાવમાં વરણામા ગામ માંથી એક મહાકાય મગર મળી આવ્યો હતો, જે ગામના મંદિર સુધી આવી ગયો હતો. ભારે જહેમત બાદ વન વિભાગ અને જીવદયા કાર્યકરોની ટીમે આ મગરનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. વડોદરા નજીક આવેલા વરણામા ગામ ના રહેણાંક વિસ્તારમાં અચાનક મહાકાય મગરને જોઈને લોકોમાં ભારે ભય અને અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. ગ્રામજનોએ તાત્કાલિક જીવદયા કાર્યકરો અને ફોરેસ્ટ વિભાગને આ અંગે જાણ કરી હતી. ફોરેસ્ટની ટીમ અને જીવદયા કાર્યકરોની ટીમ વરણામા ગામ પહોંચી ગઈ હતી. આ મહાકાય મગર આશરે ૧૦ ફૂટનો મગર હતો અને તેનું વજન ૧૫૦ કિલોથી પણ વધુ હોવાનું અનુમાન છે.

## વડોદરા ચોરી ગેંગ જબ્બે: 18 દિવસમાં 4 ગુના આચરનાર 4 વ્યક્તિ ઝડપાયા

(એજન્સી) વડોદરા | તા. 14

વડોદરા શહેરમાં વાહનોની ઉઠાંતરી, ઘરફોડ અને અછોડા તોડતી ગેંગ નો આતંક મચાવનાર ચાર સાગરીતોને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આ ગેંગે માત્ર ૧૮ દિવસમાં ૪ ગુના આચર્યા હોવાની વિગતો બહાર આવી છે. શહેરમાં વધી રહેલા ગુનાઓની તપાસ માટે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારોના સીસીટીવી ફૂટેજ અને મોબાઈલ સર્વેલન્સના આધારે સઘન તપાસ કરવામાં આવી રહી હતી. પીઆઈ આર.જી. જાડેજાની ટીમે પાણીગેટ ગૌરવ સોસાયટી પાસેથી ચાર આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી ફતેગંજમાંથી ચોરેલી મોટર સાઈકલ સહિત કુલ ૩ બાઈક, ચાંદીના ૧૫ સિક્કા અને રોકડા રૂ. ૧૦ હજાર જેવી મત્તા કબજે કરી હતી. ટોળકીએ દંતેશ્વરમાં અછોડો તોડવા નો, તથા સમા અને પ્રતાપનગર રેલવે કોલોનીમાં મકાનોમાં ચોરી કર્યાની વિગતો કબૂલી છે. પકડાયેલા સાગરીતો સામે અગાઉ પણ ચોરી સહિતના ગુના નોંધાયેલા છે. જોકે, ટોળકીનો મુખ્ય સાગરીત મનાતા અજય દર્શનસિંગ દુધાણીને વોન્ટેડ જાહેર કરાયો છે. વડોદરા ચોરી ગેંગ ની પૂછપરછ દરમિયાન ચોરીનું સોનું સસ્તામાં ખરીદનાર વ્યક્તિનું નામ પણ ખૂલ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચે માંડવીના પીએસ જ્વેલર્સ ના સંજય સોનીનું નામ સામે આવતા તેની અટકાયત કરી હતી. સંજય સોની સામે અગાઉ પણ ગુના નોંધાયા હોવાની પ્રાથમિક વિગતો મળતા, ક્રાઈમ બ્રાન્ચે તેને આગળની કાર્યવાહી માટે સમા પોલીસને સોંપ્યો છે.

### અરુણ જાટ (સોનીપત) સહિત દારૂ મોકલનાર અને મંગાવનાર વોન્ટેડ જાહેર

## દારૂની હેરાફેરી માટે યુવતીઓનો ઉપયોગ: સાત લાખના દારૂ સાથે ૨ યુવતી અને યુવક પકડાયા

(એજન્સી) વડોદરા | તા. 14

વડોદરા માં દારૂની હેરાફેરીનું એક નવું મોડસ ઓપરેન્ડી (કાર્યપ્રણાલી) સામે આવ્યું છે, જેમાં પોલીસની આંખમાં ધૂળ નાંખવા માટે યુવતીઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. નંદેસરી બ્રિજ પાસે પોલીસે એક કારને રોકીને તપાસ કરતા કારમાંથી ૭ લાખનો દારૂ જપ્ત થયો હતો અને બે યુવતીઓ સહિત એક યુવકની ધરપકડ કરવામાં આવી હતી.

નંદેસરી પોલીસની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન નંદેસરી બ્રિજ પાસે એક શંકાસ્પદ કારને રોકવામાં આવી હતી. પોલીસે જોયું કે કારમાં એક યુવતી બાળક લઈને બેઠી હતી, જ્યારે તેની સાથે અન્ય એક યુવતી પણ હતી. પોલીસે કારમાં સવાર ત્રણ વ્યક્તિઓને નીચે ઉતારી તપાસ કરતા કારમાંથી રૂ. ૭.૨૬ લાખની કિંમતની વિદેશી દારૂની કુલ ૨૬૪૦ બોટલ મળી આવી હતી.



#### મુખ્ય આરોપીઓ વોન્ટેડ

વડોદરા દારૂની હેરાફેરી ના આ કેસમાં પોલીસે દારૂ મોકલનાર સોનીપતનો અરુણ જાટ, તેમજ દારૂ મંગાવનાર વ્યક્તિ અને કારના માલિકને વોન્ટેડ જાહેર કર્યા છે. બાળક સાથે યુવતીઓને આગળ બેસાડીને પોલીસને સામાન્ય મુસાફરોની કાર હોવાનું દર્શાવવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. નંદેસરી પોલીસે હવે ફરાર મુખ્ય આરોપીઓને ઝડપી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

## માતાએ નવજાત શિશુનો મૃતદેહ કચરાના ઢગલામાં ત્યજી દીધો

(એજન્સી) ગોંડલ | તા. 14



ગોંડલ શહેરમાં માનવતાને શર્મસાર કરતી અને હૃદય કંપાવનારી ઘટના સામે આવી છે. શહેરના સ્મશાન રોડ પર આવેલા પુલના ખૂણામાં કચરાના ઢગલામાંથી એક નવજાત શિશુનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ઘોર કળિયુગનું ઉદાહરણ પૂરું પાડતી અરેરાટી વ્યાપી ગઈ છે. બુધવારે કચરો વીણતા એક યુવાનની નજર કચરાના ઢગલામાં પડેલી એક પ્લાસ્ટિકની થેલી પર પડી હતી. શંકા જતાં તેણે જ્યારે થેલી ખોલીને જોયું, તો તેમાં એક નવજાત શિશુનો મૃતદેહ હતો. આ કરુણ દ્રશ્ય જોઈને યુવાન સ્તબ્ધ થઈ ગયો હતો અને તેણે તાત્કાલિક આસપાસના લોકોને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલા શિશુના મૃતદેહનો કબજો લીધો હતો.


### વડોદરા અનક્લેમ્ડ ડિપોઝિટ

### દાવા વગરની થાપણો RBI ના 'DEA ફંડ' માં ટ્રાન્સફર

## 5 લાખ ગ્રાહકોના વર્ષોથી વિવિધ બેન્કોમાં પડી રહેલા 250 કરોડ

(એજન્સી) વડોદરા | તા. 14

વડોદરા શહેર અને જિલ્લાની વિવિધ બેન્કોમાં છેલ્લા ૧૦ વર્ષ કે તેથી વધુ સમયથી કોઈ દાવેદાર ન હોય તેવી અનક્લેમ્ડ ડિપોઝિટોનો આંકડો ચોંકાવનારો છે. એક અંદાજ મુજબ, સહકારી, નેશનલાઈઝડ અને ખાનગી બેન્કોમાં આ અનક્લેમ્ડ રકમનો આંક રૂા.૨૫૦ કરોડથી પણ વધારે છે.




આ રકમ વર્ષો સુધી ખાતા ઓપરેટ ન થવાથી બેન્કો દ્વારા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) ના ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ (DEA) ફંડમાં જમા કરાવી દેવામાં આવી છે. એવો અંદાજ છે કે, આ વડોદરા અનક્લેમ્ડ ડિપોઝિટ ના આંકડામાં ૫ લાખ ગ્રાહકો ના ખાતા સંડોવાયેલા છે, જેમણે રકમ ભૂલી ગયા હોય અથવા કોઈ કારણસર પરત લીધી ન હોય.

બેન્કોના નિયમ મુજબ, નિશ્ચિત મહિનાઓ સુધી જો એકાઉન્ટ ઓપરેટ ન થાય તો તે 'ડોરમેટ' થઈ જાય છે, જેને કેવાયસી (KYC) સહિતની પ્રક્રિયા દ્વારા ફરીથી ઓપરેટ કરાવી શકાય છે. જોકે, ૧૦ વર્ષ કે તેના કરતા વધારે સમય સુધી ખાતામાં કોઈ લેવડદેવડ ન થાય તો તે રકમ બેન્કમાંથી સીધી રિઝર્વ બેન્કના ખાસ 'DEA ફંડ' માં ટ્રાન્સફર થઈ જાય છે.

વડોદરા શહેર અને જિલ્લાની આશરે ૪૩ બેન્કોમાં વ્યક્તિગત ખાતેદારો ઉપરાંત સંસ્થાઓ અને મંદિરના પૂજારીના નામે રહેલી ડિપોઝિટો પણ વર્ષોથી જમા છે, જેમાં કેટલીક સરકારી ડિપોઝિટોનો પણ સમાવેશ થાય છે.

આ કરોડોની રકમ સાચા ખાતેદારો અથવા તેમના વારસદારોને પરત મળી શકે તે માટે રિઝર્વ બેન્ક દ્વારા દરેક જિલ્લાઓમાં જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વડોદરા માં પણ આવતીકાલે પંડિત દીનદયાલ ઉપાધ્યાય નગરગૃહ ખાતે આ અંગેનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. મહત્વનું છે કે, માત્ર બેન્કો જ નહીં, પરંતુ એલઆઈસી (LIC) તેમજ પ્રોવિડન્ટ ફંડ (PF) એકાઉન્ટોમાં પણ ગ્રાહકોની મોટી રકમ અનક્લેમ્ડ પડેલી છે. PF એકાઉન્ટોમાંના કડક નિયમોને કારણે વર્ષોથી પડેલી રકમ પરત મેળવવામાં કર્મચારીઓને મુશ્કેલી પડતી હોવાની ફરિયાદો પણ ઉઠી રહી છે.

## વડોદરા હોટલ ચેકિંગ: દિલ્હી બ્લાસ્ટને પગલે સઘન તપાસ

(એજન્સી) વડોદરા | તા. 14

દિલ્હીમાં બ્લાસ્ટની ઘટના બન્યા બાદ સમગ્ર દેશમાં સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી છે. તેના ભાગરૂપે વડોદરા માં પણ આતંકી પ્રવૃત્તિને અનુલક્ષીને શહેરની હોટલ, લોજ સહિતના તમામ સ્થળોએ રોકાતા પ્રવાસીઓની માહિતી પોલીસને આપવી ફરજિયાત બનાવવામાં આવી છે. આ નિયમોનું ઉલ્લંઘન કરનારા એક હોટલ સંચાલકની પોલીસે ધરપકડ કરી છે.

શહેર પોલીસ કમિશનર દ્વારા એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, જેમાં દરેક હોટલ અને લોજે પથિક સોફ્ટવેર માં પોતાની નોંધણી કરાવી તેમાં રોકાતા દરેક પ્રવાસીની માહિતી ફરજિયાતપણે અપલોડ કરવાની સૂચના આપવામાં આવી છે. આ જાહેરનામા ભંગ કરનારા સામે કાર્યવાહી કરવામાં આવતી હોય છે. દિલ્હી બ્લાસ્ટના બનાવ બાદ પોલીસે શહેરની હોટલ-લોજમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**
વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ.

**વૃષભ : બ. વ. ઉ.**
હ્રદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હ્રદય પર બિનજરૂરી દબાણ વધારશે. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે.

**મિથુન : ક. છ. ઘ.**
દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું.

**કર્ક : ડ. હ.**
તમારૂ મગજ સારી બાબતોને સ્વીકારશે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે.

**સિંહ : મ. ટ.**
આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. બાળકોનું ઘરકામ પૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય. સાંજ માટે કશું ખાસ આયોજન કરો અને તેને થઈ શકે એટલું રૉમેન્ટિક બનાવવાનો પ્રયાસ કરો.

**કન્યા : પ. ઠ. ણ.**
શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે.

**તુલા : ર. ત.**
અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**વૃશ્ચિક : ન. ય.**
નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**
આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો- અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તાણભર્યો સમય પ્રવર્તશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે.

**મકર : ખ. જ.**
કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે. મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**
દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. જીવનસાથી તમને ધૂમ્રપાનની લત છોડવા પ્રેરણા આપશે.

**મીન : દ. ચ. ઝ. થ.**
ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. પારિવારિક ચિંતાઓને તમારૂ ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે. પોતાના પર દયા ખાવામાં સમય વેડફવા કરતાં જીવનનો પાઠ શીખવાનો પ્રયાસ કરો.

---

**BMC આગામી દિવસોમાં સર્વે હાથ ધરશે**

## આવાસનો ફ્લેટ કોઈને ભાડે આપ્યો તો કાર્યવાહી કરવામાં આવશે...




**7 વર્ષ સુધી કોઈ વ્યક્તિને વેચાણ કે ભાડે આપી શકે નહીં**

ભાવનગર | ભાવનગર શહેરના તરસમિયા,રૂવા તથા ફૂલસર ખાતે મહાનગરપાલિકાની માલિકીની જગ્યાઓમાં પ્રધાનમંત્રી તથા મુખ્યમંત્રી આવાસ યોજના બનાવવામાં આવ્યા છે. આ આવાસ યોજનામાં મૂળ લાભાર્થી સિવાય કોઈ અન્ય પરિવાર રહેતો માલુમ પડશે તો લાભાર્થી સામે દંડનિય પગલાં લેવાની ચેતવણી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવી છે.

શહેરી હદ વિસ્તાર હેઠળ રહેતા અને ગરીબી તથા મધ્યમ વર્ગીય પરિવારોને ઘરના ઘરનો આશરો મળી રહે તે માટે વડાપ્રધાન અને મુખ્યમંત્રી આવાસ યોજનાના ફ્લેટોનું નિર્માણ કરવામાં આવ્યું છે. સરકારી માલિકીની પડતર જગ્યાઓમાં આવા આવાસ યોજનાઓ બનાવવામાં આવ્યા છે. જેનો મૂળ ઉદ્દેશ્ય ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને પોતાનું ઘરનું ઘર મળી રહે તેવા હેતુસર આ યોજના લાગુ કરવામાં આવી છે. ત્યારે ભાવનગર શહેરના રુવા તરસમિયા અને ફુલસર ખાતે આવાસ યોજનાના સદનોનું નિર્માણ કરવામાં આવ્યું છે અને અત્યાર સુધીમાં સેંકડો પરિવારોને ફ્લેટની ફાળવણી કરવામાં આવી છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી મૂળ લાભાર્થીઓ પોતાના ફ્લેટને તેમના સગા સંબંધીઓ કે અન્ય લોકોને ભાડે આપતા હોય છે. આ યોજનાની ગાઈડલાઈન મુજબ લાભાર્થી ફ્લેટ મેળવ્યા બાદ 7 વર્ષ સુધી કોઈ વ્યક્તિને વેચાણ કે ભાડે આપી શકે નહીં.

આ યોજનાની ગાઈડલાઈન મુજબ લાભાર્થી ફ્લેટ મેળવ્યા બાદ 7 વર્ષ સુધી કોઈ વ્યક્તિને વેચાણ કે ભાડે આપી શકે નહીં આથી આગામી દિવસોમાં મહાનગરપાલિકા દ્વારા તમામ આવાસ યોજનામાં રહેતા પરિવારોનો સર્વે હાથ ધરવામાં આવશે. આ સર્વે દરમિયાન મૂળ લાભાર્થી સિવાય અન્ય વ્યક્તિ રહેતા હોવાનું જાણમાં આવશે તો લાભાર્થી સામે દંડાત્મક અને શિક્ષાત્મક પગલાં સહિત તેમને ફાળવેલા ફ્લેટ સીલ કરવા સુધીની કામગીરી સહિત એ સમકક્ષના પગલાં લેવામાં આવશે. તેવું ભાવનગર મહાનગરપાલિકા દ્વારા લાભાર્થીઓને સંબોધીને જણાવવામાં આવ્યું છે.

શહેરી હદ વિસ્તાર હેઠળ રહેતા અને ગરીબી તથા મધ્યમ વર્ગીય પરિવારોને ઘરના ઘરનો આશરો મળી રહે તે માટે વડાપ્રધાન અને મુખ્યમંત્રી આવાસ યોજનાના ફ્લેટોનું નિર્માણ કરવામાં આવ્યું છે. સરકારી માલિકીની પડતર જગ્યાઓમાં આવા આવાસ યોજનાઓ બનાવવામાં આવ્યા છે.

---

## કાલાવડ સોલાર પ્લાન્ટમાં કેબલ ચોરી કરનાર 6 આરોપી ઝડપાયા

(એજન્સી) જામનગર | તા.14

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ટોડા ગામમાંથી તાજેતરમાં થયેલી કેબલ ચોરીનો ભેદ ઉકેલાઈ ગયો છે. પોલીસે તસ્કર ગેંગના છ સભ્યોની ધરપકડ કરી છે. આ આરોપીઓએ મોરબી જિલ્લાના મીતાણામાંથી પણ ચોરી કર્યાની કબૂલાત આપી છે.

કાલાવડ તાલુકાના ટોડા ગામની સીમમાં આવેલ ખાનગી કંપનીના સોલાર પ્લાન્ટમાંથી કેબલની ચોરી થઈ હતી. આ અંગે કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદના આધારે, કાલાવડ ગ્રામ્ય પોલીસની ટીમે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. તપાસના અંતે, કેબલ ચોરી કરનાર ગેંગના છ સભ્યોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં ઉમેશ માધુભાઈ સોલંકી (કુવાડવા રોડ, રાજકોટ), રવિ ઈશ્વરભાઈ ધધાણીયા (પ્રદ્યુમનનગર, રાજકોટ), આલીશા જુસબશા શેખ (અંજાર, કચ્છ), રહીમશા જુસબશા શેખ (અંજાર, કચ્છ), બિલાલ ઉર્ફે મોસીન હિંગોરજા અને બુધનશા ઉર્ફે બાવલો મામદશા ફકીરનો સમાવેશ થાય છે. પોલીસે તેમની પાસેથી વાયર કટીંગ કરવાના કટર સહિતના હથિયારો કબજે કર્યા છે. આ આરોપીઓએ મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના મીતાણા ગામમાં આવેલી પવનચક્કીમાંથી પણ કેબલની ચોરી કરી હોવાની કબૂલાત આપી છે. તમામ આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ છે અને તેઓ અગાઉ પણ અલગ-અલગ ચોરીના ગુનાઓમાં પકડાઈ ચૂક્યા છે. કાલાવડ ગ્રામ્ય પોલીસ તેમની વધુ પૂછપરછ ચલાવી રહી છે.

---

## આયોજન: જામનગરમાં ઘર ઘર સ્વદેશીના સૂત્ર સાથે યોજાશે એકતા પદયાત્રા...

જામનગર | જામનગરમાં સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે જામનગર શહેરના બન્ને વિધાનસભા મત વિસ્તારમાં હર ઘર સ્વદેશીના સૂત્ર સાથે આત્મનિર્ભર ભારતની દિશામાં અને વિકસિત ભારત 2047ની પરીકલ્પનાને સાકર કરવાના સંકલ્પ સાથે યુનિટી માર્ચ-પદયાત્રાનું આયોજન કરાયું છે. આ પદયાત્રા તા.14 અને 16ના રોજ યોજવામાં આવશે.

શહેરની 79-વિધાનસભા વિસ્તારમાં આ એકતા યાત્રા તા.14ને શુક્રવારના રોજ સાંજે 4 વાગ્યે રણજીતનગર પટેલ સમાજ પાસે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસેથી શરૂ થશે. જે બાદ નવાનગર સિક્કાના સર્કલ રોડ (58-દિગ્વિજય પ્લોટ) પ્લોટ પોલીસ ચોકી, પવનચક્કી, એમ. જે.પાર્ક સોસાયટી રોડ, ખંભાળિયા ગેઈટ, હવાઈ ચોક, સેન્ટ્રલ બેંક, બર્ધન ચોક, દરબારગઢ, શાક માર્કેટ, સજુબા સ્કુલ, બેડી ગેઈટ થઈને પંચેશ્વર ટાવર ખાતે પુર્ણ કરવામાં આવશે. 78-વિધાનસભા મત વિસ્તારમાં તા.16ના સવારે 8:30 વાગ્યે શહેરના ગાંધીનગર મેઈન રોડ પર આવેલ ન્યુ કોર્ટ ખાતેથી પ્રારંભ થશે.

## ધ્રાંગધ્રામાં દારૂનો જથ્થો ઝડપાયો, બે સામે ગુનો

ધ્રાંગધ્રા | ધ્રાંગધ્રા સિટી પોલીસે જૂના મોચીવાડ વિસ્તારમાંથી દેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી એક આરોપીની ધરપકડ કરી છે.

પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે તેમને રેલ્વેના પાટા નજીક ખુલ્લેઆમ દેશી દારૂનું વેચાણ થતું હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે સર્વેલ્યન્સ સ્ટાફના ધીરુભા પરમાર, પ્રતિપલસિંહ ઝાલા અને સંજયભાઈ મુંધવા સહિતનાઓએ દરોડો પાડ્યો હતો.

## જામનગરમાં 2 સંતાનના પિતાએ પરપ્રાંતીય યુવતી સાથે દુષ્કર્મ આચર્યું

જામનગર | જામનગર શહેરના બે સંતોનાના પિતા નામના શખસે દોઢ વર્ષ પહેલા જીવનસાથી શોધી આપતી એક સાઈટના માધ્યમથી સંપર્કમાં આવેલી મહારાષ્ટ્રની પરિણિતાને નિકાહની લાલચ આપીને જામનગર બોલાવી ભાડાના મકાનમાં રાખીને દુષ્કર્મ આચર્યાની પોલીસ ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. મહારાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક યુવતીના લગ્ન થયા હોય અને પતિ સાથે છુટાછેડાની વાતચીત ચાલતી હતી. આ દરમિયાન એક જીવનસાથી શોધી આપતી એક સાઈટના માધ્યમથી જામનગરના ફિરોજ આમદભાઈ મેડા નામના શખસના પરિચયમાં આવી હતી. જે બાદ ફોન પર વાતચીત થતાં ફિરોજે તેણીને નિકાહની લાલચ આપી હતી અને તેણી એક પુત્રી સાથે જામનગર આવી હતી. તેણીને શહેરના ખોડીયાર કોલોની વિસ્તારમાં એક ભાડાના મકાનમાં જુન-જુલાઈ 2025માં રાખવામાં આવી હતી. તેણી સાથે નિકાહ કર્યા વગર દુષ્કર્મ આચરતો હતો. ફિરોજના પ્રથમથી જ નિકાહ થઈ ગયા હોય અને બે સંતાનો હોવાથી તે તેણી સાથે નિકાહ કરતો ન હતો. જેથી યુવતીએ પોલીસમાં ફિરોજ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.

---

**મહેસાણાની ખોડિયાર નગર સોસાયટીમાં ચોરી...**

## વલસાડ રહેતા દીકરાઓને મળવા ગયુંને તસ્કરો 7 લાખના દાગીના ચોરી ફરાર



મહેસાણા | શિયાળાની શરૂઆત થતાની સાથેજ મહેસાણા શહેરમાં તસ્કરો સક્રિય બન્યા છે. શહેરમાં પસાભાઈ પેટ્રોલ પમ્પ પાસે આવેલી સોસાયટીમાં રહેતું દંપતી વલસાડ ખાતે રહેતા પુત્રોને મળવા ગયા એ દરમિયાન અજાણ્યા તસ્કરો મકાનના તાળા તોડી ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના મળી કુલ 6.50 લાખના મત્તાની ચોરી કરી ફરાર થયા હતા. મકાન માલિક ઘરે આવતા તેઓને ચોરી અંગેની જાણ થતાં તેઓએ મહેસાણા શહેર બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

મહેસાણા શહેરમાં પસાભાઈ પેટ્રોલપંપ પાસે આવેલ ખોડિયાર નગર સોસાયટીમાં મકાન નંબર 11માં રહેતા રમણભાઈ વાઘરીએ મહેસાણા સહેર બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે, તેઓના દીકરા વલસાડ ખાતે રહેતા હોવાથી તેઓ પોતાની પત્ની સાથે 9 નવેમ્બરના રોજ વલસાડ મળવા ગયા હતા અને 12 નવેમ્બરના રોજ ઘરે પરત આવ્યા હતા.

આ દરમિયાન ઘરના દરવાજાના તાળા તૂટેલા જોતા તેઓ ચોંકી ઉઠ્યા હતા. ઘરમાં તપાસ કરતા બેડરૂમમાં આવેલ તિજોરી અને કબાટ તૂટેલ હાલાતમાં હતા. તેમજ બધો સામાન પણ અસ્તવ્યસ્ત પડેલો જોવા મળ્યો હતો.

તસ્કરો તિજોરીના લોકરમાં મુકેલ 3 નંગ સોનાની ચેન કિંમત 3 લાખ 50 હજાર, સોનાનું કડું કિંમત 2 લાખ 30 હજાર, સોનાની બુટ્ટી કિંમત 70 હજાર મળી તસ્કરો કુલ 6 લાખ 50 હજાર કિંમતના દાગીના ચોરી ફરાર થઇ ગયા હતા. સમગ્ર ચોરીની ઘટના અંગે તેઓએ મહેસાણા શહેર બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

---

**ગીર ગઢડામાં 'સિંહરાજ': રહેણાક વિસ્તારોમાં સિંહોના આંટાફેરાથી પેટ્રોલિંગ વધારવા માગ**

## એક-બે નહીં, પૂરા 11 સિંહનું શાહી જૂથ જોવા મળ્યું

(એજન્સી) જુનાગઢ | તા.13

ઉના | ગીરનું જંગલ હવે જાણે સિંહો માટે નાનું પડી રહ્યું હોય એમ એશિયાટિક સિંહો હવે માનવ વસાહતની વધુ નજીક આવી રહ્યા છે. ગીર ગઢડા શહેર જાણે સિંહોનું બીજું ઘર બની ગયું હોય એવાં દૃશ્યો રોજબરોજ સામે આવી રહ્યાં છે. ગત (13 નવેમ્બર) રાત્રે શહેરના ધમધમતા એસટી બસ સ્ટેન્ડ નજીક આવેલા ઘનશ્યામનગર વિસ્તારમાં એક-બે નહીં, પરંતુ 11 સિંહનું આખું જૂથ લટાર મારવા નીકળતાં લોકો રોમાંચિત થઈ ઊઠ્યા હતા.

આ અદ્ભુત ઘટના ગઈરાત્રે લગભગ 10થી 11 વાગ્યાની આસપાસ બની હતી. ગીર ગઢડાના ઘનશ્યામનગરમાં સિંહણ અને સિંહબાળ સહિત 11 સિંહનું ટોળું બિનધાસ્તપણે ફરી રહ્યું હતું. આ દુર્લભ અને રોમાંચક દૃશ્યો ત્યાંના સ્થાનિક સિંહપ્રેમી અતુલ ડાભીએ હિંમતભેર પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધાં હતાં. આ વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.

ગીર ગઢડા અને એના મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારો ગીર જંગલને અડીને આવેલા છે, જેના કારણે આ વિસ્તાર સિંહોની અવરજવર માટે જાણીતો બન્યો છે. છેલ્લા બે દિવસથી ગીર ગઢડાના અલગ-અલગ સોસાયટી વિસ્તારો સિંહોની હાજરીથી ધમધમી રહ્યા છે:

### 11 સિંહના જૂથની પુષ્ટિ કરી

વન્યજીવ નિષ્ણાતોના મતે, સિંહોને જંગલની અંદર શિકાર કરવા કરતાં ગ્રામ્ય કે શહેરી વિસ્તારોમાં પશુઓનો શિકાર સરળતાથી મળી રહે છે, આ જ કારણે તેઓ માનવ વસાહત તરફ આકર્ષાય છે.

વન વિભાગનાં સૂત્રોએ પણ ગીર ગઢડામાં 11 સિંહના જૂથની હાજરીની પુષ્ટિ કરી છે. જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક ઘનશ્યામનગર વિસ્તારમાં પહોંચી હતી, પરંતુ ત્યાં સુધીમાં સિંહોનું આ શાહી જૂથ ત્યાંથી આગળ નીકળી ગયું હતું.

---

**અકાળા ગામની સીમમાંથી ₹53,600 રોકડ સહિત ₹1.13 લાખનો મુદ્દામાલ જપ્ત**

## ચોટીલામાં જુગારધામ પર દરોડો, સાત ઝડપાયા

(એજન્સી) સુરેન્દ્રનગર | તા.14

ચોટીલા તાલુકાના અકાળા ગામની સીમમાં ચાલતા જુગારધામ પર પોલીસે દરોડો પાડી સાત જુગારીઓને ઝડપી પાડ્યા છે. એલ.સી.બી. ટીમે આ કાર્યવાહીમાં રોકડા રૂપિયા 53,600 સહિત કુલ રૂપિયા 1,13,600નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે ચોટીલા પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂ (IPS)ની સૂચનાથી જિલ્લામાં દારૂ-જુગાર જેવી બદીઓ નાબૂદ કરવા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે. જાડેજા અને ઇન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન.એ. રાયમાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમોએ પેટ્રોલીંગ હાથ ધર્યું હતું.

આ દરમિયાન એલ.સી.બી. ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ચોટીલા પોલીસ સ્ટેશન વિસ્તારના



અકાળા ગામની 'ખારા' તરીકે ઓળખાતી સીમમાં કેટલાક ઈસમો ગંજીપાના વડે પૈસાની હારજીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા સાત ઈસમોને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા 53,600, ચાર મોબાઈલ ફોન (કિંમત રૂપિયા 20,000), બે મોટરસાયકલ (કિંમત રૂપિયા 40,000) અને ગંજીપાના સહિત કુલ રૂપિયા 1,13,600નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઝડપાયેલા આરોપીઓમાં સંજયભાઈ ગોરધનભાઈ મેટાળીયા, ઉમેશભાઈ સુરેશભાઈ મેટાળીયા, મહેશભાઈ ધીરુભાઈ મેટાળીયા, બુધાભાઈ ધીરુભાઈ મેટાળીયા, વલ્લભભાઈ માનસિંગભાઈ મેટાળીયા અને વિનોદભાઈ ગોબરભાઈ મેટાળીયા (તમામ રહે. પાંચવડા, તા. ચોટીલા) તેમજ અનિલભાઈ ગોરધનભાઈ પરાલીયા (રહે. અકાળા, તા. ચોટીલા)નો સમાવેશ થાય છે.

આ સફળ કામગીરી એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે. જાડેજા, ઇન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન.એ. રાયમા, પો.હેડ કોન્સ. યશપાલસિંહ રાઠોડ, પો.હેડ.કોન્સ. દેવરાજભાઈ જોગરાજીયા, પો.કોન્સ. કુલદીપભાઈ બોરીચા અને પો.કોન્સ. વજાભાઈ સાનીયા સહિતની ટીમે પાર પાડી હતી.

---

**જાનથી મારી નાખવાની ધમકી આપી**

## લિંમડા ટ્રાવેલ્સ પાસે જાહેર રસ્તા પર ચાલવા બાબતે યુવકોની મારામારી...



ભાવનગર | ભાવનગરમાં જાહેર રસ્તા પર ચાલવા જેવી નજીવી બાબતે મારામારીનો બનાવ સામે આવ્યો છે. લિંમડા ટ્રાવેલ્સ પાસે નવાપરા તબેલા કેમ્પ, ગુરુનાનક સોસાયટીમાં રહેતા એક યુવાનને ત્રણ ભાઈઓએ માર મારતા યુવાને પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવ અંગે નીલમબાગ પોલીસ મથકેથી જાણવા મળતી વિગતો અનુસાર ફરિયાદી તોસીફ રજાકભાઈ ડેરૈયા (ઉં.વ.30) એ જણાવ્યું કે, સવારે આશરે 9:30 વાગ્યે તેઓ મોટરસાયકલ લઈને ઘરે પરત ફર્યા હતા. તે સમયે તેમના ઘર પાસે રહેતા મુનાફ ઈનુસભાઈ આગરીયા, આરીફ અને અસ્લમ નામના ત્રણ ભાઈઓએ તેમને તેમના રસ્તા પરથી ન ચાલવા જણાવ્યું હતું. તોસીફે આ રસ્તો જાહેર હોવાનું જણાવતા ત્રણેય ભાઈઓ ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે તોસીફને આડેધડ ઢીકાપાટુનો માર માર્યો હતો. આ હુમલામાં તોસીફને પેટ, વાંસા અને કમરના ભાગે મુંઢ ઈજાઓ થઈ હતી. મુનાફે તોસીફનું ગળું દબાવવાનો પણ પ્રયાસ કર્યો હતો. માર માર્યા બાદ તોસીફને પેટ અને પેડુના ભાગે દુખાવો થતા 108 મારફતે તેમને તાત્કાલિક સર ટી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતો, હુમલાખોરોએ જતા જતા તોસીફને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આથી યુવાને ત્રણેય ભાઈઓ વિરુદ્ધ નિલમબાગ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

---

## નવસારીમાં પિતૃમોક્ષ માટે માતાને સપનામાં અવાજ સંભળાયો ને 2 બાળકનાં ગળાં દબાવ્યાં

(એજન્સી) નવસારી | તા.14

નવસારીના બીલીમોરામાં ફિલ્મ 'વશ' જેવી ઘટના સામે આવી છે. એક મહિલાને સપનામાં આદેશ થતાં તેણે મધરાતે તેનાં બે બાળકની ગળું દબાવીને હત્યા કરી દીધી છે. એ બાદ તેના સસરા પર ગ્લાસ વડે હુમલો કર્યા બાદ બચકું ભરીને કાન તોડી નાખ્યો હતો. જોકે સસરા ઘરમાંથી ભાગી જતાં તેમનો જીવ બચી ગયો છે.

ઘટના અંગે પોલીસના જણાવ્યા અનુસાર, બીલીમોરા તાલુકાના દેવસર ગામે મહારાજા એપાર્ટમેન્ટમાં મુળ યુપીના શર્મા પરિવારમાં રાત્રે 1:30 વાગ્યે એક મહિલાને સપનામાં અવાજ સંભળાયા કે 'તારાં બાળકોને મારી નાખ' જેથી તેણે જાગીને બાજુમાં સૂતેલાં તેનાં બે બાળકનું ગળું દબાવી દીધું હતું. એ બાદ તેના સસરાને મારવાનો પ્રયત્ન કર્યો હતો, જોકે તેઓ ભાગી છૂટ્યા હતા અને બૂમાબૂમ કરતાં આજુબાજુના લોકો ભેગા થઈ ગયા હતા.

ઘરની આગળ ટોળું એકઠું થતાં મહિલાએ ઘરનો દરવાજો બંધ કરી દીધો હતો. આ દરમિયાન 2.30 વાગ્યે પોલીસકાફલાએ ઘટનાસ્થળે પહોંચી દરવાજો તોડ્યો તો મહિલા બાળકોની લાશ જોડે બેઠી હતી. પોલીસે મહિલાને ઝડપીને બંને બાળકોના મૃતદેહને પીએમ અર્થે ખસેડીને આગળની કાર્યાવહી હાથ ધરી છે. મહિલાના પતિને ટાઈફોઈડ હોવાથી તે બીલીમોરાની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.



આ અંગે DySP ભગીરથસિંહ ગોહિલે જણાવ્યું કે, મુળ યુપીના અને હાલ બીલીમોરાના દેવસરમાં રહેતાં 60 વર્ષીય ઈન્દ્રપાલ શર્માએ ફરિયાદ આપી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, તેમના દીકરા શિવાકાન્તને ટાઈફોડ થયો હોવાથી તે છેલ્લા ચાર દિવસથી હોસ્પિટલમાં એડમિટ છે. જેની ગઈકાલે સાંજે ઈન્દ્રપાલ શર્મા તેમને ટિફિન આપવા ગયા હતા અને બાદમાં ઘરે આવીને સુઈ ગયા હતા. આ દરમિયાન મોડી રાત્રે શિવાકાન્તની પત્ની સુનિતાએ કંઈક અવાજ સંભળાય એવું કહીને તેના સાત વર્ષીય પુત્ર હર્ષ અને ચાર વર્ષીય વેદનું ગળું દબાવીને મારી નાખ્યા હતા.

DySP ભગીરથસિંહ ગોહિલે વધુમાં જણાવ્યું કે, બાળકોને મારી નાખ્યા બાદ સુનિતાએ તેના સસરા ઈન્દ્રપાલ શર્માને મારી નાખવાના પ્રયત્નો કરી હાથમાં બચકુ ભરતાં ઈન્દ્રપાલ શર્મા ઘરમાંથી ભાગી છુટ્યા હતા અને બુમાબુમ કરતા લોકો ભેગા થઈ ગયા હતા, પોલીસને જાણ કરતાં પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસ દરવાજો તોડીને ઘરમાં ગઈ તો આરોપી મહિલા બંને બાળકોની લાશ જોડે બેઠી હતી.


---

## જામનગરમાં રવિ-સોમવારે રાત્રે ઉલ્કા વર્ષાનો નજારો જોવા મળશે

(એજન્સી) જામનગર | તા.14

જામનગર સહિત હાલાર પંથકના આકાશમાં રવિવાર, 16 જૂન અને સોમવાર, 17 જૂનની રાત્રિએ સિંહ રાશિની ઉલ્કા વર્ષાનો અદ્ભુત નજારો જોવા મળશે. મધ્યરાત્રિ બાદ સિંહ રાશિના તારાઓ વધુ ઊંચાઈ પર આવતા પ્રતિ કલાક 15થી વધુ ઉલ્કાઓ ખરતી દેખાશે. આ ઉલ્કા વર્ષાનો નજારો શહેરના પ્રકાશ અને પ્રદૂષણવાળા વાતાવરણથી દૂર, અંધારા સ્થળોએથી વધુ સારી રીતે માણી શકાશે.

ઉલ્કા વર્ષા ત્યારે થાય છે જ્યારે કોઈ ધૂમકેતુ સૂર્યની આસપાસ પરિભ્રમણ દરમિયાન અવશેષો છોડી જાય છે. પૃથ્વી જ્યારે આ અવશેષોની નજીકથી પસાર થાય છે, ત્યારે તેના કણો પૃથ્વીના ગુરુત્વાકર્ષણમાં ખેંચાઈને વાતાવરણમાં પ્રવેશ કરે છે. ઘર્ષણ અને વધુ ઝડપને કારણે



આ કણો તેજ લીસોટા સ્વરૂપે દેખાય છે, જેની સંખ્યા વધુ હોય ત્યારે તેને ઉલ્કા વર્ષા કહેવાય છે. સિંહ રાશિની આ ઉલ્કા વર્ષા 55P-ટેમ્પલ-ટટલ નામના ધૂમકેતુને કારણે થાય છે. આ ખગોળીય ઘટના ઉત્તર ગોળાર્ધ અને દક્ષિણ ગોળાર્ધ બંનેમાં જોવા મળશે. જામનગર દ્વારા ખગોળપ્રેમીઓને આ ઉલ્કા વર્ષાનો નજારો નરી આંખે નિહાળવા અને તેનો આનંદ માણવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### ઈડી તપાસ : સમન્સ ફેમા કાયદા હેઠળ, મની લોન્ડરિંગ કેસ નહીં

# અનિલ અંબાણી ઈડી તપાસમાં સહકાર આપશે, વિડીયો કોન્ફરન્સથી હાજર થવાની તૈયારી

(એજન્સી) નવી દિલ્હી | તા.14

ભારતના અગ્રણી ઉદ્યોગપતિ અનિલ અંબાણીએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED તપાસ) દ્વારા પાઠવવામાં આવેલા સમન્સના સંબંધમાં સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી છે. રિલાયન્સ એડીએ ગ્રુપના ચેરમેનના પ્રવક્તાએ આજે એક નિવેદન બહાર પાડીને જણાવ્યું કે તેમણે અનિલ અંબાણીએ ઈડીને પત્ર લખીને તમામ પૂછપરછમાં મદદ કરવા માટેની તૈયારી દર્શાવી છે. વધુમાં, તેમણે વર્ચ્યુઅલ માધ્યમથી (વિડીયો કોન્ફરન્સ) તપાસ અધિકારી સમક્ષ હાજર થવાની પણ ઓફર કરી છે.અનિલ અંબાણીના પ્રવક્તાએ અમુક મીડિયા રિપોર્ટ્સમાં લગાવવામાં આવેલા ખોટા આક્ષેપોનું પણ સ્પષ્ટપણે ખંડન કર્યું છે. પ્રવક્તાએ ભારપૂર્વક જણાવ્યું કે ED તપાસ માટેનું સમન્સ ફક્ત ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) હેઠળની પૂછપરછ સાથે સંબંધિત છે, ન કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ કોઈ કેસ સાથે.નિવેદનમાં જણાવાયું છે કે, 'મીડિયા દ્વારા તથ્યોની પૂરતી ચકાસણી કર્યા વિના જે ખોટી માહિતી આપવામાં આવી છે, તેનાથી વિપરીત, અનિલ અંબાણીને ઈડીનું સમન્સ માત્ર ફેમા તપાસને લગતું છે, PMLAને નહીં.'સૂત્રો દ્વારા મળેલા




અહેવાલ મુજબ, ઈડીનું આ સમગ્ર પ્રકરણ ૧૫ વર્ષ જૂના જયપુર-રીંગસ હાઈવે પ્રોજેક્ટ સાથે જોડાયેલું છે, જે ૨૦૧૦નો કેસ છે અને એક રોડ કોન્ટ્રાક્ટર સંબંધિત મુદ્દાઓ સાથે સંકળાયેલો છે.રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા જયપુર-રીંગસ ટોલ રોડ (JR Toll Road) પ્રોજેક્ટ માટે આપવામાં આવેલો EPC (એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ એન્ડ કન્સ્ટ્રક્શન) કોન્ટ્રાક્ટ સંપૂર્ણપણે સ્થાનિક હતો અને તેમાં વિદેશી હૂંડિયામણનો કોઈ જ ઘટક સામેલ નહોતો, તેમ અનિલ અંબાણીના પ્રવક્તાએ ભારપૂર્વક જણાવ્યું હતું.પ્રવક્તાના નિવેદન મુજબ, 'આ સંપૂર્ણપણે સ્થાનિક કોન્ટ્રાક્ટ હતો, જેમાં વિદેશી હૂંડિયામણનો કોઈ ઘટક સામેલ નહોતો.' વધુમાં, આ પ્રોજેક્ટ સંપૂર્ણપણે પૂર્ણ થઈ ગયો છે અને ૨૦૨૧થી તે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) હેઠળ છે.અનિલ અંબાણીની ભૂમિકા અંગે સ્પષ્ટતા કરતા પ્રવક્તાએ જણાવ્યું કે તેઓ એપ્રિલ ૨૦૦૭થી માર્ચ ૨૦૨૨ સુધી રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં માત્ર બિન-કાર્યકારી નિર્દેશક તરીકે જ સેવા આપી હતી. આ સમયગાળા દરમિયાન, તેઓ કંપનીના રોજીંદા વ્યવસ્થાપન કે કામગીરીમાં ક્યારેય સામેલ નહોતા.નિવેદનમાં આ વાતને પુનરાવર્તિત કરવામાં આવી છે કે, 'અનિલ અંબાણી રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના બોર્ડના સભ્ય નથી. તેમણે લગભગ પંદર વર્ષ સુધી, એટલે કે એપ્રિલ ૨૦૦૭ થી માર્ચ ૨૦૨૨ સુધી, માત્ર બિન-કાર્યકારી નિર્દેશક તરીકે જ કંપનીમાં સેવા આપી હતી અને કંપનીના રોજીંદા વ્યવસ્થાપનમાં તેઓ ક્યારેય સામેલ નહોતા.' આમ, અનિલ અંબાણી તરફથી ED તપાસમાં પૂર્ણ સહકાર અને ફેમા સંબંધિત સમન્સ અંગેની સ્પષ્ટતાએ મીડિયાના એક વર્ગ દ્વારા ફેલાવવામાં આવેલા ભ્રામક અહેવાલો પર પૂર્ણવિરામ મૂક્યો છે. વિડીયો કોન્ફરન્સ દ્વારા હાજર થવાની તેમની તૈયારી કાયદાકીય પ્રક્રિયા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## ભારતીય કંપનીઓ સૌદી અરેબિયામાં વેપાર અને રોકાણ માટે આકર્ષાઈ

નવી દિલ્હી : વૈશ્વિક અનિશ્ચિતતાના વધતા જતા સમયમાં ભારતીય વ્યવસાયો વિશ્વના અન્ય ભાગોમાંના પડકારોને દૂર કરવા માટે વધુને વધુ સૌદી અરેબિયા તરફ જોઈ રહ્યા છે. એચએસબીસી (HSBC) ના એક નવા અહેવાલ મુજબ, આ મધ્ય પૂર્વીય રાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય વેપાર અને રોકાણ માટે એક મુખ્ય સ્થળ તરીકે ઉભરી રહ્યું છે. આ સર્વેમાં સામે આવ્યું છે કે સર્વેક્ષણ કરાયેલા તમામ બજારોમાં સૌથી વધુ એટલે કે ૮૫ ટકા ભારતીય કંપનીઓ સૌદી અરેબિયા ને વૈશ્વિક અનિશ્ચિતતાના પરિણામે વેપાર અને રોકાણ માટે વધુ આકર્ષક ગંતવ્ય માને છે.એચએસબીસીના આ સર્વેમાં નવ મુખ્ય બજારોમાં ૪,૦૦૦ આંતરરાષ્ટ્રીય વ્યવસાયિક નિર્ણય લેનારાઓને આવરી લેવામાં આવ્યા હતા. સર્વેમાં જાણવા મળ્યું કે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિને કારણે વિશ્વભરના વ્યવસાયો સૌદી અરેબિયાને વેપાર અને રોકાણ માટે વધુ આકર્ષક સ્થળ તરીકે જોઈ રહ્યા છે. આ ભારતીય કંપનીઓ સૌદી અરેબિયા માં મુખ્યત્વે ટેકનોલોજી અને માળખાગત સુવિધાઓમાંની તકોમાં રસ ધરાવે છે. અહેવાલમાં સમગ્ર વિશ્વમાંથી આ કિંગડમમાં મજબૂત રસ દર્શાવવામાં આવ્યો છે. દર ૧૦ માંથી આઠ આંતરરાષ્ટ્રીય વ્યવસાયો આગામી પાંચ વર્ષમાં સૌદી અરેબિયામાં તેમનો વેપાર અને રોકાણ વધારવાની યોજના ધરાવે છે. ૬૦ ટકાથી વધુ કંપનીઓ આગામી છ મહિનામાં આવું કરવાની અપેક્ષા રાખે છે.

## ડિજિટલ ગોલ્ડ રોકાણકારો ઉપાડમાં ત્રણ ગણો વધારો નોંધાયો

અમદાવાદ : સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) ની સ્પષ્ટ ચેતવણી બાદ, ડિજિટલ સોનું વેચતા ફિનટેક પ્લેટફોર્મ્સ પરથી રોકાણકારો દ્વારા કરવામાં આવતા ઉપાડમાં આશરે ત્રણ ગણો વધારો નોંધાયો છે. ઉદ્યોગના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ગયા અઠવાડિયે બજાર નિયમનકાર સેબીએ આવી યોજનાઓ સામે રોકાણકારોને ચેતવણી આપી હતી. ડિજિટલ ગોલ્ડ રોકાણકારો ઉપાડ માં આ તીવ્ર વધારો સેબીના નિવેદનની સીધી અસર હોવાનું માનવામાં આવે છે. ૮ નવેમ્બરના રોજ, સેબીએ એક નિવેદનમાં સ્પષ્ટતા કરી હતી કે ડિજિટલ ગોલ્ડ સ્કીમ્સ તેના કાર્યક્ષેત્રની બહાર કાર્ય કરે છે.

આનો અર્થ એ થયો કે નિયમનકાર ડિજિટલ સોનાના વેપાર કરતા ફિનટેક પ્લેટફોર્મ્સની ભૌતિક તિજોરીઓનું નિરીક્ષણ કરી શકતું નથી. આ નિરીક્ષણના અભાવે સોનાની ભૌતિક હાજરી અને તેની શુદ્ધતા ચકાસવી અશક્ય બને છે, જે રોકાણકારો માટે ગંભીર જોખમ ઊભું કરે છે. જાણકારોના મતે, સેબીની ચેતવણીની અસર પછી હવે પ્લેટફોર્મના વપરાશકર્તાઓ માટે આ વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે આ યોજનાઓ અનિયંત્રિત છે. ભૌતિક સોનાની ઈન્વેન્ટરી અને શુદ્ધતાનું ઓડિટ કરવા માટે કોઈ નિયમનકારી સંસ્થા ન હોવાથી, રોકાણકારોની સુરક્ષા જોખમાઈ શકે છે. સેબીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ડિજિટલ અથવા ઈ-ગોલ્ડનું માર્કેટિંગ ભૌતિક સોનામાં રોકાણ કરવાના વિકલ્પ તરીકે કરવામાં આવી રહ્યું છે.

# News Brief

## રીન્યુ એનર્જી ગ્રીન પ્રોજેક્ટ માટે આંધ્રપ્રદેશમાં ૮૨૦૦૦ કરોડનું રોકાણ

અમરાવતી : ડીકાર્બોનાઈઝેશન સોલ્યુશન્સ ક્ષેત્રની અગ્રણી કંપની રીન્યુ એનર્જી ગ્રીન પ્રોજેક્ટ ગ્લોબલ પીએલસીએ આંધ્ર પ્રદેશમાં વિવિધ ગ્રીન એનર્જી પ્રોજેક્ટ્સ સ્થાપવા માટે રૂ. ૬૦,૦૦૦ કરોડ (યુએસડી ૬.૭ અબજ) નું નવું રોકાણ કરવાની જાહેરાત કરી છે. આ નવા રોકાણને પગલે રાજ્યમાં રીન્યુ એનર્જી ગ્રીન પ્રોજેક્ટ નું કુલ નવું રોકાણ રૂ. ૮૨,૦૦૦ કરોડ (યુએસડી ૯.૩ અબજ) ના આંકને સ્પર્શી ગયું છે, કારણ કે મે ૨૦૨૫ માં કંપનીએ અગાઉ જ રૂ. ૨૨,૦૦૦ કરોડનું રોકાણ જાહેર કર્યું હતું. મુખ્યમંત્રી નારા ચંદ્રબાબુ નાયડુ અને માહિતી ટેકનોલોજી, ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન્સ મંત્રી નારા લોકેશની હાજરીમાં આંધ્ર પ્રદેશ ઈકોનોમિક ડેવલપમેન્ટ બોર્ડ સાથે ચાર અલગ-અલગ સમજૂતી કરારો (MoUs) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. કંપનીએ રાજ્યમાં ૬ GW પીવી ઈન્ગોટ-વેફર પ્લાન્ટ, ૨ GW પમ્પડ હાઈડ્રો પ્રોજેક્ટ, ૩૦૦ KTPA ગ્રીન એમોનિયા ફેસિલિટી અને પવન-સૌર અને સૌર-BESS (બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ) પહેલ સહિત ૫ GW હાઈબ્રિડ પ્રોજેક્ટ્સ સ્થાપવાની યોજનાઓની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી નાયડુએ આ વિકાસ પર પોતાના વિચારો વ્યક્ત કરતા કહ્યું હતું કે, 'આંધ્રપ્રદેશમાં સ્વચ્છ ઊર્જા ક્ષેત્રે રાષ્ટ્રીય નેતા તરીકે ઉભરી આવવા માટે પ્રતિબદ્ધ છે, અને રીન્યુ જેવી ભાગીદાર કંપનીઓ આ વિઝનને આગળ વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. રીન્યુનું સતત રોકાણ રાજ્યની નીતિઓ, માળખાગત સુવિધાઓ અને પ્રતિભામાં વૈશ્વિક ઉદ્યોગના અગ્રણીઓને વિશ્વાસ છે તે મજબૂત કરે છે. આ સહયોગ સ્વચ્છ ઊર્જાના જમાવટને વેગ આપશે, ઉચ્ચ ગુણવત્તાવાળી નોકરીઓ આકર્ષિત કરશે, અને રાજ્યના લોકો માટે ટકાઉ અને સમાવેશી વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપશે.

## G-20 દેશોમાં ભારત સૌથી ઝડપી વિકસતું અર્થતંત્ર હશે


મુંબઈ : અમેરિકા દ્વારા જંગી ટેરિફ લાગુ કરાવા છતાં ૨૦૨૭માં ૬.૫૦ ટકા આર્થિક વિકાસ દર સાથે ભારત આગામી બે વર્ષ જી-૨૦ દેશોમાં સૌથી ઝડપથી વિકસતું રાષ્ટ્ર બની રહેશે. નિકાસમાં વૈવિધ્યતાના વ્યૂહ સાથે ભારતનો વિકાસ દર મજબૂત જોવાઈ રહ્યો છે એમ મૂડી'સ રેટિંગ્સ દ્વારા તેના ગ્લોબલ મેક્રો આઉટલુક ૨૦૨૬-૨૭ના રિપોર્ટમાં જણાવાયું હતું. ૨૦૨૬માં ભારતનો આર્થિક વિકાસ દર ૬.૪૦ ટકા અંદાજાયો છે.ખાનગી ક્ષેત્રનો મૂડીખર્ચ સાવચેતીભર્યો હશે તો પણ



માળખાકીય ક્ષેત્રે જોરદાર ઈન્વેસ્ટમેન્ટ, મજબૂત ઉપભોગ માગ તથા નિકાસમાં વૈવિધ્યકરણના ટેકા સાથે આર્થિક વિકાસની ગતિ જળવાઈ રહેશે.વૈશ્વિક પડકારો અને કેટલીક નિકાસો પર અમેરિકાના ઊંચા ટેરિફ છતાં ભારતની આર્થિક કામગીરી સ્થિતિસ્થાપક રહેવા પામી છે. ભારતના માલસામાન પર ૫૦ ટકા જેટલી ઊંચી ટેરિફ બાદ દેશના નિકાસકારોએ નિકાસને અન્યત્ર વાળતા સપ્ટેમ્બરમાં તેની એકંદર નિકાસમાં ૬.૭૫ ટકા વધારો જોવા મળ્યો છે, જ્યારે અમેરિકા ખાતેની નિકાસમાં ૧૧.૯૦ ટકા ઘટાડો નોંધાયો છે.નાણાં નીતિના તટસ્થથી સરળ વલણ અને નીચા ફુગાવાને કારણે ભારતમાં આર્થિક સ્થિરતા જળવાઈ રહી છે. આ પરિબળોને કારણે ઘરઆંગણેની સ્થિતિ વિકાસને ટેકારૂપ રહી હોવાનું પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

## કપાસના ઉત્પાદનમાં ઘટાડો ૨ ટકાની આશંકા રેકોર્ડ આયાત થશે

નવી દિલ્હી : ભારતમાં કપાસનું ઉત્પાદન આ વર્ષે ૨% ઘટીને ૩૦.૫ મિલિયન ગાંસડી થવાની ધારણા છે, જેના પાછળનું મુખ્ય કારણ વાવેતર વિસ્તારમાં ઘટાડો, ભારે વરસાદ અને ચક્રવાત મોન્થાને કારણે કપાસના ઉત્પાદનમાં ઘટાડો પર થયેલી અસર છે. દેશમાં સ્થાનિક ઉત્પાદન ઘટવા અને કપાસ પરની આયાત ડ્યુટી શૂન્ય હોવાને કારણે, ચાલુ સિઝનમાં કપાસની આયાત રેકોર્ડ સ્તરે પહોંચી શકે છે. કોટન એસોસિએશન ઓફ ઈન્ડિયા (CAI) એ ૨૦૨૫-૨૬ ની કપાસની સિઝન માટે ૩૦.૫



મિલિયન ગાંસડી (દરેક ગાંસડી ૧૭૦ કિલોગ્રામ વજનની) કપાસનું ઉત્પાદન થવાનો અંદાજ લગાવ્યો છે, જે ગયા વર્ષના ૩૧.૨ મિલિયન ગાંસડીના ઉત્પાદન કરતાં ઓછો છે. કપાસના ઉત્પાદનમાં ઘટાડો થવા પાછળના મુખ્ય પરિબળોમાં ખેતરોમાં વધુ પડતો વરસાદ, કેટલાક વિસ્તારોમાં પૂર જેવી પરિસ્થિતિઓ અને ખાસ કરીને ચક્રવાત મોન્થા ભારે વરસાદ ને કારણે પાકને થયેલું વ્યાપક નુકસાન છે.જોકે સ્થાનિક ઉત્પાદનમાં ઘટાડો થયો છે, છતાં દેશમાં કુલ કપાસનો પુરવઠો વધવાની ધારણા છે. કોટન એસોસિએશન મુજબ, ૨૦૨૫-૨૬માં કુલ કપાસનો પુરવઠો ૪૧૦.૫૯ લાખ ગાંસડી રહેવાની ધારણા છે, જે ગયા વર્ષના ૩૯૨.૫૯ લાખ ગાંસડી કરતાં વધારે છે. પુરવઠામાં આ વધારો મુખ્યત્વે સ્ટોક અને આયાતમાં થનારા મોટા વધારાને આભારી છે.સ્થાનિક ઉત્પાદનમાં ઘટાડો થવા છતાં, આયાતમાં અસાધારણ વધારાને કારણે કુલ પુરવઠામાં વધારો થવાની શક્યતા છે. ઓક્ટોબર અને ડિસેમ્બર ૨૦૨૫ વચ્ચે આશરે ૩૦ લાખ ગાંસડી કપાસની આયાત થવાનો અંદાજ છે, જે ગયા વર્ષની સરખામણીમાં ત્રણ ગણો વધારો છે.

### વૈશ્વિક ક્ષમતા કેન્દ્રોની માંગ સાથે જ સ્થાનિક કંપનીઓનું યોગદાન

## ભારતમાં ઓફિસની માંગ વધવાનો નુવામાનો અંદાજ

નવી દિલ્હી : નુવામા રિસર્ચના એક અહેવાલ મુજબ, ભારતમાં ઓફિસની જગ્યાની માંગ મજબૂત થવાની અપેક્ષા છે, કારણ કે સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) વિસ્તારોનું નિયમિત ઓફિસ જગ્યાઓમાં પરિવર્તન વેગ પકડી રહ્યું છે. અહેવાલમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે કે એસ ઈ ઝેડ ઓફિસ જગ્યા સંબંધિત મુદ્દાઓ હવે હળવા થવાથી, વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો (GCCs) અને સ્થાનિક કંપનીઓ તરફથી માંગ વધુ વધવા માટે તૈયાર છે.નુવામા રિસર્ચે સ્પષ્ટતા કરી છે કે, 'અમે માનીએ છીએ કે ઓફિસ ચક્રમાં સુધારો આવ્યો છે, અને GCCની માંગ વધી રહી છે. એસ ઈ ઝેડ ઓફિસ જગ્યા નો મુદ્દો પાછળ છોડી દેવાતા, અમારું માનવું છે કે આગામી સમયમાં ભારતમાં ઓફિસની માંગ માં સુધારો થવો જોઈએ.' અહેવાલમાં એ પણ નોંધવામાં આવ્યું હતું કે ભારતમાં છૂટક વપરાશ માળખાગત રીતે તેજી તરફ છે, જે સમગ્ર વ્યાપારી રિયલ એસ્ટેટ આઉટલૂકને ટેકો આપે છે.ઓફિસ ચક્રમાં વળાંક આવતા, નાણાકીય વર્ષ ૨૬ ના બીજા ત્રિમાસિક ગાળામાં લીઝિંગ પ્રવૃત્તિએ વેગ મેળવ્યો હતો. આ સમયગાળા દરમિયાન, વૈશ્વિક ક્ષમતા કેન્દ્રોની માંગ કુલ માંગના ૩૮ ટકા હતી. સાથે જ, BFSI (બેન્કિંગ, નાણાકીય સેવાઓ અને વીમો), આઈટી અને ફ્લેક્સ સ્પેસ ઓપરેટરો સહિતના વિવિધ ક્ષેત્રોની સ્થાનિક કંપનીઓએ પણ ગ્રોસ લીઝિંગમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

### સેન્સેક્સ 84 પોઈન્ટ વધીને 84562 પર બંધ: નિફ્ટીમાં 31 પોઈન્ટનો ઉછાળો

## બિહારમાં એનડીએની બહુમત વચ્ચે શેરબજારમાં હરિયાળી પરત ફરી

મુંબઈ : બિહાર વિધાનસભાની ચૂંટણીના પરિણામો હજી આવી રહ્યા છે. શરૂઆતી વલણોમાં એનડીએનો દબદબો જોવા મળી રહ્યો છે. જેને લઈને શેરબજારમાં હરિયાળી પરત ફરી હતી. સવારે લાલ નિશાનમાં માર્કેટ ખૂલ્યુ હતું જે લીલા નિશાનમાં બંધ થયું છે. સેન્સેક્સ અને નિફ્ટી બંને લીલા નિશાનમાં બંધ થયા છે. બપોરે 3.30 કલાકે સેન્સેક્સ 152 પોઈન્ટના વધારા સાથે 84,630 અંકે બંધ થયા હતા. જ્યારે નિફ્ટી 30.90 પોઈન્ટના વધારા સાથે 25,910.05 અંકે બંધ થયો.

વોલ સ્ટ્રીટની નબળાઈને પગલે એશિયન બજારોમાં ઘટાડો થયો. ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડા અંગે ટેકનોલોજી શેરોમાં નવા દબાણ અને અનિશ્ચિતતાનો સામનો કરવો પડ્યો. જાપાનનો નિક્કી 225 ઈન્ડેક્સ 1.5 ટકા ઘટ્યો. દક્ષિણ કોરિયાનો KOSPI 2.03 ટકા ઘટ્યો અને હોંગકોંગનો હેંગ સેંગ 1.23 ટકા ઘટ્યો.

શુક્રવાર, 14 નવેમ્બરના રોજ, સેન્સેક્સ 84 પોઈન્ટ વધીને 84,562 પર બંધ થયો, જ્યારે નિફ્ટી 31 પોઈન્ટ વધીને 25,910 પર બંધ થયો. જો તમે શેરબજાર અથવા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો છો, તો આજના બજારની હિલચાલ તમને નિરાશ કરી શકે છે. બિહારમાં NDAની જીત પછી બજારમાં વધારો થવાની અપેક્ષા હતી, પરંતુ તે ઝડપથી ઘટીને ફ્લેટબંધ થયો. સેન્સેક્સના 30 શેરોમાંથી 19 શેર ઘટ્યા. ટાટા મોટર્સ કોમર્શિયલ વ્હીકલ્સ (TMCV) 3.3% ઘટ્યા. ઈન્ફોસિસ અને ટાટા સ્ટીલના શેર પણ ઘટીને ટ્રેડ કરી રહ્યા હતા. અદાણી પોર્ટ્સ, એક્સિસ બેંક અને ઝોમેટોના શેર વધ્યા હતા.

નિફ્ટીના 50 શેરોમાંથી 31 શેરોમાં ઘટાડો થયો હતો. NSE પર ફાર્મા, બેંકિંગ અને મીડિયા સેક્ટરમાં વધારો જોવા મળ્યો હતો. આજે IT, મેટલ અને ઓટો શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો.

## મ્યુચ્યુઅલ ફંડો કેશ રિઝર્વ ૪ ટકાથી વધુ સાથે પ્રમાણમાં ઊંચી

મુંબઈ : ભારતીય શેરબજારમાં તાજેતરની તેજી અને વિદેશી રોકાણનો પ્રવાહ ફરી શરૂ થવા છતાં દેશના સક્રિય ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોએ ગયા મહિને તેમના હાથમાં કેશની પ્રમાણમાં ઊંચી માત્રા જાળવી રાખી હતી. આ વલણ દર્શાવે છે કે વર્તમાન વોલેટાઈલ (અસ્થિર) બજારમાં ફંડ મેનેજરો સાવચેતીનો અભિગમ અપનાવી રહ્યા છે.સક્રિય ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડો કેશ રિઝર્વ નું સ્તર સપ્ટેમ્બરમાં તેમની એસેટ અન્ડર મેનેજમેન્ટ (AUM) ના ૪.૧૦ ટકા હતું, જે ઓક્ટોબરમાં નજીવો વધીને ૪.૧૧ ટકા પર પહોંચ્યું હતું. રકમની દૃષ્ટિએ કેશ રિઝર્વનો આંકડો સપ્ટેમ્બરમાં રૂ. ૧.૯૯ લાખ કરોડ હતો, જે વધીને રૂ. ૨.૦૯ લાખ કરોડ થયો હોવાનું એક રિસર્ચ ફર્મ દ્વારા જાહેર કરાયેલા ડેટામાં જણાવાયું હતું. બજારના નિષ્ણાતોનું માનવું છે કે કેશની આ સ્થિતિ સામાન્ય સ્તર કરતાં ઊંચી છે. આનું મુખ્ય કારણ એ છે કે બજારના વેલ્યુએશનો (મૂલ્યાંકનો) ઐતિહાસિક સરેરાશ કરતાં ઊંચા સ્તરે પ્રવર્તી રહ્યા છે. ઊંચા વેલ્યુએશનોને કારણે ફંડ હાઉસો રોકાણની બાબતમાં રોકાણમાં સાવચેતીનો સંકેત આપી રહ્યા છે.ફંડ હાઉસો દ્વારા રોકાણનો આધાર મુખ્યત્વે કંપનીઓની કમાણી (Earnings) માં વૃદ્ધિ અને વ્યવહારિક મૂલ્યાંકન પર રહે છે.

### પ્રથમ ભારતીય સિમેન્ટ કંપનીએ નવી પહેલ કરી

## અદાણી સિમેન્ટ ટી એન એફ ડી અપનાવનારી ભારતની પ્રથમ કંપની બની

અમદાવાદ : અદાણી ગ્રુપના સિમેન્ટ વ્યવસાય, જેમાં અંબુજા સિમેન્ટ્સ લિમિટેડ અને તેની પેટાકંપનીઓનો સમાવેશ થાય છે, તેણે ભારતીય સિમેન્ટ ક્ષેત્રે એક ઐતિહાસિક પગલું ભર્યું છે. અદાણી સિમેન્ટ ટી એન એફ ડી ની ભલામણો અપનાવનારી તે પ્રથમ ભારતીય સિમેન્ટ કંપની બની છે. આ નિર્ણય પ્રકૃતિ-સકારાત્મક ઉત્પાદન અને ટકાઉ બાંધકામની દિશામાં એક મહત્ત્વપૂર્ણ મોડ સાબિત થશે. આ સાથે, અદાણી સિમેન્ટ વિશ્વભરની માત્ર સાત અગ્રણી સિમેન્ટ કંપનીઓના સમૂહમાં જોડાઈ ગયું છે, જેમણે આ માળખાને અપનાવ્યું છે.કંપનીએ જાહેરાત કરી છે કે તે તેની વ્યાપક ESG વ્યૂહરચનાના ભાગ રૂપે નાણાકીય વર્ષ ૨૬ (FY26) થી TNFD-સંરેખિત ઔપચારિક જાહેરાતો શરૂ કરશે. અદાણી ગ્રુપના સિમેન્ટ વ્યવસાયના મુખ્ય કાર્યકારી અધિકારી વિનોદ બાહેતીએ આ વિકાસની ઘોષણા કરતા જણાવ્યું હતું કે, "TNFD માળખાને અપનાવવું એ અદાણી સિમેન્ટની પ્રકૃતિ-સકારાત્મક વૃદ્ધિ અને આબોહવા નેતૃત્વ તરફની સફરમાં એક મહત્ત્વપૂર્ણ ક્ષણ છે. અમે આ પ્રતિબદ્ધતા વ્યક્ત કરીને ગર્વ અનુભવીએ છીએ. જવાબદાર વ્યવસાય જ લાંબા ગાળાની સફળતાનો પાયો છે."આ પ્રતિબદ્ધતા કંપનીની ડીકાર્બોનાઈઝેશન પ્રવૃત્તિઓ પર આધારિત છે, જેમાં વિશ્વની પ્રથમ કૂલબ્રુકની રોટોડાયનેમિક હીટર (RDH) ટેકનોલોજીનો વ્યાવસાયિક ઉપયોગ પણ સામેલ છે.કંપનીના જણાવ્યા મુજબ, TNFD અપનાવવું એ વૈશ્વિક માળખા સાથે સંરેખિત તેની હાલની આબોહવા અને પ્રકૃતિ-જોખમ આકારણી પ્રથાઓ પર આધારિત છે. અદાણી સિમેન્ટ ટી એન એફ ડી ના ભાગ રૂપે, તેણે પહેલેથી જ મોટા પાયે વનીકરણ (સાત મિલિયનથી વધુ વૃક્ષો વાવ્યા), ૧૨ ગણી જળ-સકારાત્મકતા હાંસલ કરી છે અને તેની કામગીરીમાં જૈવવિવિધતા સંરક્ષણ પહેલનો અમલ કર્યો છે. આ પ્રયાસો પ્રકૃતિ-સકારાત્મક નિર્માણ માટે કંપનીની ગંભીરતા દર્શાવે છે.

## UPI લિમિટનું રહસ્ય: બે યુઝર્સની મર્યાદા એકસરખી કેમ નથી?

નવી દિલ્હી : UPIનો ઉપયોગ કરનારાઓ માટે ઘણી વાર લિમિટને લઈને ઘણાં સવાલ થાય છે. એક યુઝરની લિમિટ અલગ હોય છે અને અન્ય યુઝરની લિમિટ અલગ હોય છે. UPIની લિમિટ ફિક્સ કરી દેવામાં આવી છે, પરંતુ એમ છતાં ઘણાં યુઝર્સ માટે એ અલગ અલગ હોય શકે છે. આ માટે એક નહીં ઘણાં કારણ જવાબદાર હોઈ શકે છે. એમાં બેન્કથી લઈને યુઝરની હિસ્ટરીથી લઈને રેગ્યુલેશનના નિયમો પણ જવાબદાર હોઈ શકે છે. આથી એક યુઝરની લિમિટ અને અન્ય યુઝરની લિમિટમાં તફાવત હોય શકે છે.નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા UPI ટ્રાન્સફરની લિમિટ એક ટ્રાન્ઝેક્શનમાં વધુમાં વધુ એક લાખ રૂપિયા રાખવામાં આવી છે. જોકે દરેક બેન્ક માટે આ નિયમ લાગુ નથી પડતો. દરેક બેન્ક પોતાના નિયમ પણ બનાવી શકે છે, પરંતુ એક લાખથી વધુની લિમિટ તેઓ નહીં આપી શકે. દરેક બેન્ક તેમની રોજની, અઠવાડિયાની અથવા તો મહિનાની લિમિટને પોતાના અનુસાર રાખી શકે છે.

### આંધ્ર પ્રદેશમાં અદાણીનો વિશ્વાસ અડીખમ

## અદાણી જૂથ આંધ્ર પ્રદેશમાં આગામી દાયકામાં વધુ ૧ લાખ કરોડનું રોકાણ કરશે

વિશાખાપટ્ટનમ: ભારતના અગ્રણી ઉદ્યોગ સમૂહ અદાણી જૂથએ આંધ્ર પ્રદેશ રાજ્યના વિકાસમાં પોતાનો વિશ્વાસ પુનઃ વ્યક્ત કરતાં આગામી દાયકામાં વધુ રૂપિયા ૧ લાખ કરોડના રોકાણની મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી છે. આ રોકાણ તે ૪૦,૦૦૦ કરોડ રૂપિયા ઉપરાંતનું છે જે જૂથ દ્વારા અત્યાર સુધીમાં રાજ્યના મુખ્ય ક્ષેત્રોમાં પહેલેથી જ કરવામાં આવ્યું છે. આ મોટી જાહેરાત આજે વિશાખાપટ્ટનમ ખાતે આયોજિત ૩૦મી સીઆઈઆઈ પાર્ટનરશિપ સમિટ - ૨૦૨૫ના ઉદ્ઘાટન સત્રમાં અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના મેનેજિંગ ડિરેક્ટર કરણ અદાણી દ્વારા કરવામાં આવી હતી. કરણ અદાણીએ તેમના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું કે, અદાણી જૂથનો આંધ્ર પ્રદેશમાં વિશ્વાસ નવો નથી,



તેઓ માત્ર રોકાણની વાત નથી કરતા પરંતુ તેને સાબિત પણ કરે છે. તેમણે ઉમેર્યું, 'અત્યાર સુધીમાં અમે બંદરો, લોજિસ્ટિક્સ, સિમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રિન્યુએબલ એનર્જી જેવા ક્ષેત્રોમાં ૪૦,૦૦૦ કરોડથી વધુનું રોકાણ કરી ચૂક્યા છીએ. અને અમે અહીં અટકતા નથી. આગામી ૧૦ વર્ષમાં, અમે બંદરો, ડેટા સેન્ટર્સ, સિમેન્ટ અને ઊર્જા વ્યવસાયોમાં વધારાના ૧ લાખ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવીએ છીએ.'આગામી ૧ લાખ કરોડનું આ વિશાળ રોકાણ બંદરો, સિમેન્ટ, ડેટા સેન્ટર્સ, ઊર્જા અને અદ્યતન ઉત્પાદન (એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ) સહિત બહુ-ક્ષેત્રીય યોજના તરફ નિર્દેશિત કરવામાં આવશે. કરણ અદાણીએ આ મહત્ત્વપૂર્ણ પગલાને આંધ્ર પ્રદેશની વૃદ્ધિની સંભાવનાઓમાં કંપનીના મજબૂત દીર્ઘકાલીન આત્મવિશ્વાસનું પ્રતિબિંબ ગણાવ્યું. કરણ અદાણીએ તેમના સંબોધનના એક મુખ્ય ભાગમાં વિઝાગ ટેક પાર્ક દ્વારા ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૧૫ અબજ ડોલરના વિઝનનું પણ અનાવરણ કર્યું હતું. આ પ્રોજેક્ટમાં ગુગલ સાથેની ભાગીદારીમાં વિશ્વના સૌથી મોટા ગ્રીન-પાવર્ડ હાઈપરસ્કેલ ડેટા-સેન્ટર ઈકોસિસ્ટમ્સમાંનું એક વિકસાવવાનો સમાવેશ થાય છે.

### વૈશ્વિક અર્થતંત્ર | ઉદ્યોગ અને ઊર્જા સંક્રમણ માટે ક્રિટિકલ મિનરલ્સમાં ભાગીદારી

## ભારત-કેનેડા વેપાર સંબંધોને નવી ઊંચાઈ: હવે ક્રિટિકલ મિનરલ્સ અને ઊર્જા પર ફોકસ

નવી દિલ્હી : વૈશ્વિક અર્થતંત્રમાં વધતી અનિશ્ચિતતાઓ વચ્ચે ભારત અને કેનેડાએ તેમના દ્વિપક્ષીય આર્થિક સહયોગને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ અને કેનેડાના નિકાસ પ્રોત્સાહન, આંતરરાષ્ટ્રીય વેપાર અને આર્થિક વિકાસ મંત્રી મનિન્દર સિધુએ નવી દિલ્હીમાં આયોજિત ૭મી મંત્રી સ્તરીય વેપાર અને રોકાણ સંવાદ (MDTI) માં મુલાકાત કરી હતી. આ બેઠક વડાપ્રધાનોના નિર્દેશોનું પાલન કરીને યોજાઈ હતી, જેઓ જી૭ શિખર સંમેલનની બાજુમાં મળીને આર્થિક સહયોગ વધારવા પર સહમત થયા હતા.વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી ગોયલ અને કેનેડાના મંત્રી સિધુએ સંતોષ વ્યક્ત કર્યો હતો કે બંને દેશો વચ્ચેનો કુલ વેપાર ૨૦૨૪માં ૨૩.૬૬ અબજ ડોલરે પહોંચ્યો છે, જેમાં માત્ર માલસામાનનો વેપાર જ ૮.૯૮ અબજ ડોલરનો થયો છે. આ વૃદ્ધિ ગયા વર્ષની સરખામણીમાં ૧૦ ટકાનો વધારો દર્શાવે છે, જે ભારત-કેનેડા વેપાર સંબંધોની



મજબૂતીનો સંકેત આપે છે. બંને મંત્રીઓએ બંને દિશાઓમાં થતા રોકાણમાં સતત વધારો થવાની નોંધ લીધી હતી. કેનેડિયન સંસ્થાકીય રોકાણો ભારતીય બજારમાં નોંધપાત્ર હિસ્સો ધરાવે છે, જ્યારે કેનેડામાં પણ ભારતીય કંપનીઓનું વિસ્તરણ જોવા મળી રહ્યું છે. આ દ્વિપક્ષીય રોકાણો બંને અર્થતંત્રોમાં હજારો નોકરીઓને ટેકો આપી રહ્યા છે, જે ભારત-કેનેડા વેપાર ભાગીદારીનું મહત્વ દર્શાવે છે. મંત્રીઓએ પારદર્શક અને અનુમાનિત રોકાણ વાતાવરણ જાળવી રાખવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃ ભાર આપી હતી. સંવાદ દરમિયાન, ભારત અને કેનેડાએ સહયોગ માટેના મુખ્ય પ્રાથમિકતાવાળા ક્ષેત્રોની રૂપરેખા આપી હતી.ક્રિટિકલ મિનરલ્સ: ઊર્જા સંક્રમણ અને આગામી પેઢીના ઔદ્યોગિક વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ એવા ક્રિટિકલ મિનરલ્સ માં લાંબાગાળાની ભાગીદારી સ્થાપિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. કેનેડા પાસે આ ખનીજોનો મોટો ભંડાર છે, અને ભારતને તેની વધતી ઔદ્યોગિક જરૂરિયાતો માટે તેની તાતી જરૂર છે.સ્વચ્છ ઊર્જા ભાગીદારી: આબોહવા પરિવર્તનના પડકારોનો સામનો કરવા માટે, સ્વચ્છ ઊર્જા ભાગીદારી ને પ્રોત્સાહન આપવાનું નક્કી કરાયું હતું. એ રો સ્પે સ અને ટેકનોલોજી: કેનેડાની ભારતમાં પહેલેથી જ સ્થાપિત કામગીરી અને ભારતીય ઉડ્ડયન બજારના ઝડપી વિસ્તરણનો લાભ લેવા માટે એરોસ્પેસ અને ડ્યુઅલ-યુઝ ટેકનોલોજીમાં સહયોગ વધારવા પર પણ સંમતિ સધાઈ હતી.વૈશ્વિક સ્તરે ચાલી રહેલા સપ્લાય ચેઈન વિક્ષેપોની સમીક્ષા કરતાં, બંને પક્ષોએ કૃષિ સહિતના મુખ્ય ક્ષેત્રોમાં વધુ સ્થિતિસ્થાપકતા લાવવાની જરૂરિયાત પર સહમતી દર્શાવી હતી.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, કારતક વદ-11

# ફુગાવામાં ઘટાડો

સરકારી આંકડા હંમેશા જાહેર ચર્ચામાં રહે છે. વિવિધ સરકારો દરમિયાન રાહત અને પ્રગતિના દાવા વારંવાર કરવામાં આવે છે. સરળ સત્ય એ છે કે રાહત અને પ્રગતિની જમીની વાસ્તવિકતાઓ પણ દશ્યમાન હોવી જોઈએ. ઉદાહરણ તરીકે, જે જાહેર હિતની વાત કરવામાં આવી રહી છે તે સામાન્ય માણસને અનુભવવી જોઈએ. પ્રથમ નજરમાં, દેશમાં છૂટક ફુગાવાનો દર ઘટ્યો છે તે રાહત ગણવી જોઈએ. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઓક્ટોબરમાં રાષ્ટ્રીય ફુગાવાનો દર ઘટીને 0.25 થયો છે. આ 2013 પછીનો સૌથી નીચો દર હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. સ્પષ્ટપણે, સરકારે આને એક મોટી સિદ્ધિ માની છે. સરકારનો દાવો છે કે ફુગાવામાં આ નોંધપાત્ર ઘટાડો મજબૂત ભાવ નિયંત્રણ અને કાર્યક્ષમ નાણાકીય વ્યવસ્થાપનને પ્રતિબિંબિત કરે છે. જો કે, બીજી તરફ, સામાન્ય પરિવારો માટે આ રાહતનો અનુભવ કરવો એટલો સરળ નથી. હકીકતમાં, ખાદ્ય પદાર્થોના નીચા ભાવને ફુગાવામાં આ ઘટાડા માટે મુખ્ય ફાળો આપનાર તરીકે જોવામાં આવી રહ્યો છે. વધુમાં, તાજેતરમાં GST દરમાં ઘટાડાને ગ્રાહક ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડામાં ફાળો આપનાર પરિબળ તરીકે પણ ટાંકવામાં આવી રહ્યો છે. બીજી બાજુ, ફુગાવામાં આ તીવ્ર ઘટાડો ગયા વર્ષના ઊંચા ભાવોની મૂળ અસરને પણ પ્રતિબિંબિત કરે છે, જે લાંબા સમય સુધી ટકી શકશે નહીં. પહેલી નજરે આ પ્રભાવશાળી લાગે છે, પરંતુ ઘણા લોકો હજુ પણ ઊંચા ઘરગથ્થુ ખર્ચનું દબાણ અનુભવી રહ્યા છે. દૂધ, કઠોળ અને શાકભાજી જેવી રોજિંદા વસ્તુઓના ભાવ હજુ પણ વધઘટ થઈ રહ્યા છે, જેના કારણે ઘરગથ્થુ બજેટ પર અસર પડી રહી છે. તેથી, એકંદર ફુગાવામાં ઘટાડો થયો છે, પરંતુ સામાન્ય માણસ જીવનનિર્વાહના વ્યવહારિક ખર્ચમાં સમાન ઘટાડો અનુભવી રહ્યો નથી. આ પરિસ્થિતિ ભારતીય રિઝર્વ બેંક (RBI) માટે રાહત અને પડકાર બંને રજૂ કરે છે. નોંધનીય છે કે ખાદ્યપદાર્થો અને બળતણને બાદ કરતાં મુખ્ય ફુગાવો ઊંચો રહે છે, જે દર્શાવે છે કે ભાવ દબાણ સંપૂર્ણપણે ઓછું થયું નથી. પરિણામે, છૂટક ફુગાવો આટલો ઓછો હોવાથી, ઉદ્યોગ દલીલ કરી શકે છે કે ભારતીય રિઝર્વ બેંકે ડિસેમ્બરની બેઠકમાં ઉધાર અને ખર્ચને પ્રોત્સાહન આપવા માટે બેંક વ્યાજ દરોમાં ઘટાડો કરવાનું વિચારવું જોઈએ. પરંતુ કેન્દ્રીય બેંકે આ સંદર્ભમાં સાવચેત રહેવું જોઈએ. જો કેન્દ્રીય બેંક આ દિશામાં કોઈ પગલાં લે છે, તો ફુગાવો ફરીથી વધી શકે છે, ખાસ કરીને જો વૈશ્વિક તેલના ભાવમાં અણધાર્યો વધારો થાય છે. વધુમાં, જો વૈશ્વિક અનિશ્ચિતતાના વાતાવરણમાં રૂપિયો નબળો પડે છે. આ સંદર્ભમાં, માંગ વધારવા, આવક વધારવા અને ખાદ્યપદાર્થોના ભાવ સ્થિર કરવા માટે ઘટતા ફુગાવાનો અસરકારક રીતે ઉપયોગ કરી શકાય છે. કોઈ શંકા નથી કે કોઈપણ દેશમાં ફુગાવાનો દર ઓછો રહેવાથી ટૂંકા ગાળામાં વિકાસ દર ફરી શરૂ થઈ શકે છે, પરંતુ આ શરતે છે કે સરકારી ખર્ચમાં બેદરકારીપૂર્વક વધારો ન થાય અથવા તેનો ખરાબ રીતે અમલ ન થાય. આવી સ્થિતિમાં, આંકડા બતાવી શકે છે કે ભાવ નિયંત્રણમાં છે, પરંતુ લોકોના અનુભવો કંઈક અલગ જ વાર્તા કહી શકે છે. દેશમાં સાચી પ્રગતિ ત્યારે જ ઓળખી શકાય છે જ્યારે રાહત દરેક ઘર સુધી પહોંચે. જોકે, રાહત ફક્ત સરકારી આંકડાઓમાં જ પ્રતિબિંબિત ન થાય તે જરૂરી છે. એ પણ એક હકીકત છે કે ભાવ નિયંત્રણ માંગ અને પુરવઠા વચ્ચેના સંતુલન પર આધાર રાખે છે, જેના પર સત્તામાં રહેલા લોકોનું ધ્યાન જરૂરી છે. નિઃશંકપણે, આવી સ્થિતિમાં, છૂટક ફુગાવામાં ઘટાડો સુખદ છે, પરંતુ આ રાહત સામાન્ય માણસને પણ અનુભવાય તે પણ જરૂરી છે.

---

**મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા 13મી ડિસેમ્બરના રોજ**

# મહીસાગરમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરાશે

જગદીશ ત્રિવેદી | મહીસાગર | તા.14

મહીસાગર જિલ્લાના લાખો નાગરિકો માટે પોતાના પેન્ડિંગ કોર્ટ કેસોનો ઝડપી અને સમાધાનકારી નિકાલ લાવવાની સુવર્ણ તક આખરે આવી ગઈ છે. નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરીટી, નવી દિલ્હીના નિર્દેશન હેઠળ સમગ્ર દેશની સાથે મહીસાગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આગામી તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ ભવ્ય નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાના મુખ્ય ન્યાયાધિશ માનનીય શ્રી એમ.એન. ગઢકરી ના માર્ગદર્શન હેઠળ જિલ્લાની તમામ કોર્ટોમાં આ મહા લોક અદાલત કાર્યરત રહેશે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવીને કોર્ટ પરનો બોજ હળવો કરવાનો અને લોકોને ન્યાયની પ્રક્રિયામાં સરળતા પૂરી પાડવાનો છે. કોર્ટ-કચેરીના લાંબા ચાલતા કેસોમાં સમય અને નાણાંનો વ્યય થાય છે, જે સામાન્ય માણસ માટે ભારે બોજરૂપ સાબિત થાય છે. આ સમસ્યાના નિવારણ માટે જ લોક અદાલતનું આયોજન કરવામાં આવે છે. સચિવ શ્રી એચ.આર. પરમાર દ્વારા આ અંગે માહિતી આપવામાં આવી છે કે, સમાધાનના માર્ગે કેસોનો નિકાલ થાય તે હેતુથી આ અદાલતનું આયોજન થાય છે. લોક અદાલતને સમાજ માટે તકરાર નિવારણનો સુવર્ણ માર્ગ માનવામાં આવે છે. તેનો સૌથી મોટો ફાયદો એ છે કે તેનાથી લોકોના નાણાં અને સમયની બચત થાય છે અને સંવાદિતા જળવાઈ રહે છે, જેને સ્થાનિક ભાષામાં 'બન્નેના ઘેર દીવા થવા' તરીકે ઓળખવામાં આવે છે. આ એક એવી વ્યવસ્થા છે, જ્યાં વિવાદોને જીત-હારના બદલે સમાધાન અને સ્વીકૃતિના ભાવથી ઉકેલવામાં આવે છે. આ પ્રકારની અદાલતો ભારતીય બંધારણના ઉદ્દેશ્યો સાથે સુસંગત છે, જે ઝડપી અને સસ્તો ન્યાય સુનિશ્ચિત કરવા પર ભાર મૂકે છે. આ નેશનલ લોક અદાલત માં પોતાના કેસને સમાધાન માટે મૂકવા ઇચ્છતા પક્ષકારોને સત્તા મંડળના સચિવશ્રી, શ્રી એચ.આર. પરમાર દ્વારા ભારપૂર્વક અનુરોધ કરવામાં આવ્યો છે કે તેઓ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરે. પક્ષકારોએ પોતાનો કેસ મૂકવા માટે પોતાના વકીલો મારફત જે તે તાબાની કોર્ટોમાં સંપર્ક કરવો અથવા સીધો સંપર્ક નીચેના સરનામે કરવો: જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ડિસ્ટ્રીક્ટ કોર્ટ બિલ્ડીંગ, રૂમ નં. 15, મહીસાગર મુ. લુણાવાડા ફોન નં.- 02674-251199 તા. ૧૩ ડિસેમ્બરના રોજ યોજાનારી આ મહા લોક અદાલત મહીસાગર જિલ્લાના લોકોને ઝડપી ન્યાય અપાવવામાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે.

### કયા પ્રકારના કેસોનો થશે નિકાલ?

મહીસાગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા જાહેર કરાયેલા અહેવાલ મુજબ, આ નેશનલ લોક અદાલતમાં વિવિધ પ્રકારના કેસોને સમાધાન માટે મૂકવામાં આવશે. જે કેસોમાં બંને પક્ષો વચ્ચે સમાધાનની શક્યતા હોય તેવા કેસોને પ્રાથમિકતા આપવામાં આવશે. લોક અદાલતનો સૌથી મોટો આકર્ષક લાભ એ છે કે અહીં કેસોનો ચુકાદો આખરી હોય છે, જેનો અર્થ છે કે આ નિર્ણયની સામે અન્ય કોઈ કોર્ટમાં અપીલની જોગવાઈ હોતી નથી. એકવાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયા પછી, વિવાદનો કાયમી ધોરણે અંત આવી જાય છે. વળી, લોક અદાલતમાં કેસ દાખલ કરવા અથવા સમાધાન કરવા માટે પક્ષકારોને અન્ય કોઈ ખર્ચ પણ થતો નથી. આ નેશનલ લોક અદાલત એવા પક્ષકારો માટે આશીર્વાદરૂપ સાબિત થશે, જેઓ વર્ષોથી કોર્ટના ધક્કા ખાઈને થાકી ગયા છે અને આર્થિક તેમજ માનસિક તણાવમાંથી મુક્ત થવા માંગે છે.

---

**નગરપાલિકાના કર્મચારીઓને સ્વચ્છતા જાળવવા સૂચનો**

# કલેક્ટરે લુણાવાડામાં સ્વચ્છતાની કામગીરીનું સ્થળ પર નિરીક્ષણ કર્યું

જગદીશ ત્રિવેદી | મહીસાગર | તા.14



જિલ્લા વહીવટી તંત્રની સતત સક્રિયતાના ભાગરૂપે, મહીસાગર જિલ્લાના કલેક્ટર સુશ્રી અર્પિત સાગર એ તાજેતરમાં લુણાવાડા નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી સ્વચ્છતા ઝુંબેશ અને તેની કામગીરીનું સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું. આ પગલું દર્શાવે છે કે કલેક્ટરશ્રી જાહેર સુખાકારીના મુદ્દાઓ પ્રત્યે કેટલા સજાગ છે અને માત્ર કાગળ પર નહીં, પરંતુ જમીની સ્તરે કામગીરીની ગુણવત્તા ચકાસવા માટે કટિબદ્ધ છે. કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે સ્વચ્છતાની કામગીરીની ગુણવત્તા અને પ્રગતિ ચકાસવા માટે લુણાવાડાના અગત્યના ધાર્મિક સ્થળ સ્વામિનારાયણ મંદિર ખાતે વિશેષ ઉપસ્થિતિ આપી હતી. જાહેર અને ધાર્મિક સ્થાનોની સ્વચ્છતા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને તેમણે સુનિશ્ચિત કર્યું કે આસપાસના વિસ્તારોમાં નિયમિત અને અસરકારક રીતે સફાઈ થાય. તેમણે નગરપાલિકાના વરિષ્ઠ અધિકારીઓ અને સફાઈ કર્મચારીઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો. આ સંવાદ દરમિયાન, કલેક્ટરશ્રીએ સ્વચ્છતા જાળવવા માટે થઈ રહેલા પ્રયાસોની વિગતવાર માહિતી મેળવી હતી અને પડકારો વિશે પણ ચર્ચા કરી હતી. કલેક્ટરશ્રી અર્પિત સાગર ના આ નિરીક્ષણનો મુખ્ય હેતુ સ્વચ્છતા અભિયાનના પાયાના પાસાઓ પર ભાર મૂકવાનો હતો. તેમણે કચરાના વ્યવસ્થાપન, ગંદકી નિવારણ અને નાગરિકોમાં જાહેર જાગૃતિ ના કાર્યક્રમો પર ભાર મૂક્યો હતો. આ નિરીક્ષણ દ્વારા તેમણે સ્પષ્ટ સૂચના આપી કે લુણાવાડા ને વધુ સ્વચ્છ અને સુંદર શહેર બનાવવા માટે નગરપાલિકાના કર્મચારીઓએ સ્વચ્છતાના માપદંડો જાળવી રાખવા પડશે. તેમણે કર્મચારીઓને તેમની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવવા બદલ પ્રોત્સાહિત પણ કર્યા હતા અને જ્યાં સુધારાની જરૂર હોય તેવા મુદ્દાઓ પર માર્ગદર્શક સૂચનો પણ આપ્યા હતા.

# કલેક્ટરે 'ઉલ્લાસ' અભિયાનના લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો

જગદીશ ત્રિવેદી | મહીસાગર | તા.14

મહીસાગર જિલ્લામાં નિરક્ષરતા ને દૂર કરીને જ્ઞાનની જ્યોત પ્રગટાવવા માટે શરૂ કરાયેલા મહત્વાકાંક્ષી 'ઉલ્લાસ' નવભારત સાક્ષરતા અભિયાન ની કાર્યપ્રણાલીનું મૂલ્યાંકન કરવા માટે જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગર એ લુણાવાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લીધી હતી. કલેક્ટરશ્રીની આ સ્થળ નિરીક્ષણ મુલાકાત જિલ્લા વહીવટી તંત્રની આ અભિયાન પ્રત્યેની ગંભીરતા અને પ્રતિબદ્ધતા દર્શાવે છે. કલેક્ટર સુશ્રી અર્પિત સાગર દ્વારા લુણાવાડા તાલુકાના પાંખી અને પટ્ટણ ગામ ની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય સાક્ષરતા કેન્દ્રો માં ચાલી રહેલી કામગીરીની માત્ર પ્રગતિ જ નહીં, પરંતુ તેની અસરકારકતા ચકાસવાનો હતો. મુલાકાત દરમિયાન, કલેક્ટરશ્રીએ શિક્ષણ મેળવી રહેલા અશિક્ષિત ભાઈઓ તથા બહેનો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. આ સંવાદ થકી તેમણે લાભાર્થીઓને મળી રહેલા શિક્ષણની ગુણવત્તા, શિક્ષકોની પદ્ધતિઓ અને તેમના પ્રતિભાવો વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી. વહીવટી વડાએ પ્રત્યક્ષ વાતચીત કરીને એ સુનિશ્ચિત કર્યું કે સરકારી અભિયાનનો લાભ ખરેખર જરૂરીયાતમંદ લોકો સુધી પહોંચી રહ્યો છે કે નહીં.

**માર્ગ અને મકાન વિભાગે વિરણીયા માર્ગનું કાર્ય શરૂ કર્યું**

# લુણાવાડાના વિરણીયા માર્ગ પર પેવરપટ્ટાનું કામ શરૂ: પ્રજાને રાહત

જગદીશ ત્રિવેદી | મહીસાગર | તા.14



લાંબા સમયથી પ્રતિક્ષિત મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના એક અગત્યના માર્ગ, દેવ - વિરણીયા રોડ પર આખરે માર્ગ મરામત અને સુધારણાની કામગીરીનો શુભારંભ થઈ ગયો છે. મહીસાગર માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), લુણાવાડા દ્વારા આ માર્ગ પર પેવરપટ્ટા ની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ નિર્ણય વહીવટી તંત્રની પ્રજાલક્ષી કાર્યવાહી અને નાગરિકોની માગણી પ્રત્યેના સમયસરના પ્રતિસાદ ને સ્પષ્ટ રીતે દર્શાવે છે. વિરણીયા રોડ, જે સ્થાનિક વસ્તી અને ખેડૂતો માટે એક અગત્યનો સંપર્ક માર્ગ છે, તેની બિસ્માર હાલતને કારણે મુસાફરોને લાંબા સમયથી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. રસ્તાની નબળી ગુણવત્તાને કારણે માત્ર મુસાફરીનો સમય જ બગડતો નહોતો, પરંતુ અકસ્માતો નું જોખમ પણ સતત વધતું હતું. વહીવટી તંત્ર દ્વારા આ રાજ્ય ધોરી માર્ગ ની ગુણવત્તા સુધારવા માટે કરવામાં આવેલો આ પ્રયાસ રોડ-રસ્તાના રિપેરિંગની બાબતમાં સરકારની સક્રિયતા અને નાગરિકોની સુખાકારી પ્રત્યેની પ્રતિબદ્ધતા નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. વિભાગે નાગરિકોની ફરિયાદને ધ્યાનમાં લઈને જે ઝડપી પ્રતિસાદ આપ્યો છે તે પ્રશંસનીય છે અને તે જિલ્લામાં વિકાસની પ્રક્રિયાને વેગ આપે છે. માર્ગ સરળ અને સપાટ બનવાથી મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઓછો થશે. પેવરપટ્ટાની કામગીરી પૂર્ણ થવાથી આ માર્ગ માત્ર વધુ સુરક્ષિત જ નહીં, પણ ટકાઉ પણ બનશે. સ્થાનિક રહેવાસીઓ, ખેડૂતો કે જેમને પોતાનો પાક બજાર સુધી પહોંચાડવાનો હોય છે, તેમજ આ માર્ગનો નિયમિત ઉપયોગ કરતા અન્ય મુસાફરોને આનાથી સીધી સુવિધા મળશે. વહીવટી તંત્રની આ પ્રજાલક્ષી અને સમયસરની કાર્યવાહી મહીસાગર જિલ્લાના માળખાકીય વિકાસ માટે એક સકારાત્મક સંકેત છે, અને ભવિષ્યમાં પણ આવા લોકહિતના કાર્યોની અપેક્ષા વધારી દે છે.

---

# જૂનાગઢ શહેરમાં માર્ગ નવીનીકરણની કામગીરીનું કમિશનર દ્વારા નિરીક્ષણ

નરેન્દ્ર દવે, જૂનાગઢ | જૂનાગઢ શહેર માં નાગરિકોની સુવિધા માટે વિવિધ વિસ્તારોમાં ચાલી રહેલી માર્ગ નવીનીકરણ અને મરામતની કામગીરી ની ગુણવત્તા અને પ્રગતિ ચકાસવા માટે આજ રોજ, તા. ૧૪ નવેમ્બર, મ્યુનિસિપલ કમિશનરશ્રી તેજસ પરમાર એ સ્થળની મુલાકાત લીધી હતી અને નિરીક્ષણ કર્યું હતું. શહેરમાં હાલ રોડ-રસ્તાના મરામતની કામગીરી પૂરજોશમાં પ્રગતિ હેઠળ છે, જેથી ચોમાસા બાદ બગડેલા રસ્તાઓને ઝડપથી પુનઃસ્થાપિત કરી શકાય. કમિશનરશ્રી પરમારે ખાસ કરીને જોષીપરા વિસ્તાર માં ચાલી રહેલી કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. કમિશનરશ્રી તેજસ પરમારે જોષીપરા વિસ્તારમાં આવેલા આંબાવાડી વિસ્તારથી શાકમાર્કેટ સુધી ચાલી રહેલા આરસીસી (RCC) રોડના કામકાજનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.

# રાજુલા જનરલ હોસ્પિટલમાં ડૉક્ટરો અને એમ્બ્યુલન્સની ખાલી જગ્યા ભરાશે: MLA

જાફરાબાદ: રાજુલા જનરલ હોસ્પિટલમાં આરોગ્યલક્ષી સુવિધાઓના વિસ્તરણ અને ખાલી જગ્યાઓ ભરવા માટે આજરોજ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રાંત કલેકટર શ્રી મેહુલ બરાસર ના અધ્યક્ષસ્થાને રોગી કલ્યાણ સમિતિની બેઠક યોજાઈ હતી, જેમાં ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી એ સક્રિય ભાગ લીધો હતો અને મહત્વની રજૂઆતો કરી હતી. ધારાસભ્યશ્રીએ બેઠકમાં જણાવ્યું હતું કે, રાજુલા જનરલ હોસ્પિટલ માં મેડિકલ ઓફિસર ની સંખ્યા વધારવા, હોસ્પિટલને નવી એમ્બ્યુલન્સ ફાળવવા અને અન્ય જરૂરી સુવિધાઓ ઉભી કરવા માટે વહેલી તકે પગલાં લેવામાં આવશે. ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી એ બેઠકમાં એક માનવતાવાદી મુદ્દો પણ રજૂ કર્યો હતો.

# ચાણસ્મા ડેપો બહાર વારંવાર ટ્રાફિક જામની સમસ્યા



ચાણસ્મા | મહેસાણા જિલ્લાના મુખ્ય પરિવહન કેન્દ્રોમાંના એક એવા ચાણસ્મા ડેપો ની બહાર છેલ્લા ઘણા સમયથી ખાનગી વાહનો અને શાકભાજીની લારીવાળા દ્વારા સર્જાતી ટ્રાફિક સમસ્યા એ આજે ફરી એકવાર માથું ઊંચક્યું હતું. આજની ઘટનામાં, ડેપોમાંથી બહાર નીકળીને બેચરાજી જવા માટે વળાંક લેતી એક એસટી બસ પ્રવેશ દરવાજા પાસે જ ફસાઈ જતાં ઘડીભર માટે અફડાતફડી નો માહોલ સર્જાયો હતો. બસનો ડ્રાયવર જ્યારે રસ્તો ન મેળવી શક્યો ત્યારે ડેપોના બેદરકાર સંચાલન પ્રત્યેનો અણગમો વ્યક્ત કરીને બસ મૂકીને ઉતરી ગયો હતો, જેના પરિણામે ટ્રાફિકનો ગંભીર જામ સર્જાયો હતો. આ ઘટનાએ ચાણસ્માના નાગરિકોની પરેશાનીમાં વધારો કર્યો છે.

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં**

# નર્મદા જિલ્લામાં જનજાતીય ગૌરવ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી

ગાંધીનગર | વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આગામી ૧૫ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ગુજરાતના નર્મદા જિલ્લા ના ડેડિયાપાડા ખાતે જનજાતીય ગૌરવ દિવસ ની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીમાં હાજરી આપીને સમગ્ર ગુજરાત અને દેશને ૯૭૦૦ કરોડ થી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ મેગા ઈવેન્ટ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત કરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ આદિવાસી સમાજના શૌર્ય અને દેશ નિર્માણમાં તેમના અમૂલ્ય યોગદાનને સન્માનિત કરવાનો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ની વિશેષ ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ ગુજરાતની વિકાસયાત્રાને મજબૂત બનાવશે. દેશ સહિત ગુજરાતમાં અત્યારે જનજાતીય ગૌરવ વર્ષ ૨૦૨૫ ની ઉજવણી પૂર્ણ ઉત્સાહભેર થઇ રહી છે. આ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમ માટે નર્મદા જિલ્લાના ડેડિયાપાડા ની પસંદગી કરવામાં આવી છે. કાર્યક્રમના આરંભમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પ્રસિદ્ધ દેવમોગરા ધામ ખાતે માતાજીની પૂજા અર્ચના કરીને આશીર્વાદ લેશે. સાતપુડાની ગિરિમાળામાં આવેલું આ ધામ માત્ર આદિજાતિ સમાજના લોકોની શ્રદ્ધાનું જ નહીં, પણ સમગ્ર પ્રદેશ માટે આસ્થાનું કેન્દ્ર છે. વડાપ્રધાનશ્રીની મુલાકાત દરમિયાન દેશના અન્ય રાજ્યો – રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત - ના આદિજાતિ કલાકારો પરંપરાગત પરિવેશમાં તેમનું સ્વાગત કરીને આદિવાસી સંસ્કૃતિની ઝાંખી કરાવશે. આખો કાર્યક્રમ આદિજાતિ જિલ્લાઓના ૨૩ તાલુકાઓમાં જીવંત પ્રસારિત કરવામાં આવશે.

# મતદાર યાદી સુધારણા કાર્યક્રમ માટે જૂનાગઢમાં જાગૃતિ

જૂનાગઢ | ભારતના મજબૂત લોકશાહી તંત્રનો પાયો ગણાતી મતદાર યાદી માં રહેલી ક્ષતિઓને દૂર કરવા અને નવા પાત્ર મતદારોના નામ ઉમેરવા માટે જૂનાગઢ નું ચૂંટણી તંત્ર અત્યારે પૂરી સજ્જતાથી મેદાને ઉતર્યું છે. મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ - એસઆઈઆર ૨૦૨૫ અન્વયે તંત્ર દ્વારા ગઈકાલે, તા.૧૪ નવેમ્બરના રોજ એક વિશેષ અવેરનેસ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ જૂનાગઢ શહેરની પ્રતિષ્ઠિત મધર ડેરી ખાતે યોજાયો હતો. આ ખાસ જનજાગૃતિ કેમ્પ માં મતદારોને આખા સુધારણા કાર્યક્રમ વિશે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી, જેથી દરેક નાગરિક લોકશાહી પ્રક્રિયામાં એક સક્રિય અને સજાગ ભાગીદાર બની શકે. તંત્રનો હેતુ સ્પષ્ટ છે કે આગામી ચૂંટણીઓ પહેલાં એકપણ પાત્ર મતદાર પોતાના મતાધિકારથી વંચિત ન રહે.સરકાર અને ચૂંટણી પંચ દ્વારા શરૂ કરાયેલા આ ખાસ સઘન સુધારણા કાર્યક્રમની જરૂરિયાત એટલા માટે ઊભી થઈ છે.

## ન્યૂઝ ઈન બૉક્સ

# બાલાસિનોર પોલીસનો બાળદિનની ઉજવણીમાં નવતર પ્રયોગ કર્યો

મહીસાગર: બાળદિનના પવિત્ર અવસર પર, બાલાસિનોર પોલીસ સ્ટેશનના પરિવારે નગરના બાળકો સાથે સમય પસાર કરીને એક



અનોખી અને આનંદમય ઉજવણી કરીને એક નવતર પ્રયોગ કર્યો છે. ટાઉન પોલીસ સ્ટેશનના પીઆઈ અંશુમન નિનામા અને તેમના સ્ટાફની ટીમે નગરની ઈન્દિરાનગરી વિસ્તારની ઈંદિરા આવાસ પ્રાથમિક શાળા, શાખા-6 ની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો હેતુ માત્ર શુભેચ્છા પાઠવવાનો નહોતો, પરંતુ બાળકોને વર્તમાન સમયની મોટી સમસ્યાઓ, જેમ કે સાયબર ક્રાઈમ અને ટ્રાફિક સલામતી વિશે મહત્વનું માર્ગદર્શન આપીને તેમના ભવિષ્યને સુરક્ષિત બનાવવાનો હતો. પોલીસ પરિવારની આ પહેલે બાળકોમાં જ્ઞાન સાથે આનંદ અને ઉત્સાહ ભરી દીધો હતો.

# ફાટેલા હોઠ તાળવાના દર્દીઓ માટે જૂનાગઢમાં નિઃશુલ્ક સર્જરી કેમ્પ

જૂનાગઢ: સૌરાષ્ટ્રના લોકો માટે સ્વાસ્થ્ય અને સૌંદર્યલક્ષી ખામીઓને દૂર કરવાની એક મોટી અને નિઃશુલ્ક તક આવી ગઈ છે. કાશીબેન ગોરધનદાસ પટેલ ચિલ્ડ્રન હૉસ્પિટલ, વડોદરા અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, જૂનાગઢ ના સંયુક્ત ઉપક્રમે એક વિશેષ મફત તબીબી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જે જન્મજાત ખામીઓ ધરાવતા દર્દીઓના જીવનમાં અભૂતપૂર્વ પરિવર્તન લાવશે. આ કેમ્પમાં સૌથી વધુ ભાર ફાટેલા હોઠ અને ફાટેલા તાળવાની નિઃશુલ્ક સર્જરી પર મૂકવામાં આવ્યો છે. એટલું જ નહીં, દર્દીઓને સર્જરી માટે રહેવા તથા જમવાની વિના મૂલ્યે સુવિધા પણ પૂરી પાડવામાં આવશે. આ નિઃશુલ્ક તબીબી કેમ્પનું આયોજન તા. ૧૫ નવેમ્બરના રોજ સવારે ૧૦ થી ૧૨ વાગ્યા દરમિયાન કરવામાં આવ્યું છે. સ્થળનું સરનામું: ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, રેડ ક્રોસ ભવન, આઝાદ ચોક, એમ.જી. રોડ, જૂનાગઢ ખાતે. સવારે બે કલાકના આ ગાળામાં નિષ્ણાત તબીબો દર્દીઓની તપાસ કરશે અને સર્જરી માટેની તેમની યોગ્યતા ચકાસશે.

# જૂનાગઢ : ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી

જૂનાગઢ: જૂનાગઢ જિલ્લા કક્ષાએ ભગવાન બિરસા મુંડા ની ૧૫૦મી જન્મજયંતિ અને જનજાતીય ગૌરવ વર્ષ ઉત્સવની ઉજવણી માટે ગઈકાલે, તા. ૧૪ નવેમ્બર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે એક



ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય આદિવાસી સમાજના ગૌરવપૂર્ણ યોગદાનને બિરદાવવાનો અને દેશના યુવાનોને આઝાદીના લડવૈયાઓના જીવનમાંથી રાષ્ટ્ર નિર્માણ માટે પ્રેરણા આપવાનો હતો. જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયા ના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્રની ટીમે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દિવસ-રાત જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી બોલતા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમર એ જણાવ્યું હતું કે, આદિવાસી સમાજે આ દેશની સંસ્કૃતિ અને સ્વતંત્રતાની રક્ષા માટે સદીઓ સુધી લડત ચલાવી છે.

---

# જૂનાગઢના ખડીયામાં તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન

જૂનાગઢ: બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય અને તેઓ વિજ્ઞાન તથા પર્યાવરણ જેવા વિષયો પ્રત્યે સકારાત્મક અભિગમ કેળવે તેવા ઉમદા હેતુથી જૂનાગઢ ખાતે એક ભવ્ય વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન નું આયોજન કરવામાં આવ્યું હતું. જીસીઈઆરટી, ગાંધીનગર ની પ્રેરણા હેઠળ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયટ) અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની કચેરી ના સંયુક્ત ઉપક્રમે આ પ્રદર્શન પીએમ શ્રી ખડીયા કન્યા પે સેન્ટર શાળા ના યજમાન પદે યોજાયું હતું. આ વિજ્ઞાન મેળામાં જૂનાગઢ શહેર અને ગ્રામ્ય વિસ્તારના ૧૫૦ જેટલા બાળ વૈજ્ઞાનિકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક પોતાની કૃતિઓ રજૂ કરી હતી, જેણે ભવિષ્યના વૈજ્ઞાનિકોની ઝલક આપી હતી.આધુનિક વિષયો પર બાળ વૈજ્ઞાનિકોની કૃતિઓ બાળ વૈજ્ઞાનિકોએ રજૂ કરેલી કૃતિઓ આજના આધુનિક અને પર્યાવરણલક્ષી વિષયો પર આધારિત હતી. વિદ્યાર્થીઓએ વિજ્ઞાન અને ગણિતના સિદ્ધાંતોનો ઉપયોગ કરીને રોજબરોજના પ્રશ્નોના નિરાકરણ માટેના વ્યવહારિક મોડેલ્સ રજૂ કર્યા હતા. બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરવા માટે જૂનાગઢ તાલુકાના ટીપીઓ, દરેક સંઘના હોદ્દેદારો, ડાયટના પ્રતિનિધિઓ, દરેક પે સેન્ટરના આચાર્ય, ઈન્ચાર્જ બી.આર.સી. મનોજનાથ નાથજી, સી.આર.સી. કોર્ડીનેટરો તેમજ જીગ્નેશભાઈ મહેતા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલાનો કડીયાળી-ભેરાઈ-પીપાવાવ રોડ ૧૦ મીટર પહોળો થશે



જાફરાબાદ | રાજ્ય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં માળખાકીય સુવિધાઓને મજબૂત કરવાના ભાગરૂપે માર્ગ મરામત, નવીનીકરણ અને રિસર્ફેસિંગ સહિતના કામો યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યા છે. આ જનહિતકારી કાર્યક્રમના ભાગરૂપે અમરેલી જિલ્લા ના રાજુલા તાલુકા માટે એક મોટી સુવિધાજનક જાહેરાત કરવામાં આવી છે. માર્ગ મકાન વિભાગ રાજ્ય હસ્તકનો કડીયાળી-ભેરાઈ-પીપાવાવ રોડ ને પહોળો કરવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ હાલમાં ૦૭.૦૦ મીટરની પહોળાઈ ધરાવતા સી.સી. રોડ ને માત્ર નવીનીકરણ જ નહીં, પરંતુ તેની પહોળાઈમાં પણ વધારો કરવામાં આવી રહ્યો છે. માર્ગ અને મકાન વિભાગના જણાવ્યા અનુસાર, આ માર્ગ હવે ૧૦ મીટર જેટલો પહોળો કરવામાં આવશે. આ રોડનું પહોળું કરવાનું કામ હાલ પ્રગતિમાં છે. માર્ગની પહોળાઈ વધતા પીપાવાવ પોર્ટ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં થતા ભારે વાહનવ્યવહારને કારણે સર્જાતી સમસ્યાઓ હળવી થશે, તેમજ મુસાફરી વધુ સુરક્ષિત અને ઝડપી બનશે. માર્ગ મકાન વિભાગ ની યાદીમાં સ્પષ્ટ જણાવાયું છે કે, આ નવો અને પહોળો માર્ગ તૈયાર થવાથી મુખ્યત્વે પીપાવાવ પોર્ટ સાથે સંકળાયેલા લોકોને અને રામપરા તથા ભેરાઈ તેમજ તેની આસપાસના ગામોના રહેવાસીઓને વાહનવ્યવહારની સુગમતામાં સીધો અને મોટો ફાયદો થશે.

# અમરેલીમાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ: રાજકીય પક્ષો સાથે બેઠક

જાફરાબાદ | મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ જાહેર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમના સુચારુ સંચાલન અને અમલ માટે અમરેલી જિલ્લામાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ અનુસંધાને બુધવારે અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટરશ્રી ના અધ્યક્ષસ્થાને જિલ્લાના રાજકીય પક્ષોના પ્રતિનિધિશ્રીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દેસાઈ સહિત જિલ્લા ચૂંટણી તંત્રના કર્મયોગીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગરમાં 'જન જાતીય ગૌરવ દિવસ' અને 'એકતા પદયાત્રા'નું આયોજન

મહીસાગર: મહીસાગર જિલ્લા ના નાગરિકો માટે રાષ્ટ્રીય મહત્ત્વના બે કાર્યક્રમોની ઉજવણી માટે જિલ્લા તંત્ર દ્વારા તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. જિલ્લા સેવા સદન કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગર ના અધ્યક્ષ સ્થાને એક મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું, ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે 'જન જાતીય ગૌરવ દિવસ' અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના કાર્યક્રમો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# શક્તિ વિદ્યાલય સુણસર ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન



ચાણસ્મા: ચાણસ્મા તાલુકાના સુણસર ગામે આવેલી પ્રતિષ્ઠિત શક્તિ વિદ્યાલય ખાતે આજે શિક્ષણ અને જ્ઞાનના સમન્વય સમા એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા ખાતે એસ.વી.એસ. કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું, જેણે વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ અને વૈજ્ઞાનિક અભિગમ ને પ્રદર્શિત કરવા માટે એક ઉત્તમ મંચ પૂરો પાડ્યો હતો. આ પ્રદર્શનમાં ચાણસ્મા તાલુકાની કુલ ૪૩ શાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ શાળાઓના તેજસ્વી વિદ્યાર્થીઓએ વિવિધ ૧થી ૫ વિભાગમાં થઈને કુલ ૬૩ કૃતિઓ રજૂ કરી હતી. આ કૃતિઓમાં ગણિતના જટિલ સિદ્ધાંતોનું સરળ નિરૂપણ અને વિજ્ઞાનના અદભુત પ્રયોગો જોવા મળ્યા હતા, જેણે ઉપસ્થિત સૌ કોઈને આશ્ચર્યચકિત કર્યા હતા. આ પ્રદર્શનમાં એચ.વી. પટેલ હાઈસ્કૂલ, ચવેલી નું પ્રદર્શન નોંધનીય રહ્યું હતું. આ શાળાએ કુલ ત્રણ વિભાગમાં ભાગ લઈને અદભુત પ્રભુત્વ દર્શાવ્યું હતું.

કંપનીએ વિશ્વમાં 120થી વધુ દેશોમાં વ્યવસાય ફેલાવ્યો

# સુપ્રિયા લાઇફસાયન્સે આવકમાં વાર્ષિક ધોરણે 20.3 ટકાની વૃદ્ધિ

મુંબઈ | નાણાકીય વર્ષ 2025-26ના બીજા ત્રિમાસિક ગાળા માટે હિસાબ ન થયેલાં નાણાકીય પરિણામો સુપ્રિયા લાઇફસાયન્સ લિમિટેડએ જાહેર કર્યા છે, જે એપીઆઈ ઉત્પાદનમાં ઉત્કૃષ્ટ કામગીરી સાથે cGMPનું પાલન કરતી કંપની છે તથા એન્ટિ-હિસ્ટામાઇન, એન્ટિ-એલર્જીક, વિટામિન, એનેસ્થેટિક અને એન્ટિ-એસ્થેમેટિક સહિત સારવારના વિવિધ સેગમેન્ટમાંથી ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કંપનીએ દુનિયામાં 120થી વધારે દેશોમાં તેનો વ્યવસાય ફેલાવ્યો છે. નાણાકીય વર્ષ 2025-26ના બીજા ત્રિમાસિક ગાળામાં સુપ્રિયા લાઇફસાયન્સ લિમિટેડની આવક વાર્ષિક ધોરણે 20.3 ટકા વધીને રૂ. 199.83 કરોડ થઈ હતી, જે નાણાકીય વર્ષ 2024-25ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. 166.10 કરોડ હતી. નાણાકીય વર્ષ 2025-26ના બીજા ત્રિમાસિક ગાળામાં EBITDA રૂ. 72.65 કરોડ હતી, જેમાં EBITDA માર્જિન 36.4 ટકા હતું, જે નાણાકીય વર્ષ 2024-25ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. 64.72 કરોડ હતી અને તેમાં માર્જિન 39.0 ટકા હતું. નાણાકીય વર્ષ 2025-26ના બીજા ત્રિમાસિક ગાળામાં ચોખ્ખો નફો રૂ. 50.43 કરોડ હતો, જે નાણાકીય વર્ષ 2024-25ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. 46.15 કરોડ હતું. નાણાકીય વર્ષ 2025-26ના બીજા ત્રિમાસિક ગાળામાં પીએટી માર્જિન 25.2 ટકા હતું, જે નાણાકીય વર્ષ 2024-25ના બીજા ત્રિમાસિક ગાળામાં 27.8 ટકા હતું. નાણાકીય વર્ષ 2025-26ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં એનેસ્થેટિક સેગમેન્ટે આવકમાં વૃદ્ધિને આગળ વધારી હતી, જેણે આવકમાં 54 ટકાનું પ્રદાન કર્યું હતું.

વડોદરા મંડળે ઓક્ટોબરમાં તોડ્યા તમામ રેકોર્ડ

## પ્રથમ વખત ઓટો ટ્રેક્ટરનું લોડિંગ, ₹2.22 કરોડની ટિકિટ વસૂલાત

વડોદરા | પશ્ચિમ રેલવેના વડોદરા મંડળે ઓક્ટોબર મહિનામાં યાત્રી સેવા, માલ લોડિંગ, ટિકિટ તપાસ, સંરક્ષા, યાત્રી સુવિધાઓ જેવા ક્ષેત્રોમાં પ્રભાવશાળી પ્રદર્શન પ્રાપ્ત કર્યું. આ ઉપલબ્ધિઓ પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના મંડળ રેલવે મેનેજર શ્રી રાજૂ ભડકેના ગતિશીલ નેતૃત્વ અને અમૂલ્ય માર્ગદર્શનમાં શક્ય થઈ છે. વડોદરા મંડળ દ્વારા દિવાળી અને છઠ પૂજાના તહેવારોની સિઝન દરમિયાન યાત્રીઓની સુવિધા અને આરામદાયક યાત્રા સુનિશ્ચિત કરવા માટે સર્વગ્રાહી વ્યવસ્થાપન કરવામાં આવ્યા. મંડળ દ્વારા સંચાલિત નિયમિત અને 6 સ્પેશિયલ ટ્રેનોના 19 ફેરા મારફતે લગભગ 30 લાખથી વધુ યાત્રીઓએ ઉત્તર પ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળમાં પોતાના મુકામ સુધીની યાત્રા કરી છે.

ફટાકડા ફોડી એકબીજાને મીઠું મોઢું કરાવી ઉજવણી કરી

# નખત્રાણા મધ્યે બિહારની ચૂંટણીમાં BJP અને NDAની ભવ્ય જીતની ઉજવણી કરાઈ





મહેશ એલ.સોની | નખત્રાણા | તા.14

અબડાસા વિધાનસભા ભાજપ પરીવાર દ્વારા નખત્રાણા મધ્યે બિહારમા BJP તેમજ NDAનો ભવ્ય વિજય થતા ફટાકડા ફોડી તેમજ એક બીજાને મીઠું મોઢું કરાવી જીતની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે અબડાસા મત વિસ્તારના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમન સિંહ જાડેજાના બેરૂ રોડ સ્થિત કાર્યાલય ખાતે સાંસદ સભ્ય શ્રીવિનોદભાઈચાવડાધારાસભ્યશ્રી પ્રદ્યુમન સિંહ જાડેજા, શ્રી દિલીપભાઈ સંઘાણી શ્રી હરિસિંહ રાઠોડ, ધર્મેશભાઈ કેસરા, જયસુખભાઈ પટેલ, મુકેશભાઈ રાણવા, રવિભાઈ ગરવા, અશ્વિનભાઈ સોની, જીતેન્દ્રસિંહ જાડેજા, ગુલામહુસેનભાઈ બરચ સહિત મોટી સંખ્યામાં પાર્ટીના કાર્યકરો ઉજવણીમાં જોડાયા હતા.

## ન્યૂઝ ઈન બૉક્સ

### દર 6માંથી 1 ભારતીયને ડાયાબિટીસ : ICICI લોમ્બાર્ડ વેલનેસ ઇન્ડેક્સ 2025માં ચોંકાવનારો ખુલાસો

મુંબઈ | ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી ઈન્શ્યોરન્સ કંપની આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્શ્યોરન્સે 14 નવેમ્બર, 2025ના રોજ વર્લ્ડ ડાયાબિટીસ ડેના પ્રસંગે તેની ઈન્ડિયા વેલનેસ ઈન્ડેક્સ સ્ટડી 2025ની આઠમી એડિશન બહાર પાડી હતી. આ અભ્યાસમાં જણાવાયું છે કે દેશનો એકંદરે સુખાકારીનો સ્કોર સતત ચોથા વર્ષે 72ના આંકડે સ્થિર રહ્યો છે પરંતુ ભારતીયો ડાયાબિટીસ, તણાવ અને હૃદયની બીમારીઓ જેવી જીવનશૈલીની બીમારીઓનો સામનો કરી રહ્યા છે જે તમામ પેઢીઓમાં ધીરેધીરે સુખાકારીને ઘટાડી રહી છે. કાંતાર સાથેની ભાગીદારીમાં હાથ ધરવામાં આવેલ આ અભ્યાસમાં ભારતના 19 મુખ્ય શહેરી કેન્દ્રો, જે મેટ્રો અને ટિયર 1 શહેરોનું પ્રતિનિધિત્વ કરે છે, તેમાં સુખાકારીના છ પરિમાણો - શારીરિક, માનસિક, કૌટુંબિક, સામાજિક, નાણાંકીય અને કામના સ્થળે સુખાકારીનું મૂલ્યાંકન કરતા 2,000થી વધુ ઉત્તરદાતાઓના મજબૂત નમૂના પર આધારિત છે.

### બરોડા બીએનપી પારિબા લાર્જ એન્ડ મીડ કેપ ફંડે રૂ. 1,500 કરોડનો આંક વટાવતી AUM સાથે પાંચમી વર્ષગાંઠની ઉજવણી કરી

મુંબઈ | બરોડા બીએનપી પારિબા એસેટ મેનેજમેન્ટ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે આજે તેના બરોડા બીએનપી પારિબા લાર્જ એન્ડ મીડ કેપ ફંડ માટે બેવડી સિદ્ધિ હાંસલ કર્યાની જાહેરાત કરી હતી. સંપત્તિ સર્જનના 5 વર્ષ પૂરા કરનારી આ સ્કીમે એસેટ અંડર મેનેજમેન્ટમાં રૂ. 1,500 કરોડનો આંક પાર કર્યો છે જે રોકાણકારો માટે સંપત્તિ સર્જન કરીને 'Together for more'ના બ્રાન્ડના વચન પૂરા કરવાની તેની ક્ષમતામાં રોકાણકારોએ મૂકેલા વિશ્વાસને દર્શાવે છે. ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર - ઈક્વિટી સંજય ચાવલા અને સિનિયર એનાલિસ્ટ કીર્તન મહેતા દ્વારા સંચાલિત આ સ્કીમે સતત તેના બેન્ચમાર્ક કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. છેલ્લા ત્રણ વર્ષમાં આ સ્કીમે 17.08% વળતર આપ્યું છે, જે બેન્ચમાર્ક બીએસઈ 250 લાર્જ એન્ડ મીડકેપ ટીઆરઆઈના 13.9 ટકાના વળતર કરતા વધુ છે. શરૂઆતથી, ફંડે 21.23 ટકા વળતર આપ્યું છે, જેની સામે બેન્ચમાર્કનું વળતર 19.82 ટકા હતું. 31 ઓક્ટોબર, 2025 સુધીમાં શરૂઆતના સમયે રોકાણ કરાયેલ રૂ.1,00,000ની રકમ બમણી થઈને રૂ. 2,74,803.0 થઈ ગઈ હોત.

### એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસનો આઈપીઓ બુધવાર, 19 નવેમ્બર, 2025ના રોજ ખુલશે

અમદાવાદ | એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસ લિમિટેડ બુધવાર, 19 નવેમ્બર, 2025 ના રોજ તેના રૂ. 10ની ફેસ વેલ્યુ ધરાવતા તેના ઈક્વિટી શેર્સનો આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરે છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે મંગળવાર, 18 નવેમ્બર, 2025ના રોજ છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, 21 નવેમ્બર, 2025 છે. ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂ. 10ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂ. 114થી રૂ. 10ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂ. 120 સુધી નક્કી કરવામાં આવ્યો છે. રૂ. 10ની ફેસ વેલ્યુના ઓછામાં ઓછા 125 ઈક્વિટી શેર અને ત્યારબાદ રૂ. 10ની ફેસ વેલ્યુના 125 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાય છે. આઈપીઓમાં રૂ. 1,800 મિલિયન સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઇશ્યૂ અને પેદાન્તા ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂ. 3,200 મિલિયન સુધીના ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે.

### વર્લ્ડ ડાયાબિટીસ ડે - અમદાવાદ શહેરમાં 103 કેન્દ્રો ઉપર ડાયાબિટીસ અંગે જાગૃતિ અભિયાન યોજાયું

અમદાવાદ | અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન-સાઉથ ઈસ્ટ એશિયાના સહયોગથી અને અમદાવાદ ફેમિલી ફિઝિશિયન એસોસિએશનના સમર્થનથી, વર્લ્ડ ડાયાબિટીસ ડે નિમિત્તે સવારના સમયે જે સ્થળોએ જાહેર જનતાની અવર-જવર વધુ પ્રમાણમાં રહેતી હોય તેવા સમગ્ર અમદાવાદના ૧૦૩ સ્થળોએ સવારના ૭:૦૦ થી ૮:૦૦ કલાક દરમિયાન ડાયાબિટીસ સ્ક્રીનીંગ અને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્લ્ડ ડાયાબિટીસ ડે નિમિત્તે મુખ્ય કાર્યક્રમ પરિમલ ગાર્ડન ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં શહેરના માનનીય મેયરશ્રી શ્રીમતી પ્રતિભાબેન જૈન, અમરાઈવાડીના ધારાસભ્ય ડૉ. હસમુખ પટેલ, AMCના ચીફ મેડિકલ ઓફિસર ડૉ. ભાવિન સોલંકી, AMCના ઉચ્ચ અધિકારીઓ જેમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તેમજ હેલ્થ કમિટીના ચેરમેન સહિત ડૉ. બન્સી સબૂ, AFPAના ડૉ. પ્રિતેશ શાહ અને ડૉ. મેહુલ શેલત, ક્યોર સાઈટ હોસ્પિટલના ડૉ. પરિમલ દેસાઈ, ડૉ. મોના દેસાઈ અને ડૉ. આદિત દેસાઈ સહિત અમદાવાદ મેડિકલ એસોસીએસનની વર્કિંગ કમીટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તમામ 103 કેન્દ્રોમાં ઉત્તમ વ્યવસ્થાપન, સંકલન અને શહેરીજનોમાં જાગૃતિ લાવવા અંગેનું કાર્ય ડૉ. પ્રજ્ઞેશ વછરાજાણીએ સંભાળ્યું હતું.

## વેરાવળ શહેર કારડિયા રાજપૂત સમાજનો સ્નેહમિલન યોજાશે

ગીર સોમનાથ | વેરાવળ શહેર કારડિયા રાજપૂત સમાજ દ્વારા આયોજિત સ્નેહ મિલન કારડિયા રાજપૂત બોર્ડીંગ વેરાવળ ખાતે યોજાશે. આ સ્નેહમિલનમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. આગામી તા.૧૬ નવેમ્બરને રવિવારના રોજ સાંજે ૬ કલાકે, કારડિયા રાજપૂત બોર્ડીંગ વેરાવળ ખાતે કારડિયા રાજપૂત સમાજ વેરાવળ શહેર દ્વારા આયોજિત સ્નેહમિલન યોજાશે. આ સ્નેહ મિલન નુતન વર્ષાભિનંદન, નવા વર્ષના રામ રામ... અને આવનારૂ નવું વર્ષ આપ તથા આપના પરિવાર માટે મંગળમય રહે, તે હેતુથી નવા વર્ષ નિમિતે વેરાવળ શહેરનું સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે.

# સાબરમતી રેલવે સ્ટેશન પર 'વંદે માતરમ્' પ્રદર્શનનું આયોજન

અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા સાબરમતી રેલવે સ્ટેશન પર "વંદે માતરમ્" પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનનો ઉદ્દેશ ભારતના સ્વતંત્રતા સંગ્રામ,વીર સ્વતંત્રતા સેનાનીઓ તથા રાષ્ટ્રભક્તિની ગૌરવશાળી પરંપરાને જન-જન સુધી પહોંચાડવાનો છે.

પ્રદર્શનમાં સ્વતંત્રતા સંગ્રામથી જોડાયેલા દુર્લભ દસ્તાવેજ, ઐતિહાસિક ચિત્ર, વીર સેનાનીઓના પ્રેરક જીવન પ્રસંગ, દેશભક્તિ સાહિત્ય તથા વિવિધ કલા-કૃતિઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવામાં આવ્યું છે. વિશેષ આકર્ષણના રૂપે "વંદે માતરમ્" ગીતની રચના, તેનું ઐતિહાસિક મહત્વ તથા તેનાથી જોડાયેલા મુખ્ય પ્રસંગોને સુંદર, પ્રભાવક અને દર્શનીય રૂપમાં રજૂ કરવામાં આવ્યા છે. "વંદે માતરમ્" ફક્ત એક ગીત નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ, રાષ્ટ્રપ્રેમ અને માતૃભૂમિ પ્રત્યે સમર્પણનું અમર પ્રતિક છે. સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન આ ગીતે દેશવાસીઓમાં અદમ્ય ઉત્સાહ અને એકતાનો સંચાર કર્યો હતો. આજે પણ "વંદે માતરમ્" આપણને રાષ્ટ્ર નિર્માણ અને રાષ્ટ્રહિતમાં યોગદાન આપવાની પ્રેરણા આપે છે. આ પ્રદર્શન દેશભક્તિ, ઈતિહાસ અને સંસ્કૃતિથી ઓત-પ્રોત અનુભવ અપાવે છે તથા તમામ ઉંમર વર્ગના આગંતુકોને ભારતીય સ્વતંત્રતા સંગ્રામની ગૌરવશાળી ગાથા થી જોડવાનો ઉત્કૃષ્ટ મંચ સાબિત થઈ રહ્યું છે.

## જગુદણ સ્ટેશન પર એન્જિનિયરીંગ કામ માટે બ્લૉકના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના જગુદણ સ્ટેશન યાર્ડમાં 16.11.2025 (રવિવાર) ના રોજ બ્રિજ નંબર 982 ના પુનઃનિર્માણ કામના સંબંધમાં બ્લૉક લેવામાં આવી રહ્યો છે. જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. આંશિક રદ ટ્રેનો : 1. તારીખ 16.11.2025 ની ટ્રેન નંબર 20959/20960 વલસાડ-વડનગર-વલસાડ એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલ અને વડનગર વચ્ચે આંશિક રદ રહેશે. 2. તારીખ16.11.2025 ની ટ્રેન નંબર 14821 જોધપુર-સાબરમતી એક્સપ્રેસ સાબરમતી-આબૂરોડ વચ્ચે અને તારીખ 17.11.2025 ની ટ્રેન નંબર 14822 સાબરમતી-જોધપુર એક્સપ્રેસ આબૂરોડ-સાબરમતી વચ્ચે આંશિક રદ રહેશે. રિશિડ્યુલ ટ્રેનો : 1. તારીખ 16.11.2025 ની ટ્રેન નંબર 20485 જોધપુર-સાબરમતી એક્સપ્રેસ જોધપુરથી 2 કલાક રિશિડ્યુલ થશે. 2. તારીખ16.11.2025 ની ટ્રેન નંબર 69207 ગાંધીનગર કેપિટલ-વરેઠા મેમૂ ગાંધીનગર કેપિટલથી 01 કલાક રિશિડ્યુલ થશે.



લખપત ગામ લખપત પ્રાથમિક શાળા ખાતે રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થાનું સ્વ મુલાયકન અંતરંગત શાળામાં તમાકુ વિરોધી ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પ્રથમ,બીજો,ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કરેલ વિધાર્થીઓને પ્રોત્સાહિત ઇનામો આપવામાં આવ્યું. સાથે સાથે તમામ વિધાર્થીઓ ને તમાકુ થી થતા રોગો તેમજ વ્યસનમુક્તિ માટે સમજણ આપવામાં આવી. જેમાં સ્કૂલના મુખ્ય શિક્ષક CHO, MPHW હાજર રહ્યા હતા..

પ્રાઇસ બેન્ડ ₹114-120, 3 દિવસમાં પૈસા લગાવો!

# એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસ IPO 19 નવેમ્બરથી ખુલશે



અમદાવાદ | એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસ લિમિટેડના ૧૦ ફેસ વેલ્યુના પ્રતિ ઈક્વિટી શેર દીઠ ભાવ બેન્ડ ૧૧૪ થી ૧૦ ફેસ વેલ્યુના પ્રતિ ઈક્વિટી શેર ૧૨૦ પર નિશ્ચિત કરવામાં આવ્યો છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ - મંગળવાર, ૧૮ નવેમ્બર, ૨૦૨૫ બિડ/ઓફર ખુલવાની તારીખ - બુધવાર, ૧૯ નવેમ્બર, ૨૦૨૫, અને બિડ/ઓફર બંધ થવાની તારીખ - શુક્રવાર, ૨૧ નવેમ્બર, ૨૦૨૫ ઓછામાં ઓછા ૧૨૫ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૧૨૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં બોલી લગાવી શકાય છે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ તારીખ ૧૧ નવેમ્બર, ૨૦૨૫ લિંક: https://www.anandrathiib.com/pdf/documents/Excelsoft-Technologies-Limited-RHP.pdf ૧૩ નવેમ્બર, ૨૦૨૫: એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસ લિમિટેડ બુધવાર, ૧૯ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ તેના ૧૦ ના ફેસ વેલ્યુના ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ ખોલવાનો પ્રસ્તાવ મૂકે છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ પહેલા છે, જે મંગળવાર, ૧૮ નવેમ્બર, ૨૦૨૫ છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, ૨૧ નવેમ્બર, ૨૦૨૫ છે.

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આયોજન કરાયેલ

# મેગા એગ્રીકલ્ચર ક્રેડિટ આઉટરીચ કેમ્પેઇન સફળતાપૂર્વક સંપન્ન



અમદાવાદ | ખેડૂતોના સશક્તિકરણ અને કૃષિ વિકાસને પ્રોત્સાહન આપવા હેતુથી સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આયોજન કરાયેલ "મેગા એગ્રીકલ્ચર ક્રેડિટ આઉટરીચ કેમ્પેઇન" તા. 14 નવેમ્બર 2025ના રોજ એફ. કે. અમીન હોલ, પબ્લિક હાઈસ્કૂલ, રેલવે સ્ટેશનરોડ,તારાપુરખાતેસફળતાપૂર્વક યોજાયો. આ અભિયાનનો મુખ્ય હેતુ ખેડૂતોને વિવિધ કૃષિ લોન યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી પહોંચાડવી અને તેમને સમયમર્યાદિત નાણાકીય સહાય ઉપલબ્ધ કરાવવી હતી. કેમ્પનો પ્રારંભ બપોરે 2:00 વાગ્યે થયો હતો, જેમાં વિસ્તારની તમામ શાખાઓએ સક્રિય ભાગ લીધો હતો. 150થી વધુ ખેડૂતભાઈઓ, મહિલા સ્વ-સહાય જૂથોના સભ્યો તથા અન્ય ગ્રાહકો ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોની સુવિધા માટે બેંક દ્વારા તાત્કાલિક લોન મંજૂરી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી અને પાત્ર ખેડૂતોને સ્થળ પર જ 60થી વધુ લોન મંજૂરી પત્રો આપવામાં આવ્યા. પી.એમ.એસ.બી.વાય. અને પી.એમ.જેજે.બી.વાય.ના ડેથ ક્લેમના 6 ચેક પણ નામાંકિત વ્યક્તિઓને વિતરણ કરવામાં આવ્યા. કાર્યક્રમ દરમિયાન બેંકની મુખ્ય કૃષિ યોજનાઓ જેમ કે – સેન્ટ પોલ્ટ્રી યોજના, સેન્ટ કોલ્ડ સ્ટોરેજ યોજના, સેન્ટ ફૂડ પ્રોસેસિંગ યોજના, સેન્ટ રાઈસ મિલ યોજના, સેન્ટ ફિશરીઝ યોજના, સેન્ટ KCC યોજના, ATL ડેરી યોજના, SHG-NRLM યોજના તેમજ PM-KUSUM અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી.

ઈથોપિયામાં દૈનિક ભોજનની શરૂઆત

# મલાબારની ભૂખમુક્ત વિશ્વ પહેલનું વૈશ્વિક વિસ્તરણ

દુબઈ | ભારતભરના લાખો લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવ્યા બાદ, વિશ્વની પાંચમા ક્રમની સૌથી મોટી જ્વેલરી રિટેલર મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સ એ તેની મહત્વકાંક્ષી 'હંગર ફ્રી વર્લ્ડ' પહેલને આફ્રિકન ખંડના ઈથોપિયા સુધી વિસ્તારવાની જાહેરાત કરી છે. ભારતમાં અને ત્યારબાદ ઝામ્બિયા માં મળેલી પરિવર્તનકારી સફળતા બાદ, આ પહેલ હવે વૈશ્વિક મંચ પર વિકાસના નવા તબક્કામાં પ્રવેશી રહી છે. દુબઈ ગોલ્ડ શૌક ખાતેના મલાબાર ઈન્ટરનેશનલ હબમાં આ જાહેરાત કરવામાં આવી હતી, જેણે સ્પષ્ટ કરી દીધું છે કે એક ભારતીય કંપની હવે સામાજિક જવાબદારીના ક્ષેત્રે વૈશ્વિક પ્રભાવ પાડવા માટે તૈયાર છે.

આ જાહેરાત એક ભારતીય કંપનીની ઉદારતા, કરુણા અને સામૂહિક પ્રગતિ ના સિદ્ધાંતોનું પ્રતીક છે. મલાબાર ગોલ્ડ ભારતની સૌથી અગ્રણી કંપનીઓ પૈકીની એક છે, જે કોર્પોરેટ સામાજિક જવાબદારીને એક નવી ઊંચાઈ પર લઈ જઈ રહી છે. કંપની ભારતમાં ફરજિયાત સીએસઆર ફાળવણીના બેગણાથી પણ વધુ - એટલે કે તેના ચોખ્ખા નફાનો 5 ટકા હિસ્સો સતત રોકાણ કરીને આ ક્ષેત્રે પ્રમાણિકતાની નવેસરથી વ્યાખ્યા કરી રહી છે. આ ટકાઉ અભિગમ જ બતાવે છે કે કેવી રીતે એક વ્યવસાય તેના મૂળભૂત ધ્યેયોથી આગળ વધીને સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવી શકે છે.

કંપનીની ભૂખમુક્ત વિશ્વ પહેલ તેની સૌથી પ્રભાવશાળી ઈએસજી યોજનાઓ પૈકીની એક છે. હાલમાં આ કાર્યક્રમ અંતર્ગત વિશ્વભરના 119 સ્થળોએ દરરોજ 1,15,000 થી વધુ ભોજન પૂરા પાડવામાં આવે છે. ઝામ્બિયામાં મે 2024 થી અત્યાર સુધીમાં ત્રણ શાળાઓમાં 9,00,000 થી વધુ ભોજન પીરસવામાં આવ્યા છે, અને આ સફળતાના પગલે જ ઈથોપિયામાં વિસ્તરણનું પગલું લેવાયું છે.

# ઓહો!! થેન્ક યુ રાજન, શું કરું? હું આવી જ છું બધાથી સાવ અલગ અલ્લડ...

રેડ સાડીમાં કંકુ થી લાંબી સેંથી પૂરીને ઘરેણા થી સજીધજી ને રૂમ ની બહાર નીકળી ને બેઠક ખંડ માં પ્રવેશતા જ ત્યાં ઉપસ્થિત સગા સબંધીઓ,પડોશીઓ અને ફ્રેન્ડસ વગેરે ની નજર નિરાલી પર પડતાં જ બધાને આશ્ચર્ય સાથે શોક લાગ્યો. નિરાલીની કાકી તો ભત્રીજી ને જોતાજ રડવા લાગી રડતા રડતા બેઠક ખંડ માં ઉપસ્થિત સગા સબંધીઓ અને પડોશીઓ ને ઉદ્દેશી ને બોલી કે મારી નિરાલીને ડેડ ના મૃત્યુ નો ઊંડો આઘાત લાગ્યો છે એમાં..

નિરાલી ની નજીક જઈને કાકી એ પ્રેમ થી એના પીઠ પર હાથ ફેરવતા કહ્યું કે મારા દીકરા,શું થયું છે તને? તારી તબિયત તો સારી છે ને મને ખબર છે દર્દ છુપાવવા માટે તું ખુશ છે એ દર્શાવવા માંગે છે. બેટા,થોડું રડી લઈશ ને એટલે ડેડ ના મૃત્યુ નું દર્દ ઓછું થઈ જશે.

કાકી નો હાથ પકડીને નિરાલી ખડખડાટ હસતા હસતાં બોલી કે શેનું દર્દ? તમે લોકો એ સફેદ કપડા કેમ પહેર્યા છે? આજ મારી મોમ આવવાની છે એ મારા ડેડ ને પણ સાથે લઈ જવાની છે. બાળપણ માં ડેડ નિત્ય પરીઓ ની વાર્તા સાથે મોમ ની વાર્તાઓ પણ કહેતા હતા. ઘણીવાર મારા ફ્રેન્ડસ ની મમ્મી ઓને નિહાળી ને ઉદાસ થઈ જતી ત્યારે ડેડ કહેતા હતા કે નિરાલી,તું ગુડ ગર્લ છે એટલે ગુડ ગર્લ ને રડવું આવતું નથી તું તો કાયમ હસતી જ રહેવી જોઈએ.મોમ આકાશ માંથી તને રડતી જોશે તો એને ખોટું લાગી જશે.

જ્યારે પૂછતી હતી કે મોમ ને તમે કેમ દૂર આકાશ માં છુપાવવા જવા દીધી? ત્યારે ડેડ કહેતા હતા કે ત્યારે મોમ મિનિટ માં આવું છું બોલી આકાશ માં છૂપાઈ ગઈ હતી.


નિરાલી ની વાત સાંભળતા જ નાનું મામા ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યા એના મોઢા માંથી નિરાલી ને સમજાવવા ના શબ્દો નહતા પણ ભાણકી ની વાતો પરથી લાગતું હતું કે આજની નિરાલી ની દશા માટે જવાબદાર જીજાજી સાથે હું પણ છું જ્યારે જ્યારે એ દીદી વિશે પૂછતી ત્યારે અમે બધા મોમ ની વાર્તાઓ બનાવી ને સંભળાવતા હતા. વાસ્તવિકતા તો એ છે કે નિરાલી એ બાળપણ થી લઈને ૨૫ વર્ષની થઈ ત્યાં સુધી 'મોમ આકાશ માં છૂપાઈ ગઈ' ની વાર્તા ને સાચી માની લીધી છે. અરે!!રે,કેટલો હું અભાગ્યો છું મારી નિરાલી ને એની મોમ ના મૃત્યુનું સત્ય ક્યારેય કહી શક્યો નહી.

બંગલા ના બેઠક ખંડ અને બહાર ઉભેલ સફેદ કપડાં માં સજ્જ લોકો ને નિહાળતા જ નિરાલી મોટેથી બોલી કે શું ક્યારના બધા કલાકો થી રોકકળ કર્યા કરો છો જાવ બધા ઘરે જઈને સજી ધજી ને આવો.નકામું ઉદાસી નું વાતાવરણ શું કામ બનાવી દીધું છે?

હું કહું છું કે મારા ડેડ મૃત્યુ પામ્યા નથી એ પણ મોમ ની જેમ મારા સાથે સંતાકુકડી ની રમત રમી રહ્યા છે.

નિરાલી ના બોયફ્રેન્ડ રાજન એ નિરાલી ની નજીક જઈને કીધું કે સારુ તું તારા ડેડ સાથે સંતાકુકડી ની રમત રમી રહી છો એ વાત સાથે સહમત છું પણ તે લાલ સિંદૂરથી સેંથી કેમ પૂરી છે? આપણા હજુ લગ્ન ક્યાં થયા છે? નીરુ,જેના લગ્ન થયા હોય ને એ લોકો જ સૌભાગ્ય ના ચિન્હો પહેરે છે.

ઓહો!!થેન્ક યુ રાજન,શું કરું? હું આવી જ છું બધા થી સાવ અલગ અલ્લડ...બિન્દાસ મારા ડેડ ની લાડલી અન્ય થી સાવ નિરાળી નિરાલી..



નિરાલી

- રુપાલી દવે

રાજન સામે જોઈને નાક પર આંગળી મૂકીને ધીમેથી નિરાલી એ રાજન ને કહ્યું કે અરે!!સમજ હું અત્યારે મોમ બની છું એટલે તો ડેડ સફેદ ચાદર ની અંદર છુપાયા છે.મને મોમ ની ખૂબ યાદ આવે છે ત્યારે ડેડ છૂપાઈ જાય છે ને હું મોમ સાથે કલાકો ના કલાકો વિતાવું છું.

રાજન,તને ખબર છે નિરાલી નો અર્થ શું થાય છે?તને ખબર છે જન્મ સમયે મોટાભાગ ના બાળકો રડતા હોય છે પણ મારો જન્મ થયો ત્યારે રડવા ના બદલે મેં મારા ડેડ ની સામુ જોઈને મીઠું સ્માઈલ આપ્યું હતું. મારા ડેડ કહેતા હતા કે બાળપણ માં મને રડવું ઓછું આવતું હતું ભાગ્યે જ રડતી હતી.

રાજન એ નિરાલી નો હાથ પોતાના હાથ માં લેતા કહ્યું કે તારી બધી વાત સાચી પણ હસવું,રડવું કે સેડ વગેરે લાગણીઓ દર્શાવવા માટે એનો ખાસ સમય હોય છે.આ સમય માં હસવા નો નથી તારા ડેડ નું મૃત્યુ થયું છે. લોકો તારા હસવાનો ખોટો અર્થ કાઢશે તો..

રાજન ની વાત અનસૂની કરતા નિરાલી ગુસ્સા માં બોલી કે રાજન યાર!!તારું પણ આ બધાની માફક સાવ ભમી ગયું લાગે છે એટલે ચિત્રવિચિત્ર વાતો ક્યારનો કર્યા કરે છે. ડેમિડ,તને એટલું પણ સમજાતું નથી કે મારી મોમ આવશે ને મને રડતી જોશે તો એને દુઃખ થશે.

અચાનક નિરાલી ના અવાજ અને હાવભાવ બદલાઈ જતા લાગ્યું કે એના શરીર મા કોઈ અદશ્ય પ્રવેશી ગયું છે. નિરાલી મોટે મોટેથી અલગ અંદાજ મા બોલવા લાગી કે કેટલા વખતે મારી નિરાલી ને મળવાનો મોકો મળ્યો,ક્યાં સંતાઈ ને બેઠી છે મારી નીરુ?

અરે!!તમે બધા કોણ છો? મામા ની સામુ જોઈને નિરાલી બોલી કે ભાઈલા, તને તો ધર્મેન્દ્ર ની જેમ રંગીન કપડા વધારે ગમે છે સફેદ કપડાં કેમ પહેર્યા છે?હમમ સમજી ગઈ લોકેશ એ થીમ પાર્ટી રાખી લાગે છે એટલે બધા સફેદ કપડાં માં છો.

ભઈલા,સફેદ કપડા માં પણ વેરાયટીઓ માર્કેટ માં મળે છે. લાગે છે કે તારા ડ્રેસ ની પસંદગી રુચિતા ની હશે તને એની પૂછ બની ને જીવવાની આદત પડી ગઈ છે. નિરાલી એ ખડખડાટ હસતા હસતાં મામા ને કહ્યું કે ભાઈલા,મને તો લાગે છે કે એક સમયે તું તારી બૈરી નો પૂરેપૂરો હમશકલ થઈ જવાનો છે.

નિરાલી ની વાતો સાંભળતા જ બેઠક ખંડ માં ઉપસ્થિત લોકો પરિસ્થતિ ને જાણતા હોવા છતાંય ખડખડાટ હસવા લાગ્યા.

પણ...પણ...મામા નું દર્દ વધારે ને વધારે છલકાઈ ને રડવા લાગ્યું હતું..મામી એ મામા ને સાંત્વના આપતા કહ્યું કે નિરાલી નું દર્દ આપણા બધા કરતા પણ વધારે છે એટલે આ પરિસ્થતિ માંથી બહાર કાઢવા માટે કંઈક ઉપાય વિચારો. જીજાજી નું મૃત્યુ થયું એ વાત નિરાલી સ્વીકારી શકતી નથી એટલે આવું વિચિત્ર વર્તન કરી રહી છે.

..શું કરવું સમજાતું નથી? ગોર મહારાજ આવશે એ ભેગા અંતિમ વિધિની તૈયારીઓ શરૂ થઈ જશે.

બધા લોકો નિરાલીની વિચિત્ર વર્તણૂક થી ચિંતિત બેઠા હતા ત્યાં જ બેઠક રૂમ ની અંદર લોકેશ ના બાળપણ ના બેસ્ટ ફ્રેન્ડ ડોક્ટર સુમિત પ્રવેશ્યા.

ડોક્ટર સુમિત ને જોતાજ નિરાલી દોડીને એને વળગી ને હસતા હસતા અચાનક રડતા રડતા બોલી કે ફ્રેન્ડ, ડેડ પણ મમ્મીની શોધ માં સફેદ ચાદર ની અંદર જઈને છૂપાઈ ગયા છે મને મારા ડેડ શોધી આપશો..

નિરાલી ની બાળપણ ની માનસિક સમસ્યા થી પરિચિત ડોક્ટર સુમિત એ નિરાલી ની આંખ માંથી વહેતા આંસુ રૂમાલ થી લૂછતા કીધું કે તારા ડેડ ને શોધવા મારા સાથે તારે ટીમ બનાવી પડશે બોલ છે મંજૂર..

નિરાલી એ ડોક્ટર સુમિત ના હાથ માં હાથ મૂકીને બોલી કે હા!!પ્રોમિસ..

સતત બેત્રણ દિવસ સુધી ગાઢ નિંદ્રા માં પોઢેલ નિરાલી નો નિર્દોષ ચહેરો નિહાળતા ડોક્ટર સુમિત મનોમન બોલ્યા કે જન્મતાવેંત મોમ ને ગુમાવી ચુકેલ નિરાલી ૨૫ વર્ષ થી મોમ ની શોધ માં રહેતી હતી.જ્યારે એ જાગશે ને પૂછશે એના ડેડ વિશે? 'ડેડ પણ મોમ ની માફક અનંત યાત્રા ના મુસાફર બની ગયા છે' આ હકીકત એને કેવી રીતે સમજાવી શકીશ? એ મારી વાત પર વિશ્વાસ મૂકશે કે નહી....



**બોલિવૂડ અભિનેત્રી સ્વરા ભાસ્કરે તેના શાળાના દિવસોનો એક ખરાબ અનુભવ શેર કર્યો છે**

# છોકરાઓ મારા અંડરગાર્મેન્ટ પર નજર રાખતા હતા

બોલીવુડ અભિનેત્રી સ્વરા ભાસ્કર હંમેશા કોઈને કોઈ કારણસર ચર્ચામાં રહે છે. તાજેતરના એક ઈન્ટરવ્યુ દરમિયાન સ્વરા ભાસ્કરે તેના શાળાના દિવસોનો એક ખરાબ અનુભવ શેર કર્યો. તેણે સમજાવ્યુ કે છોકરીઓ ચોક્કસ ઉંમરે પહોંચે છે ત્યારે કંઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સ્વરા ભાસ્કરે જણાવ્યુ કે જ્યારે તે શાળામાં હતી, ત્યારે છોકરાઓ તેના અંડરગાર્મેન્ટ પર નજર રાખતા હતા. ચાલો જાણીએ કે અભિનેત્રીએ આખી વાત કઈ જણાવી. એક ઈન્ટરવ્યુમાં વાત કરતા સ્વરા ભાસ્કરે કહ્યું, 'જ્યારે અમે છોકરીઓ શાળામાં 11મા કે 12મા ધોરણમાં પહોંચીએ છીએ, ત્યારે તેઓ તરુણાવસ્થામાં પ્રવેશવા લાગે છે. દરેક નાની છોકરીના જીવનમાં એક એવો તબક્કો આવે છે જ્યાં તમે પહેરેલા વેસ્ટ જેવા વેસ્ટથી સ્પોર્ટ્સ બ્રા તરફ આગળ વધો છો. તે પછી તમે નોર્મલ બ્રા તરફ આગળ વધો છો. અમારા વર્ગના છોકરાઓને ખૂબ મજા આવતી હતી, તેઓ ગણતરી કરવા લાગતા કે કઈ છોકરીએ બ્રા પહેરવાનું શરૂ કર્યું છે. અમારા છોકરીઓ માટે એવું હતું કે, 'છોકરાઓને ખબર ના પડવી જોઈએ કે અમે બ્રા પહેરી રહ્યા છીએ. હવે બ્રા ઉપર ગંજી પહેરો અને દિલ્હીની ગરમી.' સ્વરા ભાસ્કરે આગળ જણાવ્યુ, 'બ્રા શોપ પર હંમેશા એક કાકા હોય. મને ખબર નથી કે મહિલાઓ આ દુકાનોમાં કેમ કામ કરતી નથી.' મને એટલી શરમ આવતી હતી કે હું મારા પિતાને મોકલતી. હું કહેતી, 'હું નથી ખરીદવા જવાની.'

# 'I LOVE YOU' શબ્દ આજે કેઝ્યુઅલ બની ગયો

## પ્રેમનો અર્થ ખોવાયો! કાજોલના 'એક્સપાયરી ડેટ' વાળા લગ્ન પર અજય દેવગણનો પ્રહાર



બોલિવૂડની સૌથી લોકપ્રિય જોડીમાંની એક, અજય દેવગણ અને કાજોલ, તેમના ૨૬ વર્ષથી વધુના લગ્નજીવન વિશે અવારનવાર ખુલીને વાત કરે છે. તાજેતરમાં, કાજોલે લગ્નને લઈને એક ખૂબ જ બિનપરંપરાગત વિચાર રજૂ કર્યો, જેના જવાબમાં અજય દેવગણે યુવા પેઢીના પ્રેમ પ્રત્યેના વલણ પર ઊંડો આક્રોશ વ્યક્ત કર્યો છે. અજય દેવગણ અને આર. માધવન તેમની આગામી ફિલ્મ 'દે દે પ્યાર દે ૨' ના પ્રમોશન દરમિયાન એક યુટ્યુબ ચેનલ પર વાત કરી રહ્યા હતા. અહીં અજય દેવગણએ કહ્યું કે, આજના સમયમાં પ્રેમ શબ્દનો એટલો બિનજરૂરી ઉપયોગ થયો છે કે તેણે પોતાનો સાચો અર્થ ગુમાવી દીધો છે. તેમના કહેવા પ્રમાણે, 'અમારી પેઢીમાં, 'આઈ લવ યુ' કહેવું એક મોટો નિર્ણય હતો, પરંતુ આજે લોકો આ શબ્દની ગહનતા સમજતા નથી, તેથી તેનો અતિશય ઉપયોગ થયો છે.' આ વાત સાથે સહમત થતાં આર. માધવને ઉમેર્યું કે હવે તો દરેક મેસેજમાં હાર્ટ ઈમોજી હોય છે અને અંતે 'લવ' લખેલું હોય છે, જે આ લાગણીને એકદમ કેઝ્યુઅલ બનાવી દે છે. માધવનએ એમ પણ કહ્યું કે, આજના પ્રેમને માત્ર પાલતુ પ્રાણીઓ પ્રત્યેના બિનશરતી પ્રેમ સાથે જ સરખાવી શકાય. જોકે, અજય દેવગણએ વચ્ચેથી વાત કાપતા કહ્યું કે માણસમાં તે શક્ય નથી, કારણ કે પાલતુ પ્રાણીઓ તમારી પાસેથી ક્યારેય કંઈ અપેક્ષા રાખતા નથી. અજયના આ નિવેદન પહેલાં, કાજોલએ તેના શો 'ટુ મચ'માં એક મોટું નિવેદન આપ્યું હતું. કાજોલએ સૂચવ્યું કે લગ્નને એક 'એક્સપાયરી ડેટ' સાથે આવવું જોઈએ, જેથી જો સંબંધમાં સમસ્યા આવે તો લોકોને સન્માન સાથે છૂટા પડવાની સ્વતંત્રતા મળે. 'લગ્નમાં રિન્યુઅલનો વિકલ્પ હોવો જોઈએ. જો એક્સપાયરી ડેટ હોય તો આપણે લાંબા સમય સુધી દુઃખી થવું ન પડે,' તેમનું આ નિવેદન હતું. અગાઉ, કાજોલએ તેમના લાંબા લગ્નજીવનનું રહસ્ય 'આંશિક બહેરાશ અને સિલેક્ટિવ ભૂલી જવું' ગણાવ્યું હતું.

# 'દે દે પ્યાર દે ૨'ની રિલીઝ પહેલાં રકુલ પ્રીત સિંહે લીધા સિદ્ધિવિનાયક દર્શન



અભિનેત્રી રકુલ પ્રીત સિંહની રોમેન્ટિક-કોમેડી ડ્રામા ફિલ્મ 'દે દે પ્યાર દે ૨' આજે, ૧૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. ફિલ્મની રિલીઝ પહેલાં, રકુલ પ્રીત સિંહએ ગુરુવારે મુંબઈના દાદર સ્થિત પ્રખ્યાત સિદ્ધિવિનાયક મંદિરમાં જઈને ભગવાન ગણપતિના આશીર્વાદ લીધા હતા. આ સમયનો તેમનો વીડિયો સોશિયલ મીડિયા પર ઘણો વાયરલ થઈ રહ્યો છે.સિદ્ધિવિનાયક મંદિરમાં રકુલ પીળા રંગના સુંદર સૂટમાં જોવા મળી, જેમાં તે ખૂબ જ આકર્ષક લાગી રહી હતી. મંદિરની બહાર નીકળતી વખતે, તેમણે હાજર પેપરાઝી અને ચાહકો સાથે વાતચીત કરી. આ ઉપરાંત, અભિનેત્રીએ તેમને પ્રેમથી પ્રસાદ પણ આપ્યો. ખાસ વાત એ હતી કે, રકુલએ પ્રસાદ લેતી વખતે લોકોને 'જમણા હાથ'થી લેવા માટે સૂચન કર્યું હતું. રકુલ પ્રીત સિંહનો આ વીડિયો તેના ચાહકોમાં ખૂબ જ પસંદ કરવામાં આવી રહ્યો છે.રકુલ પ્રીત સિંહની આ ફિલ્મ 'દે દે પ્યાર દે' ની સીક્વલ છે.

# શ્રેયા ઘોષાલના કંસર્ટમાં ભાગદોડ અનેક લોકો ઘાયલ, એક શખ્સ બેભાન



ગુરુવારે ઓડિશાના કટકમાં બોલિવૂડ ગાયિકા શ્રેયા ઘોષાલે લાઈવ કોન્સર્ટ રજૂ કર્યો. શહેરના બાલી યાત્રા મેદાનમાં આયોજિત આ કોન્સર્ટમાં અંધાધૂંધી સર્જાતા બાલી યાત્રા મહોત્સવના સમાપન સમારોહમાં ઘોષાલના પર્ફોર્મ્સને જોવા માટે હજારો ચાહકો એકઠા થયા હતા. ભાગદોડ જેવી સ્થિતિ સર્જાઈ હતી, જેમાં એક વ્યક્તિ ઘાયલ થઈ હતી. જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓએ જણાવ્યું હતું કે, જ્યારે શ્રેયા ઘોષાલ પર્ફોર્મ કરવા પહોંચ્યા ત્યારે મોટી ભીડ સ્ટેજ તરફ ધસી ગઈ હતી, જેના કારણે અરાજકતા ફેલાઈ ગઈ હતી. પરિણામે, શ્રેયાના કોન્સર્ટને થોડા સમય માટે રોકવો પડ્યો હતો. જોકે, પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી, અને પછીથી તેને ફરી શરૂ કરવામાં આવ્યો હતો. શ્રેયા ઘોષાલના કોન્સર્ટમાં ધક્કામુક્કી દરમિયાન એક વ્યક્તિ બેભાન થઈ ગયો અને તેને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ, પોલીસ કમિશનર એસ. દેવ દત્તા સિંહે જણાવ્યું હતું કે, 'કટકમાં મોટી ભીડ એકઠી થઈ ગઈ હતી. એક વ્યક્તિ અને બીજા વ્યક્તિ વચ્ચે કોઈ જગ્યા નહોતી તેના કારણે પગ મૂકવાની પણ જગ્યા ન હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. જે લોકો ભીડમાં ઊભા રહી શકતા ન હતા તેમને અધિકારીઓની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા.

**ઈન્સ્ટા વાયરલ**

# ટીવીની 'પાર્વતી' સોનારિકા ભદોરિયાએ શોર્ટ સ્કર્ટમાં બેબી બમ્પ ફ્લૉન્ટ કર્યો!



ટીવીની પ્રખ્યાત અભિનેત્રી સોનારિકા ભદોરિયા, જે 'પાર્વતી'ના રોલ માટે જાણીતી છે, તે ટૂંક સમયમાં માતા બનવાની છે. હાલમાં જ સોનારિકાએ સોશિયલ મીડિયા પર તેના ગર્ભાવસ્થા દરમિયાનના કેટલાક ગ્લેમરસ ફોટા શેર કર્યા છે, જે ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. તસવીરોમાં સોનારિકા ભદોરિયા સફેદ શર્ટ સાથે શોર્ટ સ્કર્ટ અને પીળું જેકેટ પહેરેલી જોવા મળી રહી છે. તે તેના પતિ સાથે વેકેશનનો આનંદ માણી રહી છે. અભિનેત્રીનો આ સ્ટાઈલિશ પ્રેગ્નન્સી લુક ચાહકોમાં ખૂબ જ લોકપ્રિય થઈ રહ્યો છે. ચાહકો તેના આત્મવિશ્વાસ અને બેબી બમ્પ સાથેના ગ્લેમરસ અંદાજની ખૂબ પ્રશંસા કરી રહ્યા છે અને કોમેન્ટ્સ દ્વારા પ્રેમ વરસાવી રહ્યા છે.

# મેઘા શુક્લાએ વ્હાઈટ બિકીનીમાં આપેલા હોટ પોઝથી ઈન્ટરનેટ પર હલચલ



નેટફ્લિક્સની લોકપ્રિય ફિલ્મ 'કઠલ' (Kathal) દ્વારા જાણીતી બનેલી ઉભરતી અભિનેત્રી મેઘા શુક્લા તેના બોલ્ડ અને ગ્લેમરસ લૂકને કારણે ચર્ચામાં છે. મેઘા શુક્લાએ તાજેતરમાં જ તેના ઈન્સ્ટાગ્રામ પર કેટલીક ખૂબ જ બોલ્ડ તસવીરો શેર કરી છે, જેમાં તે બેડ પર વ્હાઈટ બિકીનીમાં હોટ પોઝ આપતી જોવા મળી રહી છે. આ તસવીરોમાં અભિનેત્રીનો હોટ અંદાજ જોઈને ચાહકો ચોંકી ગયા છે. ખુલ્લા વાળ, કર્વી ફિગર અને કાતિલ અદાઓ સાથેના તેના પોઝ ઈન્ટરનેટ પર ધૂમ મચાવી રહ્યા છે. ચાહકોનું માનવું છે કે આ તસવીરોમાં મેઘાએ બોલ્ડનેસની તમામ હદો વટાવી દીધી છે. અભિનેત્રીની આ અદાઓ પર ફેન્સ હાર્ટ અને ફાયરના ઈમોજી સાથે જોરદાર કમેન્ટ કરી રહ્યા છે.

**રશ્મિકા મંદાન્નાનું નિવેદન વાયરલ: "પુરુષોને પણ માસિક ધર્મનો દુખાવો થવો જોઈએ" — શું બોલી અભિનેત્રી?**

# 'પુરુષોને પણ પીરિયડ પેનનો અનુભવ થવો જોઈએ' રશ્મિકા મંદાના આવું બોલીને ફસાઈ



બોલીવુડ અને દક્ષિણ સિનેમાની જાણીતી અભિનેત્રી રશ્મિકા મંદાન્ના ફરી એક વાર ચર્ચામાં આવી છે. એક બાજુ તે પોતાના લગ્નને લઈને હેડલાઈન્સમાં છે, તો બીજી બાજુ તેના એક નિવેદને સોશિયલ મીડિયા પર તોફાન મચાવી દીધું છે. હકીકતમાં, રશ્મિકા મંદાન્ના ટૂંક સમયમાં દક્ષિણના લોકપ્રિય અભિનેતા વિજય દેવેરાકોંડા સાથે લગ્ન બંધનમાં બંધાવાની છે. રિપોર્ટ્સ મુજબ બંને ફેબ્રુઆરી 2026માં લગ્ન કરશે અને તેમનું ડેસ્ટિનેશન વેડિંગ ઉદયપુરમાં યોજાશે. ચાહકો આ કપલના લગ્નને લઈને ખુબ ઉત્સાહિત છે અને સોશિયલ મીડિયા પર શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે. પણ આ ખુશીના વચ્ચે રશ્મિકા એક વિવાદમાં ફસાઈ ગઈ છે. તાજેતરમાં તે એક ટોક શોમાં ગેસ્ટ તરીકે પહોંચી હતી, જ્યાં તેણે એક એવો સ્ટેટમેન્ટ આપ્યો કે જે પછીથી ભારે ચર્ચાનો વિષય બની ગયો. રશ્મિકાએ કહ્યું - "હું ઈચ્છું છું કે પુરુષોને પણ એક વાર માસિક ધર્મનો દુખાવો અનુભવવો જોઈએ. જેથી તેઓ સમજી શકે કે સ્ત્રીઓ દર મહિને કેવી પીડામાંથી પસાર થાય છે. ક્યારેક આ પીડા એટલી વધારે હોય છે કે સ્ત્રીઓ ભાંગી પણ પડે છે." આ નિવેદન બાદ સોશિયલ મીડિયા પર રશ્મિકાની ક્લિપ વાયરલ થઈ ગઈ. અનેક લોકો તેના આ વિચારોનું સમર્થન કરી રહ્યા છે, જ્યારે ઘણા તેને ટીકા કરી રહ્યા છે. કેટલાક યુઝર્સ કહે છે કે સ્ત્રીઓ પણ પુરુષો સામેની માનસિક અને સામાજિક દબાણને સમજી શકતી નથી. એક X (પૂર્વ Twitter) યુઝરે લખ્યું, "રશ્મિકાએ જે કહ્યું તે તેના દૃષ્ટિકોણથી યોગ્ય છે, પણ દરેક વ્યક્તિ પોતાની લડાઈ લડી રહ્યો છે. પુરુષોની પીડા પણ અલગ છે." આ વિવાદ વધતો જતા રશ્મિકા મંદાન્નાએ પોતાનો પ્રતિસાદ આપ્યો. તેણે કહ્યું, "મને હવે શો અને ઈન્ટરવ્યુમાં જવાથી ડર લાગે છે. મારો મતલબ કંઈક અલગ હતો, પરંતુ લોકો એ વાતને અલગ રીતે લઈ ગયા." રશ્મિકાએ વધુમાં કહ્યું કે તેનો હેતુ માત્ર એટલો હતો કે પુરુષો પણ સ્ત્રીઓની લાગણીઓને વધુ સારી રીતે સમજી શકે. તેણીએ ઉમેર્યું, "ક્યારેક હોર્મોનલ અસંતુલનને કારણે સ્ત્રીઓ પોતાને પણ સમજી શકતી નથી. જો પુરુષોને પણ આ અનુભવ થાય, તો તેઓ પણ અમારું દુખ સમજી શકશે." હવે આ નિવેદન પછી સોશિયલ મીડિયા પર ચર્ચા ગરમાઈ ગઈ છે. કોઈ તેને સ્ત્રીઓની અવાજ ગણાવે છે તો કોઈ તેને અનાવશ્યક વિવાદ કહે છે. પરંતુ એક વાત ચોક્કસ છે – રશ્મિકા મંદાન્ના હંમેશા પોતાના સ્પષ્ટ વિચારો અને નિડર સ્વભાવ માટે જાણીતી છે, અને આ વખતે પણ તે ચર્ચાના કેન્દ્રમાં આવી ગઈ છે.

# પિંક ટોપ અને બ્લૂ જીન્સમાં અવનીત કૌરનો ગ્લેમરસ અંદાજ વાયરલ!



ટીવી અને ફિલ્મોની ૨૪ વર્ષની યુવા અને બોલ્ડ અભિનેત્રી અવનીત કૌર ફરી એકવાર તેના ગ્લેમરસ લૂકને કારણે ચર્ચામાં છે. અવનીતે તેના સોશિયલ મીડિયા પર નવા ફોટોશૂટની કેટલીક તસવીરો શેર કરી છે, જેમાં તે પિંક વ્રેપ ટોપ અને બ્લૂ જીન્સમાં એકદમ ગ્લેમરસ અને સ્ટાઈલિશ લાગી રહી છે. આ તસવીરોમાં અવનીતે પોતાના ટૉન્ડ ફિગરનું પ્રદર્શન કર્યું છે અને કેમેરા સામે એકથી વધુ કિલર પોઝ આપ્યા છે. તેના આ ડેનિમ લૂકની તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહી છે. અવનીત કૌર જે નાની ઉંમરથી જ મોટી ઓળખ બનાવી ચૂકી છે, તેની આ અદાઓ જોઈને ફેન્સ કોમેન્ટ્સ અને લાઈક્સનો વરસાદ કરી રહ્યા છે.

# અહાન શેટ્ટી અને જીયા શંકરના ડેટિંગના અહેવાલો પર મોટો ખુલાસો



બોલિવૂડમાં તાજેતરમાં જ 'તડપ' અભિનેતા અહાન શેટ્ટી અને મરાઠી ફિલ્મ તેમજ ટીવી અભિનેત્રી જીયા શંકરના ડેટિંગની અફવાઓ જોરશોરથી ચાલી રહી હતી. આ ચર્ચાઓ એટલી બધી વધી ગઈ હતી કે, અમુક સમયે તો તેમના ટૂંક સમયમાં જ લગ્ન થવાના હોવાના ગણગણાટ પણ સંભળાતા હતા. જોકે, હવે આ મામલે અહાન શેટ્ટીની ટીમે એક સ્પષ્ટતા કરીને તમામ અટકળો પર પૂર્ણવિરામ મૂકી દીધો છે. અહાન શેટ્ટીની ટીમે મીડિયા અહેવાલ દ્વારા આ ડેટિંગના અહેવાલોને 'સંપૂર્ણપણે પાયાવિહોણા' ગણાવ્યા છે. ટીમે જણાવ્યું છે કે, 'હાલમાં અહાન કોઈને ડેટ કરી રહ્યો નથી - તેનું સંપૂર્ણ ધ્યાન તેના કામ પર કેન્દ્રિત છે.' ટીમના નિવેદન અનુસાર, અહાન શેટ્ટી પાસે ઘણી ફિલ્મોની લાઇનઅપ છે, જેમાં સૌથી મહત્ત્વની ફિલ્મ 'બોર્ડર ૨' નજીકમાં જ છે. સુનીલ શેટ્ટીના પુત્ર અહાન શેટ્ટીએ વર્ષ ૨૦૨૧માં ફિલ્મ 'તડપ'થી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું. હવે તે સની દેઓલ, વરુણ ધવન અને દિલજીત દોસાંઝ સાથે મલ્ટીસ્ટારર ફિલ્મ 'બોર્ડર ૨'માં જોવા મળશે.

# કમાણીના રેકોર્ડ વચ્ચે કલ્યાણીએ કહ્યું: પિતાથી વારસામાં મળ્યું 'પ્રોફેશનલિઝમ'



મુંબઈ: અભિનેત્રી કલ્યાણી પ્રિયદર્શન હાલમાં તેમની ફિલ્મ 'લોકા ચેપ્ટર ૧'ની જબરદસ્ત સફળતાને કારણે ચર્ચામાં છે. આ ફિલ્મે વિશ્વભરમાં ૩૦૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરીને તેમને મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સૌથી લોકપ્રિય અભિનેત્રીઓમાં સામેલ કરી દીધી છે. આ સફળતાની વચ્ચે, કલ્યાણીએ એક મુલાકાતમાં ખુલાસો કર્યો કે તેમને તેમના પિતા, પ્રખ્યાત ફિલ્મ નિર્માતા પ્રિયદર્શન પાસેથી વારસામાં સૌથી અગત્યની કઈ વસ્તુ મળી છે. મીડિયા સાથેની વાતચીતમાં કલ્યાણી પ્રિયદર્શનએ આ વાતનો ખુલાસો કર્યો. કલ્યાણીએ જણાવ્યું કે, 'હું હંમેશાથી કહેતી આવી છું કે મેં મારા પિતા પાસેથી જે મેળવ્યું છે, તે છે તેમની કામ કરવાની રીત અને પ્રોફેશનલિઝમ.' તેમણે કહ્યું કે તેમણે પોતાનું આખું જીવન પ્રિયદર્શનને કામ કરતા જોયા છે. અભિનેત્રીના મતે, તેમના પિતાએ હવે કામ કરવાની જરૂર નથી, તેમની ઉંમર પણ થઈ ગઈ છે અને શરીર પણ પહેલાં જેટલું મજબૂત નથી, તેમ છતાં તેઓ સારા શૂટ માટે પ્રયત્ન કરે છે અને બીમાર હોવા છતાં પણ કામ કરે છે. કલ્યાણીએ વધુમાં કહ્યું કે, 'પિતાના કામ કરવાની રીતથી મને ખૂબ પ્રેરણા મળી અને તે ક્યાંક ને ક્યાંક મારા જીવનનો ભાગ બની ગયો છે.' તેમણે દાવો કર્યો કે તેમની સાથે કામ કરનારા લોકો ગમે તે કહે, પરંતુ અંતમાં તેઓ ચોક્કસ કહેશે કે તે મહેનતુ છે. કલ્યાણીએ સ્પષ્ટ કર્યું કે આ મહેનતનો ગુણ તેમને તેમના પિતા પ્રિયદર્શન પાસેથી વારસામાં મળ્યો છે. ફિલ્મ નિર્માતા પ્રિયદર્શનના વર્કફ્રન્ટની વાત કરીએ તો, તેઓ ટૂંક સમયમાં જ 'ભૂત બંગલા' (અક્ષય કુમાર, પરેશ રાવલ) અને 'હૈવાન' (અક્ષય કુમાર, સૈફ અલી ખાન) જેવી ફિલ્મોનું નિર્દેશન કરી રહ્યા છે. કલ્યાણીની સફળતા માટે તેમના પિતાની સખત મહેનતની આ વારસાગત પ્રેરણા ખૂબ જ મહત્ત્વની સાબિત થઈ રહી છે.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# વૈભવ સૂર્યવંશીનો ધમાકો

## 144 રન બનાવ્યા, યુએઈ પર ભારતની 148 રનથી મોટી જીત

● વૈભવ સૂર્યવંશીનો સ્ટ્રાઈક રેટ 342.85, 15 છગ્ગા ફટકાર્યા, ભારત A ટીમે પ્રથમ મેચ જીતીને મજબૂત દાવેદારી રજૂ કરી



દોહા

રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારત A ટીમે પોતાના અભિયાનની શરૂઆત પ્રચંડ જીત સાથે કરી છે. શુક્રવારે દોહામાં સંયુક્ત આરબ અમીરાત) સામે રમાયેલી મેચમાં જીતેશ શર્માની આગેવાની હેઠળની ભારત A ટીમે 148 રનના મોટા માર્જિનથી વિજય મેળવ્યો હતો, જેનો પાયો યુવા વિસ્ફોટક બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ) નાખ્યો હતો. આ મેચમાં ભારતે 20 ઓવરમાં 4 વિકેટના નુકસાને 297 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જવાબમાં યુએઈની ટીમ નિર્ધારિત 20 ઓવરમાં માત્ર 149 રન જ બનાવી શકી હતી. આ જીત સાથે ક્રિકેટમાં ભારતનો વિજય થયો છે અને હવે ભારતનો મુકાબલો 16 નવેમ્બર, રવિવારે પાકિસ્તાન શાહીન્સ સામે થશે.

**વૈભવ સૂર્યવંશીનો તોફાની ધમાકો...**ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારત A ટીમને પ્રિયાંશ આર્ય (10)ના રૂપમાં શરૂઆતમાં ઝટકો લાગ્યો હતો. જોકે, આ પછી વૈભવ સૂર્યવંશી અને નમન ધીર વચ્ચે બીજી વિકેટ માટે 163 રનની જંગી ભાગીદારી થઈ. માત્ર 14 વર્ષના વૈભવ સૂર્યવંશીએ માત્ર 32 બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. તેણે 42 બોલમાં 11 ચોગ્ગા અને 15 છગ્ગાની મદદથી 144 રન બનાવ્યા હતા. આ દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ 342.85નો રહ્યો હતો. વૈભવ બાદ કેપ્ટન જીતેશ શર્માએ અણનમ 83 રનની તોફાની ઈનિંગ રમી હતી, જ્યારે નમન ધીરે 34 અને નેહલ વઢેરાએ 14 રનનું યોગદાન આપ્યું હતું. યુએઈ તરફથી મોહમ્મદ ફરાઝુદીન, આયાન અફઝલ ખાન અને મુહમ્મદ જવાદુલ્લાને એક-એક વિકેટ મળી હતી.

**બોલરોનો યુએઈ પર 'કહેર...**ભારત A માટે બોલિંગમાં ગુરજપનીત સિંહે 3 વિકેટ ઝડપીને યુએઈની કમર તોડી હતી, જ્યારે હર્ષ દુબેએ 2 સફળતા મેળવી હતી. આ ઉપરાંત, રમણદીપ સિંહ અને યશ ઠાકુરને પણ એક-એક વિકેટ મળી હતી.

## સાઈ સુદર્શનને ટેસ્ટમાંથી ડ્રોપ કરવા પર વિવાદ: પૂર્વ ભારતીય ક્રિકેટરનો મેનેજમેન્ટ પર પ્રહાર

નવી દિલ્હી: દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટ મેચ માટે ભારતીય ટીમ દ્વારા યુવા બેટ્સમેન બી. સાઈ સુદર્શનને ડ્રોપ કરવાના નિર્ણયે સોશિયલ મીડિયા પર મોટો વિવાદ ઊભો કર્યો છે. સુદર્શનને બહાર રાખવાના કેપ્ટન શુભમન ગિલ અને હેડ કોચ ગૌતમ ગંભીરના નિર્ણય પર પૂર્વ ભારતીય ખેલાડી ડોડા ગણેશે આકરા પ્રહારો કર્યા છે. સાઈ સુદર્શને ભારત માટે તેની છેલ્લી ટેસ્ટમાં 87 અને 39 રન બનાવ્યા હોવા છતાં, એડન ગાર્ડન્સમાં શરૂ થતી પ્રથમ ટેસ્ટમાં તેને સ્થાન આપવામાં આવ્યું નથી. સુદર્શનના સ્થાને ધ્રુવ જુરેલનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે, કારણ કે મેનેજમેન્ટે બોલિંગ-હેવી ટીમ સાથે જવાનું નક્કી કર્યું. ભારતે 4 સ્પિનરો અને 2 પેસરો સહિત 2 નિષ્ણાત વિકેટ-કીપર બેટ્સમેનને ટીમમાં સ્થાન આપ્યું છે. ડોડા ગણેશે સોશિયલ મીડિયા પર આ નિર્ણયની ટીકા કરતા લખ્યું, 'તમે સાઈ સુદર્શનને કેમ ડ્રોપ કર્યો? આનો કોઈ અર્થ નથી.' તેમણે બીજી પોસ્ટમાં વધુમાં ઉમેર્યું, 'બેટિંગ લાઇન-અપમાં નંબર 3 સ્લોટ ટેસ્ટ XIમાં સૌથી મહત્વપૂર્ણ હોય છે અને ભારત કોઈ વિઝન વગર મ્યુઝિકલ ચેર રમી રહ્યું છે. વિશ્વાસ નથી આવતો કે આ ટેસ્ટ લેવલ પર થઈ રહ્યું છે. સુદર્શનને આ ટેસ્ટ આપવી જોઈતી હતી. પીચ ગમે તેટલી ટર્ન થાય, તમારે 4 સ્પિનરોની જરૂર નથી.'



### ભારતની પ્રથમ દાવમાં મજબૂત સ્થિતિ, પ્રથમ દિવસે જ ભારતીય બોલરોએ મેચમાં પકડ બનાવી

# બુમરાહની 5 વિકેટ: દ. આફ્રિકા 159 રનમાં સમેટાઈ

● સિરાજ-કુલદીપની બબ્બે વિકેટથી દ. આફ્રિકાનું નીચલું બેટિંગ ક્રમ તૂટ્યું, યશસ્વી સસ્તામાં આઉટ, માર્કો યાનસેને પ્રથમ ઝટકો આપ્યો



## બુમરાહે કારકિર્દીમાં 16મી વાર પાંચ વિકેટ લેવાની સિદ્ધિ મેળવી

કોલકાતા

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના પહેલા જ દિવસે જસપ્રીત બુમરાહના 5 વિકેટની આગેવાની હેઠળ ભારતીય બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું અને દક્ષિણ આફ્રિકાની ટીમને પહેલી ઈનિંગ્સમાં માત્ર 159 રનમાં જ સમેટી દીધી હતી. દિવસના અંતે ભારતે એક વિકેટ ગુમાવીને 37 રન બનાવ્યા છે અને ટીમ હાલમાં મહેમાન ટીમથી 122 રન પાછળ ચાલી રહી છે. સ્ટમ્પના સમયે કેએલ રાહુલ 13 અને વોશિંગ્ટન સુંદર 6 રન બનાવીને ક્રિઝ પર હાજર હતા. દક્ષિણ આફ્રિકા માટે માર્કો યાનસેને એકમાત્ર વિકેટ ઝડપી છે.

### બુમરાહનો તરખાટ

ભારતીય ટીમ માટે અનુભવી ઝડપી બોલર બુમરાહ ફરી એકવાર પોતાની ઉપયોગિતા સાબિત કરવામાં સફળ રહ્યો અને તેણે પાંચ વિકેટ ઝડપીને વિરોધી ટીમને ઘૂંટણિયે પાડ્યું. આ તેની કારકિર્દીમાં 16મી વખત હતું જ્યારે તેણે ટેસ્ટની એક ઈનિંગ્સમાં પાંચ કે તેથી વધુ વિકેટ લીધી હોય. આ સિદ્ધિ સાથે બુમરાહ ભારતીય ટેસ્ટ ઈતિહાસમાં ભાગવત ચંદ્રશેખરની બરાબરી કરીને સંયુક્ત રીતે પાંચમો સૌથી વધુ વાર પાંચ વિકેટ લેનારો બોલર બની ગયો છે.

### આફ્રિકાની ખરાબ શરૂઆત અને સંભાળ

આ પહેલા દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. માર્કરમ અને રિકલ્ટને સારી શરૂઆત અપાવી, પરંતુ બુમરાહે રિકલ્ટનને (23 રન) આઉટ કરીને 57 રનની ભાગીદારી તોડી અને ભારતને પહેલી સફળતા અપાવી. બુમરાહે માર્કરમને પણ આઉટ કરીને ટીમને મુશ્કેલીમાં મૂકી દીધી. જોકે, ડિન ફોરેસ્ટર, ડી જ્યોર્જી અને મુલ્ડરે સંયમિત રમત બતાવીને ટીમની ઈનિંગ્સને સંભાળવાનો પ્રયાસ કર્યો.

### બોલરોનું યોગદાન

બુમરાહ ઉપરાંત મોહમ્મદ સિરાજ અને કુલદીપ યાદવે બે-બે વિકેટ લીધી હતી, જ્યારે અક્ષર પટેલને એક સફળતા મળી હતી. સિરાજે ચાર બોલના અંતરાલમાં બે વિકેટ ઝડપીને દક્ષિણ આફ્રિકાના નીચલા મધ્યમ ક્રમને વેરવિખેર કરી નાખ્યું હતું. બેટિંગમાં ઉતરેલી ભારતીય ટીમને યશસ્વી જયસ્વાલના રૂપમાં પહેલો ઝટકો લાગ્યો જે 12 રન બનાવીને આઉટ થયા. ઈન્ટરેસ્ટિંગ વાત એ રહી કે વોશિંગ્ટન સુંદર ત્રીજા ક્રમે બેટિંગ કરવા ઉતર્યા, જે છેલ્લા એક વર્ષમાં આ ક્રમે આવનાર છઠ્ઠા ભારતીય ખેલાડી છે.

### વજનના નિયમોનું પ્રથમવાર ઉલ્લંઘન બદલ માફી મળી

## કુશ્તી સંઘે અમન સેહરાવત અને નેહા સાંગવાન પરનો પ્રતિબંધ હટાવ્યો



નવી દિલ્હી: ભારતીય કુશ્તી સંઘ એ શુક્રવારે ઓલિમ્પિક મેડલ વિજેતા અમન સેહરાવત અને જુનિયર કુશ્તીબાજ નેહા સાંગવાન પરનો પ્રતિબંધ હટાવી લીધો છે. આ બંને ખેલાડીઓને આ વર્ષની શરૂઆતમાં મોટી આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં વજન વધારે હોવાને કારણે ગેરલાયક ઠેરવવામાં આવ્યા બાદ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ નિર્ણયનો અર્થ એ છે કે હવે આ બંને કુશ્તીબાજો પ્રો કુશ્તી લીગ (PWL)ની આગામી આવૃત્તિ માટેની હરાજીમાં ભાગ લઈ શકશે. પેરિસ ગેમ્સના બ્રોન્ઝ મેડલ વિજેતા અમનને સપ્ટેમ્બરમાં ઝાગ્રેબ, ક્રોએશિયામાં યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપ દરમિયાન વજન વધારે હોવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. જ્યારે નેહાને ઓગસ્ટમાં સમોકોવ, બલ્ગેરિયામાં જુનિયર વર્લ્ડ્સમાંથી ગેરલાયક ઠેરવ્યા બાદ કાર્યવાહીનો સામનો કરવો પડ્યો હતો.

### હિંસક વર્તન

**વર્લ્ડ કપની પ્રથમ મેચમાં પ્રતિબંધનું મોટું જોખમ**

# રોનાલ્ડોને રેડ કાર્ડ: આઈરિશ ખેલાડીને કોણી મારી, મેચમાંથી બહાર કાઢી દેવાયો

**રોનાલ્ડોને રેડ કાર્ડ મળતા પોર્ટુગલનું ક્વોલિફિકેશનનું ગણિત અટવાયું**

ડબલિન

ફૂટબોલ સુપરસ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો રેડ કાર્ડ મળવાને કારણે 2026ના વર્લ્ડ કપની પ્રથમ મેચમાંથી પ્રતિબંધિત થઈ શકે છે, જો પોર્ટુગલ ક્વોલિફાય કરશે તો આ જોખમ નિશ્ચિત છે. ગુરુવારે ડબલિનમાં આયર્લેન્ડ સામેની ક્વોલિફાઈંગ મેચમાં પોર્ટુગલ 2-0થી હારી ગયું હતું, ત્યારે બીજા હાફમાં રોનાલ્ડોને આયર્લેન્ડના ડિફેન્ડર દારા ઓ'શિયાને કોણી મારવા બદલ મેદાનમાંથી બહાર મોકલી દેવામાં આવ્યો હતો. રોનાલ્ડોને રેડ કાર્ડ મળતા તે રવિવારે આર્મેનીયાની યજમાની કરશે ત્યારે ફરજિયાત એક મેચનો પ્રતિબંધ ભોગવશે. પોર્ટુગલને વર્લ્ડ કપમાં સ્થાન સુરક્ષિત કરવા માટે આ મેચ જીતવી જરૂરી છે.

### મેચની ગંભીર ક્ષણ

લગભગ એક કલાકની રમત પછી, જ્યારે આયર્લેન્ડ 2-0ની આશ્ચર્યજનક લીડ પર હતું, ત્યારે રોનાલ્ડો બોલ ક્રોસ થવાની રાહ જોઈ રહ્યો હતો. તે જ સમયે તે ફર્યો અને પોતાની જમણી કોણી ઓ'શિયાની પીઠમાં મારી. રેફરીએ શરૂઆતમાં પીળું કાર્ડ આપ્યું, પરંતુ પિચસાઈડ મોનિટર પર વીડિયો સમીક્ષા કર્યાના થોડી જ મિનિટોમાં તેને રેડ કાર્ડમાં ફેરવી દીધું. રોનાલ્ડોએ મેદાન છોડતી વખતે આઈરિશ ચાહકો દ્વારા કરવામાં આવી રહેલી મજાક અને ટીખળ પર કટાક્ષભર્યો લુક આપ્યો અને હાથ તાળીઓ પાડીને બે અંગૂઠા ઊંચા કર્યા હતા. ફેબ્રુઆરીમાં 41 વર્ષના થવા જઈ રહેલા રોનાલ્ડો છઠ્ઠા વર્લ્ડ કપ ટૂર્નામેન્ટમાં રમવાનું લક્ષ્ય ધરાવે છે. પોર્ટુગલ જો ક્વોલિફાય કરશે તો 5 ડિસેમ્બરે વોશિંગ્ટન ડીસીમાં ડ્રો થશે, જ્યાં તેમને ગ્રુપ સ્ટેજમાં ત્રણ પ્રતિસ્પર્ધીઓ વિશે જાણ થશે. આયર્લેન્ડના ફોરવર્ડ ટ્રોય પેરોટે ગુરુવારે પ્રથમ હાફમાં બે ગોલ કરીને આયર્લેન્ડની ક્વોલિફિકેશનની આશાઓને જીવંત કરી દીધી છે. પોર્ટુગલ 10 પોઈન્ટ સાથે ગ્રુપ Fમાં ટોચ પર છે, જ્યારે હંગેરી બે પોઈન્ટ પાછળ છે અને આયર્લેન્ડ સાત પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે.

### FIFAના કડક નિયમો લાગુ

ફિફાના શિસ્ત નિયમો અનુસાર, તેના ન્યાયાધીશોએ 'ગંભીર ફાઉલ પ્લે' માટે 'ઓછામાં ઓછા બે મેચ'નો પ્રતિબંધની સજા આપવી ફરજિયાત છે. આ ઉપરાંત, 'હિંસક વર્તન)' માટે પ્રતિબંધ 'ઓછામાં ઓછા ત્રણ મેચનો' અથવા 'એસોલ્ટ, જેમાં કોણી મારવાનો સમાવેશ થાય છે, તેના માટે ઓછામાં ઓછા ત્રણ મેચ અથવા યોગ્ય સમયગાળા માટે' હોવો જોઈએ. જો રોનાલ્ડોને પ્રતિબંધ લાગુ થાય છે, તો તે માત્ર સ્પર્ધાત્મક રમતો પર જ લાગુ થશે, એટલે કે જો પોર્ટુગલ વર્લ્ડ કપમાં ક્વોલિફાય થાય તો 41 વર્ષીય રોનાલ્ડો તેની પ્રથમ મેચ ગુમાવી શકે છે.

### હિંસક વર્તન માટે ઓછામાં ઓછા 3 મેચના પ્રતિબંધનો નિયમ



### આંતરરાષ્ટ્રીય ફૂટબોલ ઈતિહાસમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી છે

| ટીમ | ગોલ |
|---|---|
| પોર્ટુગલ (રાષ્ટ્રીય ટીમ) | 143 |
| રિયલ મેડ્રિડ | 450 |
| મેનચેસ્ટર યુનાઈટેડ | 145 |
| અલ-નાસર | 103 |
| જુવેન્ટસ | 101 |
| સ્પોર્ટિંગ સીપી | 5 |
| કુલ ગોલ | 953 |

### એશિયન તીરંદાજી ચેમ્પિયનશિપ

# ભારતીય રિકર્વ મેન્સ ટીમનો શાનદાર દેખાવ 18 વર્ષ પછી ગોલ્ડ મેડલ હાંસલ કર્યો!

● એશિયન ચેમ્પિયનશિપમાં ભારતનો મેડલ આંક 4 ગોલ્ડ અને 2 સિલ્વર, શૂટ-ઓફમાં કોરિયાને હરાવી ભારતે ઇતિહાસ રચ્યો



ઢાકા: ભારતીય મેન્સ રિકર્વ તીરંદાજી ટીમે શુક્રવારે એક શાનદાર પ્રદર્શન કરીને હેવીવેઈટ સાઉથ કોરિયાને હરાવી દીધું અને 18 વર્ષના લાંબા સમયગાળા બાદ એશિયન તીરંદાજી ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. યશદીપ ભોગે, અતાનુ દાસ અને રાહુલની ત્રિપુટીએ 2-4થી પાછળ રહ્યા પછી રોમાંચક શૂટ-ઓફમાં 5-4થી વિજય મેળવ્યો હતો. આ જીત સાથે ભારતે 2009 પછી આ ઈવેન્ટ પર કોરિયાના વર્ચસ્વને તોડી નાખ્યું છે, જે ભારતીય તીરંદાજી ટીમ ગોલ્ડ માટે એક મોટો સંકેત છે. બંને ટીમોએ શૂટ-ઓફમાં 29નો સ્કોર કર્યો હતો, પરંતુ ભારતને વિજેતા જાહેર કરવામાં આવ્યું કારણ કે ઓલિમ્પિયન અતાનુ દાસે નિર્ણાયક '10' નો શોટ માર્યો હતો, જે કોરિયાના શોટ કરતાં સેન્ટરની વધુ નજીક હતો.

**કોચ રાહુલ બેનર્જી માટે ભાવનાત્મક ક્ષણ...**મેન્સ રિકર્વ ટીમના કોચ રાહુલ બેનર્જી માટે આ એક અત્યંત ભાવનાત્મક ક્ષણ હતી. તેઓ પોતે 2007ની ચેમ્પિયન ટીમનો હિસ્સો હતા. એક ખેલાડી તરીકે ટાઈટલ જીત્યાના અઢાર વર્ષ પછી, 2010 કોમનવેલ્થ ગેમ્સના આ ગોલ્ડ મેડલ વિજેતાએ કોચ તરીકે બીજો વિજય મેળવ્યો, જેમાં તેમના લાંબા સમયથી પ્રોજેક્ટ અતાનુ અને તેમની પત્ની દીપિકા કુમારી પણ સ્ક્વોડમાં હતા. મીડિયા અહેવાલ મુજબ, કોચ રાહુલે કહ્યું, 'કોચ તરીકે ખરેખર સંતોષકારક છે કારણ કે અમે કોરિયાને હરાવ્યું અને 'ગૂંગળાયા' નહીં. અતાનુ અને હું ગઈકાલે રાત્રે ચર્ચા કરી રહ્યા હતા કે અમે લાંબા સમયથી ગોલ્ડ જીત્યો નથી અને તે આખરે પૂરું થયું છે. હવે આગામી લક્ષ્ય ચોક્કસપણે એશિયન ગેમ્સ છે.'

**રોમાંચક ફાઈનલનો જંગ**

ફાઈનલમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યા હતા. કોરિયાએ 57ના શાર્પ સ્કોર સાથે 2-2થી આગળ વધીને 4-2ની લીડ મેળવી લીધી હતી, જ્યારે ભારત 7 અને 8ના શોટ્સ સાથે પાછળ પડ્યું હતું. પરંતુ ભારતે ચોથા સેટમાં જોરદાર વાપસી કરી, બેક-ટુ-બેક '10'ના શોટ્સ સાથે 57-53ની જીત મેળવી મેચ 4-4થી બરાબર કરી અને શૂટ-ઓફ તરફ ધકેલી. આ શૂટ-ઓફે તેમને લગભગ બે દાયકામાં સૌથી મોટી ભારતીય તીરંદાજી ટીમ ગોલ્ડ જીત તરફ દોરી ગઈ.

**રાહત....**ઓસ્ટ્રેલિયન ઓપન પ્લેઓફ માટે ચીન જવા રસ્તો થયો સાફ

# સુમિત નાગલને ઓસ્ટ્રેલિયન ઓપન ક્વોલિફાયર માટે ચાઈનીઝ વિઝા મળ્યો

નવી દિલ્હી

ભારતના ટોચના ક્રમાંકિત પુરુષ ટેનિસ ખેલાડી સુમિત નાગલ વિઝાના વિવાદનો આખરે સુખદ અંત આવ્યો છે. ઓસ્ટ્રેલિયન ઓપન પ્લેઓફ) માટે ચીન જવાનો વિઝા સુમિત નાગલને મળી ગયો છે. આ પ્લેઓફ ટૂર્નામેન્ટ 24 નવેમ્બરના રોજ ચેંગડુમાં શરૂ થવાની છે. હરિયાણાના ઝજ્જરના વતની 27 વર્ષીય નાગલે મંગળવારે ચાઈનીઝ દૂતાવાસ પાસે તાત્કાલિક મદદની માંગણી કરી હતી, કારણ કે તેની વિઝા અરજી કોઈ પણ સ્પષ્ટતા વગર નકારી કાઢવામાં આવી હતી. વિઝા મળ્યા બાદ, નાગલે ગુરુવારે મોડી રાત્રે 'X' (અગાઉનું ટ્વિટર) પર પોસ્ટ કરીને તમામ સત્તાવાળાઓનો આભાર માન્યો હતો. તેણે લખ્યું હતું કે, 'મને સમયસર વિઝા મેળવવામાં મદદ કરવા બદલ @Media_SAI, @MEAIndia, @China_Amb_India અને @ChinaSpox_Indiaનો ખૂબ ખૂબ આભાર.' આ મામલે ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને અગાઉ કહ્યું હતું કે ચીન કાયદા અને નિયમો અનુસાર ભારત સહિત તમામ દેશોના એથ્લેટ્સને વિઝા જારી કરે છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે 'સંબંધિત વ્યક્તિ' ચાઈનીઝ દૂતાવાસમાં સમયસર તમામ જરૂરી દસ્તાવેજો જમા કરાવશે. આ પ્લેઓફ ઈવેન્ટ પ્રાદેશિક ખેલાડીઓ માટે 2026ની ઓસ્ટ્રેલિયન ઓપનની મુખ્ય ડ્રોમાં પ્રવેશ મેળવવાનો માર્ગ પૂરો પાડે છે. હાલમાં એટીપી રેન્કિંગમાં 275મા ક્રમે રહેલો નાગલ ભારતનો સર્વોચ્ચ ક્રમાંકિત સિંગલ્સ પ્લેયર છે.



### ઋતુરાજ ગાયકવાડની શતકીય ઈનિંગથી ભારત Aની દક્ષિણ આફ્રિકા A સામે જીત

# ફાયર બેટિંગ: ગાયકવાડે 12 ચોગ્ગાની મદદથી 117 રનની શાનદાર ઈનિંગ રમી

રાજકોટ

ભારતીય ક્રિકેટ માટે વધુ એક સારા સમાચાર સામે આવ્યા છે. ભારતીય ઓપનિંગ બેટ્સમેન ઋતુરાજ ગાયકવાડ સદીની શાનદાર ઈનિંગ્સના જોરે ભારત A ટીમે પહેલા અનૌપચારિક વનડે મેચમાં દક્ષિણ આફ્રિકા A ને ચાર વિકેટે હરાવ્યું છે. રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં રમાયેલા આ મુકાબલામાં ભારત A ક્રિકેટ વિજય થયો છે. દક્ષિણ આફ્રિકા A ટીમ પ્રથમ બેટિંગ કરતા 50 ઓવરમાં 9 વિકેટે 285 રન બનાવ્યા હતા. જવાબમાં, ગાયકવાડે 129 બોલમાં 12 ચોગ્ગાની મદદથી 117 રનની શાનદાર ઈનિંગ રમી, જેના કારણે ભારતે 49.3 ઓવરમાં 6 વિકેટે 290 રન બનાવીને મેચ પોતાના નામે કરી લીધી.

### ગાયકવાડની સદી અને ભાગીદારી



286 રનના લક્ષ્યનો પીછો કરતા, ઋતુરાજ ગાયકવાડ અને અભિષેક શર્માએ (31 રન) ભારતને મજબૂત શરૂઆત અપાવી. જોકે, અભિષેક અને રિયાન પરાગ (8 રન) ઝડપથી આઉટ થયા. ત્યારબાદ કેપ્ટન તિલક વર્માએ (39 રન) ગાયકવાડનો સાથ આપ્યો અને બંનેએ સારી ભાગીદારી કરી. જો કે, તિલક અને ઈશાન કિશન (17 રન) સેટ થયા બાદ જલ્દી આઉટ થઈ ગયા. ગાયકવાડ એક છેડે મક્કમ રહ્યા અને તેમણે પોતાનું શાનદાર સદી પૂરું કર્યું. જોકે, ગાયકવાડ 117 રન આઉટ થયા અને ત્યારબાદ નીતીશ રેડ્ડી (37 રન) પણ પેવેલિયન ભેગા થયા. અંતે, નિશાંત સિંધુ (અણનમ 29 રન) અને હર્ષિત રાણા (અણનમ 6 રન)એ મળીને ભારત Aને વિજય અપાવ્યો. દક્ષિણ આફ્રિકા A માટે વૂરેન, ફોર્ચ્યુઈન અને બાર્ટમેને બે-બે વિકેટ લીધી હતી.અગાઉ, ટોસ જીતીને બેટિંગ કરનાર દક્ષિણ આફ્રિકા Aની શરૂઆત ખરાબ રહી હતી, જ્યાં ટીમ માત્ર 53 રનના સ્કોર પર 5 વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, ડીન ફોરેસ્ટર (77 રન), ડીલાનો પોટગીએટર (90 રન) અને જોર્ન ફોર્ચ્યુઈન (59 રન)ની અર્ધસદીની મદદથી ટીમ 285 રનના પડકારજનક સ્કોર સુધી પહોંચી શકી હતી.

**ભાવનાત્મક માહોલમાં ફ્રાન્સનો વિજય** // ફ્રાન્સે યુક્રેનને હરાવીને FIFA વર્લ્ડ કપની ટિકિટ જીતી લીધી!, પોર્ટુગલ અને નોર્વેને હવે ક્વોલિફિકેશન માટે વધુ રાહ જોવી પડશે

### એમબાપ્પે અને ઓલિસેનો જાદુ

# ફ્રાન્સનો શાનદાર દેખાવ, 2026 ફિફા વર્લ્ડ કપ ક્વોલિફિકેશન થયું પાકું



પેરિસ

ફ્રાન્સે ગુરુવારે યુક્રેનને 4-0થી પરાજય આપીને 2026 ફિફા વર્લ્ડ કપ ક્વોલિફિકેશન મેળવી લીધું છે. આ વિજય ત્યારે મળ્યો છે જ્યારે દેશે 2015ના પેરિસ હુમલાની 10મી વરસીની ઉજવણી કરી. બીજી તરફ, પોર્ટુગલને ડબલિનમાં 2-0થી હારનો સામનો કરવો પડ્યો અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને રેડ કાર્ડ મળતા તેમનું ક્વોલિફિકેશન અટવાયું છે. નોર્વેએ પણ મોલ્ડોવામાં ઈટાલીના મોટેથી થયેલા ગોલને કારણે રાહ જોવી પડશે. પાર્ક ડેસ પ્રિન્સેસમાં ફ્રાન્સની આ જીત ભાવનાત્મક રીતે ખૂબ જ ચાર્જ થયેલા વાતાવરણમાં થઈ હતી. 13 નવેમ્બર, 2015ના રોજ પેરિસ અને તેની આસપાસના વિસ્તારોમાં થયેલા હુમલાની 10મી વરસી નિમિત્તે મેચ પહેલા એક મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. તત્કાલીન કોચ ડિડિયર ડેસચેમ્પ્સ હજી પણ જવાબદારી સંભાળી રહ્યા છે અને આ આગામી વર્લ્ડ કપ તેમનું છેલ્લું ટુર્નામેન્ટ હશે. ડેસચેમ્પ્સે કહ્યું, 'આજના સંદર્ભને જોતાં, અમે ક્વોલિફિકેશન સુરક્ષિત કરીને લોકોના ચહેરા પર થોડી ખુશી લાવી શક્યા તેનો સંતોષ છે. અમે અમારો લક્ષ્યાંક પૂરો કર્યો છે. ફ્રાન્સ ક્વોલિફાય કરે તે સામાન્ય માનવામાં આવે છે, પરંતુ અમે મેદાન પર ઉતરીને તે કરી બતાવ્યું, તેથી અમને ગર્વ છે.' બીજા હાફમાં કાયલિયાન એમબાપ્પે અને માઈકલ ઓલિસેના ગોલ તેમજ હ્યુગો એકિટીકેના આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રથમ ગોલે ડેસચેમ્પ્સની ટીમને ગ્રુપ Dમાં છ પોઈન્ટની અજેય લીડ અપાવી દીધી છે. આઈસલેન્ડ અને યુક્રેન હવે આગામી રવિવારે પ્લે-ઓફમાં કોણ જશે તે નક્કી કરવા માટે ટકરાશે.

### નોર્વેની અપેક્ષા પર પાણી

ફૂટબોલ ઈતિહાસના સર્વકાલીન ટોચના ગોલસ્કોરર રોનાલ્ડો પોર્ટુગલ ફિફા વર્લ્ડ કપ ક્વોલિફિકેશન કરશે તો પણ સંભવિત પ્રતિબંધને કારણે ટુર્નામેન્ટની શરૂઆતની મેચો ચૂકી શકે છે. મીડિયા રિપોર્ટ અનુસાર, પોર્ટુગલના મિડફિલ્ડર બર્નાર્ડો સિલ્વાએ કહ્યું, 'અમે જીતી શક્યા નહીં, આજે અમે જે ઈચ્છું તેનાથી અમે દુઃખી અને નિરાશ છીએ.' એર્લિંગ હાલેન્ડના શાનદાર પ્રદર્શનથી નોર્વેએ એસ્ટોનિયા સામે 4-1થી જીત મેળવી હોવા છતાં, તેમનું ક્વોલિફિકેશન પણ ઈટાલીની મેચ પર નિર્ભર હતું. મોલ્દોવા સામે ઈટાલીના જિયાનલુકા માન્સિનીએ 88મી મિનિટે ગોલ કરીને નોર્વેની ફાઈનલમાં પહોંચવાની આશા પર પાણી ફેરવી દીધું. હવે રવિવારે સાન સિરો ખાતે ઈટાલી અને નોર્વે વચ્ચે થનારી મેચ બ્લોકબસ્ટર જંગ બની રહેશે.

ડાયરેક્ટર રોજર્સે વિદેશી હસ્તક્ષેપના અન્ય પાસાઓ પર પણ ધ્યાન દોર્યું હતું

# ચીન અને રશિયા જાસૂસી નેટવર્ક ફેલાવી રહ્યા છે

(એજન્સી) ઓટાવા । તા. 14

કેનેડાની રાષ્ટ્રીય સુરક્ષા અને અર્થવ્યવસ્થા સામે વિદેશી શક્તિઓ દ્વારા સર્જાઈ રહેલા ગંભીર જોખમ અંગે કેનેડિયન સુરક્ષા ગુપ્તચર સેવા (સીએસઆઈએસ) ના વડાએ સનસનાટીપૂર્ણ ખુલાસો કર્યો છે. સંવેદનશીલ સરકારી માહિતી, ખાનગી ક્ષેત્રની ગુપ્ત વિગતો અને આધુનિક ટેકનોલોજીને નિશાન બનાવીને ચીન અને રશિયા સતત કેનેડા પર જાસૂસી કરી રહ્યા હોવાનો દાવો ગુપ્તચર એજન્સીના ડાયરેક્ટર ડેન રોજર્સે કર્યો છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે આ બંને દેશોને કેનેડાના આર્ક્ટિક ક્ષેત્રમાં ઊંડો રસ છે અને તેઓ ત્યાં વ્યૂહાત્મક પકડ જમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ ઘૂસણખોરીથી દેશના સાર્વભૌમત્વ સામે એક મોટો પડકાર ઊભો થયો છે.

સીએસઆઈએસના ડાયરેક્ટર ડેન રોજર્સે તેમના વાર્ષિક સંબોધનમાં વિગતવાર માહિતી આપતા જણાવ્યું કે, ચીન કેનેડિયન નાગરિકોને લક્ષ્ય બનાવી રહ્યું છે.




ખાસ કરીને સરકારી યોજનાઓ, લશ્કરી કુશળતા અને સંવેદનશીલ માહિતીની પહોંચ ધરાવતા કેનેડિયનોને સોશિયલ મીડિયા અને ઓનલાઈન જોબ પ્લેટફોર્મ્સ દ્વારા જાસૂસી માટે ભરતી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ચીનનો આર્ક્ટિકમાં આર્થિક ગઢ જમાવવાનો ઈરાદો: ડાયરેક્ટર રોજર્સના મતે, ચીનનો મુખ્ય હેતુ આર્ક્ટિક ક્ષેત્રમાં આર્થિક પગપેસારો કરવાનો છે, જેથી તે પ્રદેશના સંસાધનો અને વ્યૂહાત્મક મહત્ત્વનો લાભ લઈ શકે. રશિયાનું આક્રમક વલણ અને ટેકનોલોજીની ચોરી: બીજી તરફ, રશિયાનું આર્ક્ટિક પ્રત્યેનું વલણ "અણધાર્યું અને આક્રમક" છે. વધુમાં, મોસ્કો યુક્રેન સામેના યુદ્ધ માટે કેનેડિયન ટેકનોલોજી ખરીદવા માટે ગેરકાયદેસર ખરીદી યોજનાઓનો ઉપયોગ કરી રહ્યું છે. ગુપ્ત મોરચા કંપનીઓનો ઉપયોગ: સીએસઆઈએસ દ્વારા કેટલીક કેનેડિયન કંપનીઓને ચેતવણી આપવામાં આવી છે કે યુરોપ સ્થિત કેટલીક કંપનીઓ જે તેમના માલસામાન ખરીદવા માંગે છે, તે ખરેખર રશિયન એજન્ટો સાથે જોડાયેલી છે. એકવાર રશિયા પહોંચ્યા પછી, આ કેનેડિયન ઉત્પાદનો યુક્રેનમાં અને અન્યત્ર રશિયન લશ્કરી પ્રયાસોને ટેકો આપવા માટે વપરાય છે. કેનેડિયન ગુપ્તચર વડાએ સ્પષ્ટતા કરી કે આર્ક્ટિક પ્રદેશ તેના આર્થિક અને વ્યૂહાત્મક મહત્ત્વને કારણે હવે આંતરરાષ્ટ્રીય સ્તરે જાસૂસી માટેનું એક મહત્ત્વનું થિયેટર બની ગયું છે. કેનેડા આર્ક્ટિક રાષ્ટ્ર હોવાથી, બિન-આર્ક્ટિક દેશો, ખાસ કરીને ચીન, આ પ્રદેશમાં વ્યૂહાત્મક અને આર્થિક પગ જમાવવા માંગે છે. જ્યારે રશિયાની આ પ્રદેશમાં પહેલેથી જ નોંધપાત્ર લશ્કરી હાજરી છે. સીએસઆઈએસ એ જોયું છે કે આ બંને દેશો અને અન્ય શક્તિઓ કેનેડિયન સરકારો અને ખાનગી ક્ષેત્રોને નિશાન બનાવવા માટે સાયબર અને નોન-સાયબર ગુપ્તચર સંગ્રહના પ્રયાસો કરી રહી છે.

કેનેડા નાટો, જી-૭ અને ફાઈવ આઈઝ જેવા બહુપક્ષીય મંચોમાં વિશેષાધિકૃત અને પ્રભાવશાળી સ્થાન ધરાવતું હોવાથી, વિદેશી ગુપ્તચર સેવાઓ માટે તે એક મુખ્ય લક્ષ્ય બની ગયું છે. ડાયરેક્ટર રોજર્સે વિદેશી હસ્તક્ષેપના અન્ય પાસાઓ પર પણ ધ્યાન દોર્યું હતું. આલ્બર્ટા અને ક્વિબેકમાં સંભવિત સાર્વભૌમત્વના લોકમત અંગેના પ્રશ્નોના જવાબમાં, તેમણે સ્વીકાર્યું કે વિદેશી શત્રુઓ G7 દેશમાં દખલગીરી કરવા માટે માહિતીના મેનીપ્યુલેશનનો ઉપયોગ કરી શકે છે.

પીએમ ટાકાઈચીના તાઈવાન નિવેદનથી

# ચીન જાપાન તણાવ ચરમસીમાએ: રાજદૂતને તેડું

(એજન્સી) બેઈજિંગ, ચીન । તા. 14

તાઈવાનને લઈને જાપાનના નવા ચૂંટાયેલા વડાપ્રધાન સનાએ ટાકાઈચી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓને કારણે ચીન જાપાન તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. ચીનના ઉપરાષ્ટ્ર વિદેશ મંત્રી સન વેઈડોંગે ગુરુવારે જાપાનના રાજદૂત કેનજી કાનાસુગીને તાત્કાલિક તેડું મોકલીને આ ટિપ્પણીઓ અંગે આકરો અને મજબૂત વિરોધ નોંધાવ્યો હતો. ચીને પીએમ ટાકાઈચીના નિવેદનોને "ભૂલભરેલા" અને "ભડકાઉ" ગણાવ્યા છે, જેનાથી બંને દેશોના દ્વિપક્ષીય સંબંધોના રાજકીય પાયાને ગંભીર નુકસાન પહોંચ્યું છે.

ચીન દ્વારા અગાઉ વાંધાઓ અને વિરોધ નોંધાવ્યા હોવા છતાં, ટોક્યોએ આ ટિપ્પણીઓ પાછી ખેંચવાનો ઈનકાર કર્યો હતો, જેના પગલે બેઈજિંગે ફરી એકવાર સત્તાવાર વિરોધ નોંધાવવાની ફરજ પડી હતી. ચીનના ઉપરાષ્ટ્ર વિદેશ મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે પીએમ ટાકાઈચીના નિવેદનો સ્પષ્ટપણે ચીનના આંતરિક મામલાઓમાં દખલગીરી સમાન છે અને તે આંતરરાષ્ટ્રીય કાયદા, આંતરરાષ્ટ્રીય સંબંધોના મૂળભૂત ધોરણો અને 'વન-ચાઈના સિદ્ધાંત'નું ઉલ્લંઘન કરે છે. આ ટિપ્પણીઓ ચીન-જાપાન સંબંધોના આધારસ્તંભ સમાન ચાર રાજકીય દસ્તાવેજોનો પણ ભંગ કરે છે, જેનાથી દ્વિપક્ષીય સંબંધોના રાજકીય પાયાને નુકસાન થાય છે.

### જાપાનના નિવેદનો સામે ચીનનો ગંભીર વિરોધ

ચીનના વિદેશ મંત્રાલયના મીડિયા અહેવાલ મુજબ, ઉપરાષ્ટ્ર વિદેશ મંત્રી સન વેઈડોંગે આરોપ લગાવ્યો હતો કે પીએમ ટાકાઈચીએ તાઈવાનના મુદ્દા પર ખુલ્લેઆમ અને ઉશ્કેરણીજનક નિવેદનો કર્યા છે, જેમાં તાઈવાન સામુદ્રધુનીમાં સંભવિત સશસ્ત્ર હસ્તક્ષેપના સંકેતો પણ સામેલ છે. સન વેઈડોંગે જણાવ્યું હતું કે આ ટિપ્પણીઓ પ્રકૃતિ અને અસરની દ્રષ્ટિએ "અત્યંત ગંભીર" છે.

## ન્યૂઝ બ્રીફ

### ટ્રમ્પે 'ભવિષ્યનું પોષણ' કારોબારી આદેશ પર કર્યા હસ્તાક્ષર



વોશિંગ્ટન ડીસી | અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે "ફોસ્ટરિંગ ધ ફ્યુચર" નામક એક ઐતિહાસિક ટ્રમ્પ કારોબારી આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. આ આદેશનો હેતુ ફોસ્ટર કેર સિસ્ટમ ને આધુનિક બનાવવાનો અને ફોસ્ટર કેરમાંથી બહાર નીકળતા યુવાઓને સ્વતંત્રતા અને સફળતા માટે જરૂરી સાધનોથી સશક્ત બનાવવાનો છે. આ પગલું ફર્સ્ટ લેડી મેલેનિયા ટ્રમ્પની આ પહેલને વધુ મજબૂત બનાવે છે. વ્હાઈટ હાઉસ ખાતે સંબોધન કરતા રાષ્ટ્રપતિ ટ્રમ્પે જણાવ્યું હતું કે, "બાઈબલ આપણને કહે છે કે કોઈપણ સમાજનું એક માપદંડ એ છે કે તે સંવેદનશીલ બાળકો અને અનાથોની કેવી રીતે સંભાળ રાખે છે... તેથી જેમ જેમ આપણે અમેરિકાને ફરીથી મહાન બનાવી રહ્યા છીએ.

### ભારત સાઉદી અરેબિયા વચ્ચે કાપડ વેપાર બમણો કરવાની તૈયારી

નવી દિલ્હી | ભારત સાઉદી અરેબિયા વચ્ચેના દ્વિપક્ષીય વેપારને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે મહત્ત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. બંને દેશો વચ્ચે કાપડ ક્ષેત્રે વેપાર બમણો કરવાના લક્ષ્ય સાથે એક સમજૂતી કરાર (એમઓયુ) ને આખરી ઓપ આપવાની તૈયારીઓ ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સાઉદી અરેબિયા ભારતના ઉચ્ચ-ગુણવત્તાવાળા કાપડની આયાતમાં નોંધપાત્ર વધારો કરવા ઉત્સુક છે, અને આ માટે ડ્યુટી (જકાત) માં ઘટાડો કરવા સહિતની દરખાસ્તો પર હાલમાં વાટાઘાટો ચાલી રહી છે. આ કરાર ટૂંક સમયમાં જ જાહેર થવાની શક્યતા છે. વર્ષ ૨૦૨૪ના આંકડાઓ મુજબ, સાઉદી અરેબિયાના કાપડ અને વસ્ત્રોની કુલ આયાતમાં ભારતનો હિસ્સો ૧૧.૨ ટકા જેટલો છે, જે ૫૧૭.૫ મિલિયન યુએસ ડૉલરનું મૂલ્ય ધરાવે છે.

### પાકિસ્તાન પ્રથમ મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ અમીનુદ્દીન ખાનની નિમણૂક



ઈસ્લામાબાદ | પાકિસ્તાનના રાજકીય માળખામાં મોટા પરિવર્તન બાદ, રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ જસ્ટિસ અમીનુદ્દીન ખાન ની દેશની નવી રચાયેલી પાકિસ્તાન બંધારણીય અદાલતના ઉદ્ઘાટન મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમણૂક કરી છે. આ અદાલતની રચના સંસદ દ્વારા ૨૭મો બંધારણીય સુધારો પસાર થયા બાદ થઈ છે, જેણે દેશના બંધારણના મૂળભૂત માળખામાં નોંધપાત્ર ફેરફાર કર્યા છે. પાકિસ્તાનના કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન મુજબ, આ નિમણૂક બંધારણના અનુચ્છેદ ૧૭૫-એ(૩) અને અનુચ્છેદ ૧૭૫-સી હેઠળ કરવામાં આવી છે.

૬ જાન્યુઆરી ભાષણમાંથી 'શાંતિપૂર્ણ પ્રદર્શન'ના શબ્દો કાપી હિંસક કાર્યવાહીનો ખોટો સંકેત આપ્યો

# બીબીસી ટ્રમ્પ વિવાદ વકર્યો: ડોક્યુમેન્ટરીમાં એડિટિંગની ભૂલ બદલ બીબીસીએ માંગી માફી

(એજન્સી) લંડન । તા. 14

બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (બીબીસી) એ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ૬ જાન્યુઆરી, ૨૦૨૧ ના ભાષણના ભાગોને એડિટ કરીને બતાડવા બદલ તેમની માફી માંગી છે, પરંતુ ટ્રમ્પ દ્વારા માંગવામાં આવેલા એક અબજ યુએસ ડોલરના વળતરને આપવાનો ઈનકાર કરી દીધો છે. બીબીસી ટ્રમ્પ વિવાદ 'પેનોરમા' એપિસોડમાં થયેલી ગંભીર ભૂલના કારણે ઊભો થયો છે, જેને હવે ફરીથી પ્રસારિત કરવામાં આવશે નહીં.

બીબીસીએ એક નિવેદનમાં સ્વીકાર્યું હતું કે આ એડિટિંગને કારણે "એક ભૂલભરેલી છાપ ઊભી થઈ હતી કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે હિંસક કાર્યવાહી માટે સીધો આહ્વાન આપ્યું હતું." જોકે, ટ્રમ્પ દ્વારા ઓક્ટોબર ૨૦૨૪માં પ્રસારિત ડોક્યુમેન્ટરી પરત ખેંચવા, માફી માંગવા અને વળતર આપવાની માંગને બીબીસીએ ફગાવી દીધી છે.




### ટોચના અધિકારીઓના રાજીનામા અને વિવાદનો વ્યાપ

આ કાપકૂપના કૌભાંડને પગલે બીબીસીના ડાયરેક્ટર જનરલ ટિમ ડેવી અને ન્યૂઝ હેડ ડેબોરાહ ટર્નેસ સહિત ટોચના અધિકારીઓએ રવિવારે રાજીનામા આપ્યા છે. માફીના થોડા કલાકો પહેલા જ, ૨૦૨૨ ના 'ન્યૂઝનાઈટ' પ્રસારણમાંથી એક બીજી ગેરમાર્ગે દોરનારી એડિટિંગ ભૂલ સપાટી પર આવી હતી, જેનાથી બીબીસીની વિશ્વસનીયતા પર વધુ સવાલ ઊભા થયા હતા.

સીએનએન (CNN) ના અહેવાલ મુજબ, બીબીસીના પ્રવક્તાએ જણાવ્યું કે બીબીસીના અધ્યક્ષ સમીર શાહે રાષ્ટ્રપતિ (ડોનાલ્ડ) ટ્રમ્પને અંગત પત્ર મોકલીને સ્પષ્ટતા કરી છે કે "તેઓ અને કોર્પોરેશન ૬ જાન્યુઆરી, ૨૦૨૧ ના રાષ્ટ્રપતિના ભાષણના એડિટિંગ માટે દિલગીર છે." જોકે, બીબીસીએ આ ડોક્યુમેન્ટરી બદનક્ષીભરી હોવાનો ઈનકાર કર્યો છે અને જણાવ્યું છે કે તે બીબીસીના કોઈપણ પ્લેટફોર્મ પર ફરીથી પ્રસારિત કરવામાં આવશે નહીં.

### ૬ જાન્યુઆરી ભાષણની કાપકૂપ અને ગેરસમજ

બીબીસી ટ્રમ્પ વિવાદ ની શરૂઆત 'ટ્રમ્પ: એ સેકન્ડ ચાન્સ?' નામની ડોક્યુમેન્ટરીથી થઈ, જે ટ્રમ્પની ૨૦૨૪ ની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં જીત્યાના દિવસો પહેલા પ્રસારિત કરવામાં આવી હતી.

ડોક્યુમેન્ટરીમાં ટ્રમ્પે ૬ જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ આપેલા બે અલગ-અલગ વિભાગોમાંથી ત્રણ અવતરણોને ભેગા કરવામાં આવ્યા હતા. આશ્ચર્યજનક બાબત એ છે કે ભાષણના આ બે ભાગો લગભગ એક કલાકના અંતરાલમાં આપવામાં આવ્યા હતા.

વિવેચકોએ દલીલ કરી હતી કે આ અલગ-અલગ પંક્તિઓને એ રીતે સંપાદિત કરવામાં આવી હતી કે તે એક જ અવતરણ હોય તેમ લાગતું હતું, જેમાં ટ્રમ્પે સમર્થકોને તેમની સાથે કૂચ કરવા અને "નર્કની જેમ લડવા" (Fight Like Hell) વિનંતી કરી હતી.

અલ જઝીરાના અહેવાલ મુજબ, કાઢી નાખવામાં આવેલા ભાગોમાં એક એવો વિભાગ હતો જ્યાં ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ સમર્થકો શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરે તેવું ઈચ્છે છે.

ટ્રમ્પના ભાષણ બાદ હજારો સમર્થકો યુએસ કેપિટોલ તરફ કૂચ કરી ગયા અને ૨૦૨૦ ની રાષ્ટ્રપતિ ચૂંટણીના પ્રમાણપત્રને અવરોધવાના સ્પષ્ટ પ્રયાસમાં ઈમારત પર હુમલો કર્યો હતો.

### ટ્રમ્પનો આક્રોશ: 'લોકશાહી માટે ભયાનક બાબત'

ફોક્સ ન્યૂઝ સાથેના એક મુલાકાતમાં, ટ્રમ્પે જણાવ્યું હતું કે બ્રિટિશ બ્રોડકાસ્ટરે તેમના "સુંદર" અને "શાંત" ભાષણને "કતલ" કર્યું છે અને તેને "કટ્ટરપંથી" બનાવી દીધું છે.

તેમણે અગાઉ પોતાના 'ટ્રુથ સોશિયલ' પ્લેટફોર્મ પર પણ આ ઘટનાને "લોકશાહી માટે ભયાનક બાબત" ગણાવી હતી અને કહ્યું હતું કે: "બીબીસી ટ્રમ્પ વિવાદ માં પકડાયા બાદ ટિમ ડેવી સહિતના ટોચના લોકો રાજીનામું આપી રહ્યા છે. આ ખૂબ જ અપ્રમાણિક લોકો છે જેમણે રાષ્ટ્રપતિની ચૂંટણીના ત્રાજવા પર પગ મૂકવાનો પ્રયાસ કર્યો. તે વિદેશી દેશના છે, જેને ઘણા લોકો આપણા નંબર વન સાથી માને છે."

૬ જાન્યુઆરી ભાષણ માં થયેલી આ ગંભીર ભૂલ અને ત્યારબાદ માફી અને રાજીનામાં ની ઘટનાએ વિશ્વભરમાં મીડિયાની પ્રમાણિકતા અને ચૂંટણીઓમાં તેના પ્રભાવ અંગે એક મોટો સવાલ ઊભો કર્યો છે.

બોત્સ્વાના-અંગોલાની મુલાકાત લેનાર

# ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બનવાનું ગૌરવ



(એજન્સી) નવી દિલ્હી । તા. 14

ભારતના રાષ્ટ્રપતિ મુર્મુ પોતાનો ઐતિહાસિક આફ્રિકા પ્રવાસ પૂર્ણ કરીને શુક્રવારે નવી દિલ્હી પરત ફર્યા છે. અંગોલા અને બોત્સ્વાનાની આ રાજકીય મુલાકાત દરમિયાન ઉચ્ચ-સ્તરીય બેઠકો, ઔપચારિક સ્વાગત અને ભારત-આફ્રિકાના સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે મહત્ત્વપૂર્ણ ચર્ચાઓ કરવામાં આવી હતી. આ પ્રવાસ એટલા માટે પણ ઐતિહાસિક હતો કે તેઓ અંગોલા અને બોત્સ્વાનાની મુલાકાત લેનાર ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ બન્યા છે, જેણે આફ્રિકા સાથેની ભારતની ભાગીદારીને વિસ્તારવા માટેનો હેતુ સિદ્ધ કર્યો છે.

વિદેશ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, રાષ્ટ્રપતિ મુર્મુ બોત્સ્વાના ખાતેના તેમના તમામ કાર્યક્રમો પૂર્ણ કરીને ભારત માટે રવાના થયા હતા. વિદાય વખતે બોત્સ્વાનાના રાષ્ટ્રપતિ ડુમા ગિડીયન બોકોએ પોતે એરપોર્ટ પર આવીને તેમને વિદાય આપી હતી, જે એક વિશેષ સન્માન અને મિત્રતાનો સંકેત દર્શાવે છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પર આ અંગેની માહિતી આપી હતી.

સચિવ (આર્થિક સંબંધો), સુધાકર દલેલાએ એક વિશેષ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ મુર્મુ ૧૧મી નવેમ્બરની સાંજે બોત્સ્વાના પહોંચ્યા હતા. ત્યાંના રાષ્ટ્રપતિ બોકો દ્વારા તેમનું એરપોર્ટ પર ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમને ઔપચારિક સ્વાગત આપવામાં આવ્યું હતું અને તેમણે ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કર્યું હતું.

રાષ્ટ્રપતિ મુર્મુનું સ્વાગત રાષ્ટ્રપતિ કાર્યાલય ખાતે રાષ્ટ્રપતિ બોકો દ્વારા કરવામાં આવ્યું હતું. બંને નેતાઓએ એક વાર્તાલાપ કર્યા બાદ પ્રતિનિધિમંડળ સ્તરીય બેઠકો યોજાઈ હતી. બોત્સ્વાના તરફથી અનેક કેબિનેટ મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ડાયાબિટીસ નિયંત્રણ માટે પગલાં લો: WHOનો દક્ષિણ-પૂર્વ એશિયાને કડક સંદેશ

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

વિશ્વ ડાયાબિટીસ દિવસના અવસર પર, વિશ્વ આરોગ્ય સંસ્થાના ડબલ્યુએચઓ દક્ષિણ-પૂર્વ એશિયા પ્રદેશે ડાયાબિટીસના સતત વધી રહેલા બોજને ઘટાડવા માટે તાત્કાલિક અને સંકલિત કાર્યવાહી કરવા માટે એક નવું આહ્વાન કર્યું છે. આ પ્રદેશમાં હવે ૨૭૯ મિલિયનથી વધુ પુખ્ત વયના લોકો ડાયાબિટીસથી પ્રભાવિત છે, જે વૈશ્વિક કુલ દર્દીઓની સંખ્યાના લગભગ એક તૃતીયાંશ જેટલું છે. આ ભયાનક આંકડો ડાયાબિટીસ નિયંત્રણ માટે મોટા અને મક્કમ પગલાં લેવાની તાત્કાલિક જરૂરિયાત દર્શાવે છે.

ડબલ્યુએચઓ દક્ષિણ-પૂર્વ એશિયાના ઓફિસર-ઈન-ચાર્જ, ડૉ. કેથરીના બોહેમે જણાવ્યું કે, વ્યાપક મોડું નિદાન, અપૂરતી સારવાર અને લોહીમાં ગ્લુકોઝના સ્તરનું નબળું નિયંત્રણ ડાયાબિટીસ માટે ગંભીર પડકાર બની રહે છે.




ડાયાબિટીસ સાથે જીવતા બાળકોને ઘરે અને શાળામાં સમયસર અને અનુકૂળ સમર્થનની જરૂર હોય છે. સગર્ભા સ્ત્રીઓને તેમના પોતાના અને તેમના બાળકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે યોગ્ય વ્યવસ્થાપનની જરૂર છે. વૃદ્ધ વયના લોકોને તેમની સ્થિતિનું સંચાલન કરવા અને જીવનના તમામ તબક્કા માં જીવલેણ ગૂંચવણોને રોકવા માટે સતત માર્ગદર્શનની જરૂર પડે છે.

### યુએન સેક્રેટરી જનરલ સાથે વૈશ્વિક પડકારો પર વિસ્તૃત ચર્ચા

**ન્યૂયોર્ક** | વિદેશ મંત્રી એસ. જયશંકર યુએન મુલાકાતે ગયા હતા, જ્યાં તેમણે ગુરુવારે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન વર્તમાન વૈશ્વિક વ્યવસ્થા, પ્રાદેશિક સંઘર્ષો અને બહુપક્ષીયવાદની ભૂમિકા જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. જયશંકર યુએન મુલાકાત બાદ ટ્વીટ કરીને જણાવ્યું હતું કે તેમણે ગુટેરેસ દ્વારા કરવામાં આવેલા વૈશ્વિક ઘટનાક્રમોના મૂલ્યાંકનને મહત્ત્વ આપ્યું હતું અને ભારતના વિકાસ અને પ્રગતિ માટે તેમના "સ્પષ્ટ અને સતત સમર્થન" બદલ તેમનો આભાર માન્યો હતો. આ બેઠક જી-૭ વિદેશ મંત્રીઓની બેઠકની બાજુમાં યોજાઈ હતી, જેમાં કેનેડાના પ્રમુખપદ હેઠળ ભારતને આમંત્રિત ભાગીદાર તરીકે સામેલ કરવામાં આવ્યું છે.

# અમેરિકા આતંકવાદી સંગઠનોની યાદીમાં 4 યુરોપિયન જૂથો ઉમેર્યા

એન્ટિફા જૂથોએ સરકારી ઈમારતો અને મૂડીવાદના પ્રતીકોને બનાવ્યા નિશાન

(એજન્સી) વોશિંગ્ટન ડી.સી. । તા. 14

અમેરિકાએ ડાબેરી ઉગ્રવાદી સંગઠનો પરની કાર્યવાહીને વિસ્તારતા, એન્ટિફા સાથે જોડાયેલા ચાર યુરોપિયન જૂથોને "વિશેષ નિયુક્ત વૈશ્વિક આતંકવાદીઓ" તરીકે જાહેર કર્યા છે. અમેરિકા આતંકવાદી સંગઠનો સામેની ટ્રમ્પ પ્રશાસનની સખત ઝુંબેશના ભાગરૂપે લેવામાં આવેલા આ પગલાંથી આ જૂથો પર સખત પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. અમેરિકી વિદેશ વિભાગે જણાવ્યું કે, ૨૦ નવેમ્બર, ૨૦૨૫ થી આ ચારેય જૂથોને વિદેશી આતંકવાદી સંગઠનો તરીકે પણ સૂચિબદ્ધ કરવાની યોજના છે. વિદેશ વિભાગે એક નિવેદનમાં જણાવ્યું કે, "જર્મની સ્થિત 'એન્ટિફા ઓસ્ટ', તેમજ ઈટાલી અને ગ્રીસમાં અન્ય ત્રણ હિંસક યુરોપિયન એન્ટિફા જૂથોને વિશેષ નિયુક્ત વૈશ્વિક આતંકવાદીઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે." આ જૂથો યુરોપભરમાં હિંસક હુમલાઓમાં સામેલ રહ્યા છે, જેમાં તેઓ ઘણીવાર સરકારી ઈમારતો, જમણેરી રાજકીય કાર્યાલયો અથવા જેને તેઓ મૂડીવાદના પ્રતીકો માને છે તેવી સંસ્થાઓને નિશાન બનાવે છે. કેટલાક જૂથોએ પેલેસ્ટિનિયન ચળવળો સાથે એકતામાં કામ કરવાનો પણ દાવો કર્યો છે. આ કાર્યવાહી પ્રતિબંધ અને સખત કાર્યવાહી ને સમર્થન આપે છે, જેનો ઉદ્દેશ્ય રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રીય સુરક્ષા રાષ્ટ્રપતિ મેમોરેન્ડમ-૭ ને અનુરૂપ છે. આ પહેલ 'અમે સ્વ-વર્ણિત ફાસીવાદ વિરોધી' નેટવર્ક્સ, સંસ્થાઓ અને સંગઠનોને તોડી પાડવા માટેની છે, જે લોકશાહી સંસ્થાઓ, બંધારણીય અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાઓને નબળી પાડવા માટે રાજકીય હિંસા અને આતંકવાદી કૃત્યોનો ઉપયોગ કરે છે.

ઘૂસણખોરી | 21 લશ્કરી વિમાનો અને 3 નૌકાદળના જહાજો તાઈવાનની આસપાસ સક્રિય: સંરક્ષણ મંત્રાલય

# તાઈવાન ચીની સેનાની ઘૂસણખોરી: વિમાનોએ મધ્ય રેખાનું ઉલ્લંઘન કર્યું

(એજન્સી) તાઈપેઈ । તા. 14

તાઈવાનની આસપાસ તાઈવાન ચીની સેનાની લશ્કરી પ્રવૃત્તિઓ ફરી એકવાર ચરમસીમાએ પહોંચી છે. તાઈવાનના રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલય એ શુક્રવારે સવારે ૬ વાગ્યા સુધીમાં તાઈવાનના પ્રાદેશિક જળક્ષેત્રોની આસપાસ ૨૧ લશ્કરી વિમાનો અને ત્રણ નૌકાદળના જહાજોને સક્રિય રીતે કાર્યરત જોયા છે.

આ ૨૧ વિમાનોમાંથી, ૧૮ વિમાનોએ તાઈવાન સામુદ્રધુનીની મધ્ય રેખા પાર કરી અને તાઈવાનના ઉત્તરીય અને દક્ષિણ-પશ્ચિમી એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોનમાં પ્રવેશ કર્યો હતો, જે આંતરરાષ્ટ્રીય નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. જોકે, આ આક્રમક ઘૂસણખોરી એક દિવસના વિરામ બાદ થઈ છે; ગુરુવારે તાઈવાન ચીની સેના ના કોઈ વિમાન કે જહાજ તાઈવાનની આસપાસ જોવા મળ્યા નહોતા.

સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પુષ્ટિ કરી કે "અમે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ અને જવાબ આપી રહ્યા છીએ."



આ લશ્કરી ઉશ્કેરણીની સાથે સાથે, તાઈવાનના રાજકારણીઓ સામે ચીની કોમ્યુનિસ્ટ પાર્ટી દ્વારા ટ્રાન્સનેશનલ દમન પણ વધ્યું છે. ૧૨ નવેમ્બરના રોજ, તાઈવાનની મેઈનલેન્ડ અફેર્સ કાઉન્સિલ (MAC) એ એક રિપોર્ટમાં જણાવ્યું હતું કે તે ચીનના દમનનો સામનો કરવા માટે વિદેશ મંત્રાલય (MOFA) અને લોકશાહી સાથીઓ સાથે સંકલન મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે.

આ નિવેદન ચીનના સરકારી મીડિયા 'ચાઈના સેન્ટ્રલ ટેલિવિઝન' (CCTV) દ્વારા પ્રસારિત કરાયેલા એક કાર્યક્રમ બાદ આવ્યું છે. આ કાર્યક્રમમાં ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટીના ધારાસભ્ય પૂમા શેન ને સીધા નિશાન બનાવવામાં આવ્યા હતા અને તેમને ચેતવણી આપવામાં આવી હતી કે "હમણાં જ અટકી જાઓ, નહીં તો તમે આગામી હશો." તાઈવાની અધિકારીઓએ આ સેગમેન્ટને પૂમા શેનને ડરાવવા અને ટાપુના નાગરિકોને ચેતવણી આપવાનો સ્પષ્ટ પ્રયાસ ગણાવીને તેની નિંદા કરી હતી.

અગાઉ, જિનહુઆ ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો હતો કે પૂમા શેન પર ચોંગકિંગ મ્યુનિસિપલ પબ્લિક સિક્યોરિટી બ્યુરો દ્વારા કથિત "અલગતાવાદ સંબંધિત" ગુનાઓ માટે તપાસ કરવામાં આવી રહી છે. આ ગુનાઓ માટેનું કારણ શેનની 'કુમા એકેડમી' (Kuma Academy) સાથેની સંડોવણી હતી, જે એક નાગરિક સંરક્ષણ પહેલ છે અને તેનો ઉદ્દેશ્ય હાઈબ્રિડ યુદ્ધ સામે તાઈવાનની સ્થિતિસ્થાપકતા વધારવાનો છે.

# પાક. વિરોધ પ્રદર્શનની તૈયારી: 27મા બંધારણીય સુધારા સામે દેશભરમાં દેખાવો

(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 14

પાકિસ્તાનમાં રાજકીય તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. જ્યારે દેશની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોએ ૨૭મા બંધારણીય સુધારાના પસાર થયા બાદ પોતાના રાજીનામાંના સંકેતો આપ્યા, ત્યારે તુરંત જ પીટીઆઈ સમર્થિત વિપક્ષી જોડાણ 'તહરીક તહાફુઝ આયીન-એ-પાકિસ્તાન' એ દેશવ્યાપી પાકિસ્તાન વિરોધ પ્રદર્શન શરૂ કરવાની તૈયારી કરી દીધી છે. આ સુધારાને કારણે ન્યાયતંત્રની સ્વતંત્રતા સામે ગંભીર સવાલો ઊભા થયા છે અને વિપક્ષે સરકારની ક્ષમતા પર સીધો પ્રહાર કર્યો છે. દેશમાં સિવિલ વૉર જેવી સ્થિતિ ઊભી થવાનો ભય પણ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. ટીટીએપી દ્વારા મહમૂદ ખાન અચકઝાઈની અધ્યક્ષતામાં સંસદીય પક્ષની એક મહત્ત્વની બેઠક યોજવામાં આવી હતી. પીટીઆઈના અધ્યક્ષ બેરિસ્ટર ગોહર અલી ખાન, અસદ કૈસર અને અન્ય અનેક એમએનએ આ બેઠકમાં હાજર રહ્યા હતા. સોશિયલ મીડિયા દ્વારા આ જોડાણે આ બેઠકને "સૌથી મહત્ત્વપૂર્ણ" ગણાવી હતી અને "સૌથી મહત્ત્વપૂર્ણ નિર્ણયોની અપેક્ષા" વ્યક્ત કરી હતી. માજી નેશનલ એસેમ્બલીના સ્પીકર અસદ કૈસરે જણાવ્યું હતું કે, સભ્યોએ બંધારણીય સુધારા પછીની રાજકીય પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, "બધા સહભાગીઓ સર્વસંમતિથી સહમત થયા કે વર્તમાન સરકાર દેશ ચલાવવા સક્ષમ નથી... દેશ ગૃહ યુદ્ધની આરે ઊભો છે." કૈસરે વધુમાં કહ્યું કે, અચકઝાઈએ ધાર્મિક જૂથોને સામેલ કરવા અને દેશભરમાં શુક્રવારે પાકિસ્તાન વિરોધ પ્રદર્શન યોજવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે ન્યાયાધીશોના નિર્ણયને જાહેર જનતામાં વધી રહેલી હતાશાના સંકેત તરીકે ગણાવ્યો હતો.

## ભાજપનો મહિલા અને યુવા ફેક્ટર વિપક્ષના MY ફેક્ટર કરતાં વધુ પ્રભાવશાળી

# બિહારની જનતાએ જંગલરાજ વિરુદ્ધ મતદાન કર્યું: ભાજપના તુહિન સિન્હા

(એજન્સી) નવી દિલ્હી | તા.14

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) ની મજબૂત લીડના વલણો વચ્ચે, ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા તુહિન એ સિન્હાએ શુક્રવારે જણાવ્યું હતું કે બિહારના મતદારોએ 'જંગલરાજ વિરુદ્ધ મતદાન' કરીને પાર્ટીને પસંદ કરી છે. તેમણે ઉમેર્યું હતું કે મહિલા (Mahila) અને યુવા (Yuva) પર ભાજપનું ધ્યાન વિપક્ષ કરતાં વધુ મજબૂત છે. મીડિયા સૂત્રો સાથે વાત કરતા સિન્હાએ કહ્યું, 'આ અમારા અપેક્ષા મુજબ છે. જંગલરાજ વિરુદ્ધ મતદાન થયું છે. અમારું એમ-વાય ફેક્ટર - મહિલા (Women) અને યુવા (Youth) - તેમના (મહાગઠબંધન) એમ-વાય ફેક્ટર કરતાં વધુ પ્રભાવશાળી છે. તે દુર્ભાગ્યપૂર્ણ છે કે આરજેડીના લોકો ધમકી આપી રહ્યા છે અને બિહારને નેપાળ અને બાંગ્લાદેશ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. મને લાગે છે કે અમને ૧૬૦-૧૭૦ થી વધુ બેઠકો મળશે.'બિહાર વિધાનસભાની ચૂંટણી માટે મતગણતરી આગળ વધતાની સાથે, પ્રારંભિક વલણો એનડીએ માટે મજબૂત અને નિર્ણાયક લીડ દર્શાવે છે, જે મુખ્યમંત્રી નીતિશ કુમારની સૌથી નિર્ણાયક ચૂંટણી જીતમાંથી એક હોઈ શકે છે. વલણો સૂચવે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દેશવ્યાપી લોકપ્રિયતા દ્વારા સમર્થિત JD(U)-BJP ની ભાગીદારી, શાસક નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) ને ૨૪૩ બેઠકોની વિધાનસભામાં જંગી જનાદેશ તરફ દોરી રહી છે.સવારે ૧૧:૪૫ વાગ્યા સુધીના ચૂંટણી પંચના ડેટા મુજબ, નીતિશ કુમારના નેતૃત્વ હેઠળના એનડીએએ કુલ ૧૮૮ બેઠકો સુરક્ષિત કરી છે, જેમાં ભાજપ ૮૫, જેડીયુ ૭૫, એલજેપી ૨૨, એચએએમ ૪ અને આરએલએમ ૩ બેઠકો પર આગળ છે.તુહિન સિન્હાએ જે વાત પર ભાર મૂક્યો તે છે ભાજપનો મહિલા અને યુવા ફેક્ટર નું જોર. તેમણે કહ્યું કે વિપક્ષ મહાગઠબંધન મુસ્લિમ (Muslim) અને યાદવ (Yadav) ના MY ફેક્ટર પર આધાર રાખે છે, જ્યારે ભાજપનો MY ફેક્ટર મહિલા અને યુવા છે, જે વધુ વ્યાપક અને પ્રભાવશાળી સાબિત થયો છે. આરજેડી ૩૬ બેઠકો, કોંગ્રેસ ૬, સીપીઆઈ (એમએલ) ૭, જ્યારે સીપીઆઈ-એમ અને વીઆઈપી ૧-૧ બેઠકો પર આગળ છે, જે કુલ ૫૧ બેઠકો થાય છે. આ ઉપરાંત, બીએસપી એક અને AIMIM ત્રણ બેઠકો પર આગળ છે. લગભગ બે દાયકાથી રાજ્યનું સંચાલન કરી રહેલા નીતિશ કુમાર માટે, આ ચૂંટણી રાજકીય સહનશક્તિ અને જનતાના વિશ્વાસની કસોટી હતી. એક સમયે 'સુશાસન બાબુ' તરીકે વખાણાયેલા મુખ્યમંત્રીએ તાજેતરના વર્ષોમાં તેમના બદલાતા રાજકીય જોડાણો અંગેના પ્રશ્નોનો સામનો કર્યો હતો. તેમ છતાં, વર્તમાન વલણો મેદાન પર નોંધપાત્ર પરિવર્તન દર્શાવે છે, જે સૂચવે છે કે મતદારો ફરી એકવાર તેમના શાસન મોડેલમાં વિશ્વાસ મૂકી રહ્યા છે.

### એન ડી એની પ્રચંડ બહુમતી સાથે સરકાર રચવાનો માર્ગ મોકળો

ગયા : બિહાર વિધાનસભાની ચૂંટણીની મતગણતરી આગળ વધતાની સાથે જ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) એ બહુમતીના આંકને નિર્ણાયક રીતે વટાવી દીધો છે. આ ઉભરતા આંકડાઓએ ગઠબંધનના 'એન ડી એની પ્રચંડ બહુમતી' ના જનાદેશની પુષ્ટિ કરી છે, જેના પગલે કેન્દ્રીય મંત્રી અને HAM(S) ના સ્થાપક જીતન રામ માંઝીનો દાવો છે કે નીતિશ કુમાર બિહાર મુખ્યમંત્રી તરીકે ફરીથી પદભાર સંભાળશે.સમગ્ર બિહારમાં મતગણતરી આગળ વધતા, એનડીએએ સ્પષ્ટ અને સ્થિર લીડ નોંધાવી છે. પીએમ મોદી અને નીતિશ કુમારની ભાગીદારી હેઠળ ગઠબંધન જંગી વિજય તરફ આગળ વધી રહ્યું છે. કેન્દ્રીય મંત્રી અને HAM(S) ના સંરક્ષક જીતન રામ માંઝીએ જણાવ્યું હતું કે આ વલણો ગઠબંધનની અપેક્ષાઓ સાથે સુસંગત છે.

## જમ્મુ કાશ્મીર પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવારનો શાનદાર વિજય

# દેવયાની રાણા નાગરોટા બેઠક ૨૪ હજારથી વધુ મતોથી જીતી

(એજન્સી) જમ્મુ | તા.14

ભારતીય જનતા પાર્ટી (BJP) એ જમ્મુ અને કાશ્મીરની નાગરોટા વિધાનસભા બેઠક જાળવી રાખવામાં સફળતા મેળવી છે. દિવંગત દેવેન્દ્ર રાણાના પુત્રી દેવયાની રાણા નાગરોટા બેઠક પર ૨૪,૦૦૦ થી વધુ મતોના જંગી માર્જિનથી વિજયી થયા છે. નાગરોટા વિધાનસભા બેઠક માટે ૧૧ નવેમ્બરના રોજ મતદાન થયું હતું અને શુક્રવારે સવારે ૮ વાગ્યાથી મતગણતરી શરૂ થઈ હતી.વિજય બાદ મીડિયા સૂત્રો સાથે વાત કરતા ભાજપના ઉમેદવાર દેવયાની રાણાએ જણાવ્યું હતું કે, 'હું ખૂબ જ નસીબદાર છું કે મને ભાજપનો સમર્થન મળ્યું. હું ભાજપના દરેક નેતા, અન્ય કાર્યકરો, રાણા સાહેબના પરિવારનો આભાર વ્યક્ત કરું છું. બધાએ સાથે મળીને મારી જીત સુનિશ્ચિત કરી. ૨૦૨૪ માં, નાગરોટાએ રાણા સાહેબને આશીર્વાદ આપ્યા હતા, અને આજે પણ નાગરોટાના લોકોએ મને આશીર્વાદ આપ્યા છે.'દેવયાની રાણા નાગરોટા બેઠક પરથી ચૂંટણી લડતા અન્ય નવ ઉમેદવારોને પરાજિત કર્યા હતા. તેમણે જમ્મુ અને કાશ્મીર નેશનલ પેન્થર્સ પાર્ટી (ઇન્ડિયા) ના ઉમેદવાર હર્ષ દેવ સિંહને ૨૪ હજાર મતોની સરસાઈથી હરાવ્યા હતા. જ્યારે જમ્મુ અને કાશ્મીર નેશનલ કોન્ફરન્સ (JKNC) ના ઉમેદવાર શમીમ બેગમ લગભગ ૨૬ હજાર મતોના માર્જિનથી પાછળ રહ્યા હતા. આ પરિણામોથી સ્પષ્ટ થાય છે કે ભાજપે જાળવી નાગરોટા બેઠક અને તેના પર પોતાનો કબજો મજબૂત કર્યો.

## ન્યૂઝ બ્રીફ

### કોંગ્રેસનું નિરાશાજનક પ્રદર્શન બિહાર: ૬૦માંથી માત્ર ૬ બેઠકો પર લીડ

પટણા : લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા પાર્ટીના ભાગ્યને પુનર્જીવિત કરવાના પ્રયાસો છતાં, જેમાં કેન્દ્ર અને ચૂંટણી પંચ સામે 'વોટ ચોરી' ના આક્ષેપો, બિહારમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અને વોટર અધિકાર યાત્રા જેવા હાઈ-પ્રોફાઈલ અભિયાનોનો સમાવેશ થાય છે, કોંગ્રેસ નોંધપાત્ર અસર છોડવામાં નિષ્ફળ રહી છે. આ મુદ્દાઓ મતદારોનું સમર્થન મેળવવાનો હેતુ ધરાવતા હતા, પરંતુ બિહારના મતદારો સાથે વધુ પડઘો પાડતા સ્થાનિક મુદ્દાઓની સરખામણીમાં રાહુલ ગાંધીનો વોટ ચોરીનો દાવ નિષ્ફળ ગયો હોવાનું જણાય છે. ૨૦૨૦ ની ચૂંટણીમાં, કોંગ્રેસે ૭૦માંથી માત્ર ૨૭ બેઠકો સુરક્ષિત કરી હતી, જેનો કન્વર્ઝન રેટ ૩૮% હતો, પરંતુ આ વખતે પાર્ટીનું પ્રદર્શન વધુ નીચે ગયું છે. રાષ્ટ્રીય મુદ્દાઓને લક્ષ્ય બનાવ્યા છતાં, એવું લાગે છે કે સ્થાનિક ચિંતાઓએ કોંગ્રેસના વાક્પટુતા પર પડછાયો નાખ્યો છે. પાર્ટીનો આ સંઘર્ષ તેના ગઠબંધન ભાગીદાર, રાષ્ટ્રીય જનતા દળ (RJD) માટે પણ મહાગઠબંધન માટે બોજ બની ગયો છે, કારણ કે કોંગ્રેસનું નબળું પ્રદર્શન વ્યાપક મહાગઠબંધન ગઠબંધન પર નકારાત્મક અસર દર્શાવે છે.

### ચૂંટણી પંચ વિરુદ્ધ બિહારની જનતા વચ્ચે સીધો મુકાબલો: કોંગ્રેસના પવન ખેરા

નવી દિલ્હી : બિહાર વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને મહાગઠબંધન મતગણતરીમાં પાછળ પડતાં, કોંગ્રેસના નેતા પવન ખેરાએ શુક્રવારે બિહાર વિધાનસભાની ચૂંટણીને મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી પંચ વિરુદ્ધ બિહારની જનતા વચ્ચેનો સીધો મુકાબલો ગણાવ્યો છે. રાષ્ટ્રીય રાજધાનીમાં પત્રકારો સાથે વાત કરતા ખેરાએ CEC કુમાર પર કટાક્ષ કર્યો અને કહ્યું કે તેમનો હાથ બિહારની જનતા પર ભારે પડી રહ્યો છે. તેમણે કહ્યું, 'આ માત્ર શરૂઆતી વલણો છે, અમે થોડી રાહ જોઈ રહ્યા છીએ. પ્રારંભિક વલણો ચોક્કસપણે સૂચવે છે કે જ્ઞાનેશ કુમાર બિહારના લોકો પર હાવી થઈ રહ્યા છે. હું બિહારની જનતાને ઓછી આંકી શકતો નથી. તેમણે હિંમત બતાવી છે. તેમણે SIR અને મત ચોરી છતાં હિંમત બતાવી. આ મુકાબલો સીધો ભારતના ચૂંટણી પંચ વિરુદ્ધ બિહારની જનતા વચ્ચે છે, અને જોઈએ કોણ જીતે છે.' ખેરાએ ઉમેર્યું, 'હું પક્ષો વિશે પણ વાત નથી કરી રહ્યો. હું CEC જ્ઞાનેશ કુમાર અને બિહારની જનતા વચ્ચેના સીધા, સ્પષ્ટ મુકાબલા વિશે વાત કરી રહ્યો છું.

### દુબઈમાં ભારતના ગેંગસ્ટર્સની પહેલી ગેંગવોર! બિશ્નોઈના નજીકના ગણાતા જોરા સિદ્ધુની હત્યાનો દાવો

નવી દિલ્હી : કુખ્યાત ગેંગસ્ટર રોહિત ગોદારા સાથે જોડાયેલા સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી શેર કરાયેલી પોસ્ટ દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે દુબઈમાં ભારતીય ગેંગસ્ટરો વચ્ચે કથિત રીતે પહેલીવાર ગેંગવોર થઈ છે, જેના સમાચાર સોશિયલ મીડિયા પર ફેલાયા છે. આ પોસ્ટમાં ગેંગસ્ટર લૉરેન્સ બિશ્નોઈના નજીકના ગણાતા જોરા સિદ્ધુ ઉર્ફે સિપ્પાની હત્યાની જવાબદારી લેવામાં આવી છે. પોસ્ટમાં ઉલ્લેખ છે કે દુબઈમાં જોરા સિદ્ધુનું ગળું કાપીને હત્યા કરવામાં આવી છે. આરોપ મુજબ, સિદ્ધુ બિશ્નોઈના નિર્દેશ પર ગેંગના હેન્ડલર તરીકે કામ કરતો હતો.

## એન ડી એની લીડમાં ઉછાળો: બહુમતીનો આંક વટાવ્યો, મહાગઠબંધન પાછળ

# બિહાર કા મતલબ નીતિશ કુમાર: સીએમ નિવાસસ્થાન પાસે લાગ્યા પોસ્ટરો

## જેડીયુ કાર્યાલયમાં ઉજવણી શરૂ: નીતિશ કુમારની લોકપ્રિયતા અકબંધ

(એજન્સી) પટણા | તા.14




ચૂંટણી પંચના ડેટા મુજબ શાસક નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) એ ૧૨૨ બેઠકોનો અડધો માર્ક વટાવી દીધો છે, ત્યારે પટણામાં મુખ્યમંત્રીના નિવાસસ્થાન નજીક 'બિહાર કા મતલબ નીતિશ કુમાર' ના નારાવાળા મોટા હોર્ડિંગ્સ જોવા મળ્યા છે.ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, એન ડી એની લીડમાં ઉછાળો આવ્યો છે અને તે ૧૨૨ બેઠકોનો અડધો માર્ક વટાવી ચૂક્યો છે, જ્યારે વિપક્ષી મહાગઠબંધન પાછળ ચાલી રહ્યું છે. ૨૩૮ બેઠકો પરના વલણો મુજબ, એનડીએ ૧૮૭ બેઠકો પર આગળ હતી, જેમાં ભારતીય જનતા પાર્ટી ૮૧ બેઠકો પર અને મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વ હેઠળની જનતા દળ (યુનાઈટેડ) ૮૦ મતવિસ્તારોમાં આગળ હતી. ચિરાગ પાસવાનની LJP(RV) ૨૨ બેઠકો પર આગળ હતી. મહાગઠબંધન માત્ર ૪૪ બેઠકોની લીડ સાથે પાછળ ચાલી રહ્યું હતું. તેજસ્વી યાદવની રાષ્ટ્રીય જનતા દળ (RJD) ૩૩ બેઠકો પર આગળ હતી, પરંતુ તેના સહયોગીઓનું પ્રારંભિક વલણો મુજબ નિરાશાજનક પ્રદર્શન જોવા મળ્યું હતું. કોંગ્રેસ ૫ બેઠકો પર, જ્યારે ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્કસવાદી-લેનિનવાદી) લિબરેશન ૬ બેઠકો પર આગળ હતી - આ તમામ આંકડા સવારે ૧૧.૧૦ વાગ્યા સુધીના છે.૨૦૨૫ ની બિહાર વિધાનસભાની ચૂંટણી વર્તમાન મુખ્યમંત્રી નીતિશ કુમાર માટે લીટમસ ટેસ્ટ ગણાતી હતી. જોકે, નીતિશ કુમાર છેલ્લા ૨૦ વર્ષથી વધુ સમયથી દરેક બિહાર ચૂંટણીમાં રાજકારણને તેમની આસપાસ દોરવામાં સફળ રહ્યા છે.વિપક્ષ દ્વારા વારંવાર 'પલટુ રામ' (વારંવાર પક્ષ બદલનાર) તરીકે નિશાન બનાવવામાં આવતા હોવા છતાં, નીતિશ કુમારે હંમેશા પોતાનો આધાર અને વોટ બેંક મજબૂત જાળવી રાખી છે. નીતિશ કુમારની સ્થાયી લોકપ્રિયતા તેમના નક્કર વિકાસ અને સર્વસમાવેશક વૃદ્ધિ પરના ધ્યાનમાંથી ઉદ્ભવે છે.તેમણે ગ્રામીણ માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવા અને સીધી નાણાકીય સહાય પૂરી પાડવા જેવા વચનો પૂરા કર્યા છે, જેનાથી તેમને બિહારના સામાજિક-આર્થિક વર્ગમાં વિશ્વાસ મળ્યો છે. મતદારો તેમના પૂર્ણ કરેલા વચનોને યાદ રાખે છે.

## બિહારમાં મહાગઠબંધનનું નબળું પ્રદર્શન એસપી પ્રમુખ ભડક્યા

# અખિલેશ યાદવ ચૂંટણી ષડયંત્ર ખુલ્લું પડ્યું એનડીએના વિજય પર સવાલ

### એસ આઈ આર પર ગંભીર આક્ષેપ કરી ભાજપને 'દળ નહીં છલ' ગણાવી

(એજન્સી) લખનઉ | તા.14



બિહાર વિધાનસભા ચૂંટણીના વલણોમાં મહાગઠબંધનની નબળી કામગીરીને પગલે સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ ચૂંટણી ષડયંત્ર નો આક્ષેપ કરીને ભારતીય જનતા પાર્ટી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે ભાજપને 'દગાખોર' ગણાવી છે અને મહાગઠબંધનના ખરાબ પ્રદર્શન માટે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ને દોષી ઠેરવ્યો છે. તેમણે SIR ને 'ચૂંટણી ષડયંત્ર' તરીકે ગણાવ્યું હતું.

અખિલેશ યાદવે 'X' પર લખ્યું હતું કે, 'બિહારમાં એસ આઈ આર પર ગંભીર આક્ષેપ જે રમત રમી છે, તે હવે પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ કે અન્ય કોઈ રાજ્યમાં શક્ય નહીં બને, કારણ કે આ અખિલેશ યાદવ ચૂંટણી ષડયંત્ર હવે ખુલ્લું પડી ગયું છે. હવેથી, અમે તેમને આ રમત રમવા દઈશું નહીં. સીસીટીવીની જેમ, અમારા 'પીપીટીવી' – એટલે કે 'પીડીએ પ્રહરી' – સતર્ક રહેશે અને ભાજપના ઈરાદાઓને નિષ્ફળ બનાવશે. ભાજપ દળ નથી, છલ છે.' બિહાર વિધાનસભા ચૂંટણી માટે મતગણતરી આગળ વધી રહી છે, ત્યારે પ્રારંભિક વલણો નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) માટે મજબૂત અને નિર્ણાયક લીડ દર્શાવે છે. આ વલણ મુખ્યમંત્રી નીતિશ કુમારની સૌથી નિર્ણાયક ચૂંટણી જીતમાંથી એક હોઈ શકે છે.વલણો સૂચવે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દેશવ્યાપી લોકપ્રિયતા દ્વારા સમર્થિત નવી JD(U)-BJP ભાગીદારી, ૨૪૩ બેઠકોની વિધાનસભામાં સત્તાધારી એનડીએને જંગી જનાદેશ તરફ દોરી રહી છે. બપોરે ૧૨:૧૮ વાગ્યા સુધીના ચૂંટણી પંચના ડેટા મુજબ, નીતિશ કુમારના નેતૃત્વ હેઠળના એનડીએએ કુલ ૧૮૯ બેઠકો સુરક્ષિત કરી છે, જેમાં ભાજપ ૭૬, જેડીયુ ૭૫, એલજેપી ૨૦, એચએએમ ૪ અને આરએલએમ ૪ બેઠકો પર આગળ છે. તેનાથી વિપરીત, બિહારમાં મહાગઠબંધનનું નબળું પ્રદર્શન જોવા મળી રહ્યું છે. આરજેડી ૩૫, કોંગ્રેસ ૬, સીપીઆઈ (એમએલ) ૭, જ્યારે સીપીઆઈ-એમ ૧ અને વીઆઈપી ૦ બેઠકો પર આગળ છે, જે કુલ ૪૯ બેઠકો થાય છે. આ ઉપરાંત, બીએસપી એક અને AIMIM ત્રણ બેઠકો પર આગળ છે. લગભગ બે દાયકાથી રાજ્યનું સંચાલન કરી રહેલા નીતિશ કુમાર માટે આ ચૂંટણી રાજકીય સહનશક્તિ અને જનતાના વિશ્વાસની કસોટી તરીકે જોવામાં આવી હતી. 'જંગલ રાજ'ના પડછાયામાંથી બિહારને બહાર કાઢવા બદલ એક સમયે 'સુશાસન બાબુ' તરીકે વખાણાયેલા મુખ્યમંત્રીએ તાજેતરના વર્ષોમાં મતદારોની થાક અને તેમના બદલાતા રાજકીય જોડાણો અંગેના પ્રશ્નોનો સામનો કર્યો છે.

## NDA બિહારમાં નિર્ણાયક લીડ સાથે બહુમતીના આંકને વટાવી ગઈ, નીતિશ કુમાર ટાઇગર અભી ઝિંદા હૈ

(એજન્સી) પટણા | તા.14

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં એનડીએ (NDA) એ ૧૨૨ બેઠકોની બહુમતીનો આંક વટાવીને મજબૂત લીડ જાળવી રાખતા, ભાજપના સાંસદ દીપક પ્રકાશે મુખ્યમંત્રી નીતિશ કુમારની પ્રશંસા કરી અને કહ્યું કે, 'નીતિશ કુમાર ટાઈગર અભી ઝિંદા હૈ (વાઘ હજી જીવંત છે).' પ્રારંભિક વલણો એનડીએ માટે એક મજબૂત અને નિર્ણાયક લીડ સૂચવે છે, જે મુખ્યમંત્રી નીતિશ કુમારની સૌથી નિર્ણાયક ચૂંટણી જીતમાંથી એક હોઈ શકે છે., નીતિશ કુમારના નેતૃત્વ હેઠળની એન ડી એ બિહારમાં નિર્ણાયક લીડ સાથે કુલ ૧૮૯ બેઠકો પર આગળ છે, જેમાં ભાજપ ૮૭, જેડીયુ ૭૭, એલજેપી(આરવી) ૨૦, એચએએમ(એસ) ૪ અને આરએલએમ ૪ બેઠકો પર આગળ છે.દીપક પ્રકાશે આ જંગી લીડને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નીતિશ કુમાર પરના જનતાના વિશ્વાસની જીત ગણાવી હતી. તેમણે મીડિયા સૂત્રોને જણાવ્યું હતું કે, 'આ બિહારની જનતાનો વિજય છે. તે સ્પષ્ટ છે કે અહીં ડબલ-એન્જિનની સરકાર બનવા જઈ રહી છે. અહીંના મતદારોને અભિનંદન. દીપક પ્રકાશ જનતાનો વિશ્વાસ પીએમ મોદી અને નીતિશ કુમાર પર કાયમ હોવાનું જણાવ્યું. ભાજપ-એનડીએના કાર્યકરોએ સખત મહેનત કરી છે.

## જવાહરલાલ નેહરુને શ્રદ્ધાંજલિ: શાંતિ વન ખાતે કોંગ્રેસના નેતાઓ દ્વારા પુષ્પાંજલિ



**નવી દિલ્હી : કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી, કોંગ્રેસના સાંસદ કેસી વેણુગોપાલ અને અન્ય પાર્ટીના નેતાઓએ ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા તેમની ૧૩૬મી જન્મજયંતિના અવસર પર શાંતિ વન ખાતે પુષ્પાંજલિ અર્પી. ખડગે સોનિયા ગાંધીએ શ્રદ્ધાંજલિ અર્પી, જેમાં ખડગેએ X પરની પોસ્ટમાં જવાહરલાલ નેહરુના વારસાને "નેહરુનો વારસો કાલાતીત દીવાદાંડી" ગણાવ્યો હતો અને તેમના "સ્વતંત્રતા, લોકશાહી, ધર્મનિરપેક્ષતા અને વૈજ્ઞાનિક સ્વભાવ" ના મૂલ્યોને યાદ કર્યા હતા.**

# બિહાર પીએમ મોદીના હૃદયમાં અને પીએમ મોદી બિહારના હૃદયમાં: નિત્યાનંદ રાય



પટણા : બિહાર વિધાનસભાની ચૂંટણીમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) ની જંગી જીતનો અંદાજ દર્શાવતા વલણો પર ભાર મૂકતા કેન્દ્રીય રાજ્ય મંત્રી નિત્યાનંદ રાય એનડીએનો વિજય ને એ વાતનો પુરાવો ગણાવ્યો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકોના હૃદયમાં વસે છે. તેમણે બિહારના નાગરિકોનો તેમના સમર્થન બદલ આભાર માન્યો અને કહ્યું કે જનતાએ રાજ્યમાં વિકાસની ઈચ્છા દર્શાવી છે.નિત્યાનંદ રાયે મીડિયા સૂત્રોને જણાવ્યું, 'બિહાર પીએમ મોદીના હૃદયમાં અને પીએમ મોદી બિહારના હૃદયમાં: જનતા વિકાસ ઈચ્છે છે: 'બિહારની જનતાએ એનડીએને જંગી બહુમતી આપી છે. હું રાજ્યના લોકોનો આભાર માનું છું. લોકોએ દર્શાવ્યું છે કે તેઓ રાજ્ય માટે વિકાસ ઈચ્છે છે. બિહારની જનતાએ વિશ્વના સૌથી લોકપ્રિય નેતા, નરેન્દ્ર મોદીમાં પોતાનો વિશ્વાસ દર્શાવ્યો છે. આજે એ સાબિત થઈ ગયું છે કે બિહાર પીએમ મોદીના હૃદયમાં રહે છે અને પીએમ મોદી બિહારના હૃદયમાં વસે છે.'બિહાર વિધાનસભા ચૂંટણી માટે મતગણતરી આગળ વધતાની સાથે, પ્રારંભિક વલણો એનડીએ માટે એક મજબૂત અને નિર્ણાયક લીડ દર્શાવે છે, જે મુખ્યમંત્રી નીતિશ કુમારની સૌથી નિર્ણાયક ચૂંટણી જીતમાંથી એક હોઈ શકે છે.

### યુપીમાં એક જ પરિવારના 5 સભ્યોના શંકાસ્પદ મોત

લખનઉ : ઉત્તર પ્રદેશના શ્રાવસ્તીમાં શુક્રવારે સવારે એક હૃદય કંપાવી દેનારી ઘટના સામે આવી છે. શ્રાવસ્તીના લિયાકત પુરવા ગામમાં એક જ પરિવારના પાંચ લોકોના શંકાસ્પદ રીતે મોત નિપજતાં સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ છે. પતિનો મૃતદેહ ફાંસીના માંચડે લટકતો મળી આવ્યો હતો, જ્યારે તેની પત્ની અને ત્રણ માસૂમ બાળકોના મૃતદેહ ઘરની અંદર ખાટલા પર પડ્યા હતા. મળતી માહિતી મુજબ મૃતકોનો રૂમ અંદરથી બંધ હતો, જેના કારણે ઘટના વધુ રહસ્યમય બની છે. શુક્રવારે સવારે જ્યારે પરિવારજનો અને ગ્રામજનોએ દરવાજો તોડીને અંદર પ્રવેશ કર્યો, ત્યારે અંદરનું દ્રશ્ય જોઈને સૌ ચોંકી ઉઠ્યા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

**યુરેનસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ**
**સીઆઈએન: એલ૭૪૧૧૦જીજે૧૯૯૪પીએલસી૦૨૧૩૫૨**

રજીસ્ટર્ડ ઓફિસ: રન્નાડે હાઉસ, ફર્સ્ટ ફ્લોર, ઈશાન બંગ્લોઝ પાસે, શીલજ, અમદાવાદ - ૩૮૦૦૫૯, દસક્રોઈ, ગુજરાત ભારત.
ટેલિફોન: +૯૧ ૯૮૯૮૫ ૩૭૧૮૮ || ઈ-મેઈલ: info@yuranusinfra.com || વેબસાઈટ: www.yuranusinfra.com

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરસે ૧૩ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધ વાર્ષિક માટે કંપનીના અનઓડિટેડ નાણાકીય પરિણામોને મંજૂરી આપી હતી.

સંપૂર્ણ પરિણામો, લિમિટેડ રિવ્યુ રિપોર્ટ સાથે, કંપનીની વેબસાઇટ https://yuranusinfra.com/financial-results.php પર અને સ્ટોક એક્સચેન્જ એટલે કે BSE લિમિટેડની વેબસાઇટ www.bseindia.com પર ઉપલબ્ધ છે અને નીચે આપેલા ક્વિક રિસ્પોન્સ (QR) કોડને સ્કેન કરીને પણ તે મેળવી શકાય છે.

તારીખ: ૧૩-૧૧-૨૦૨૫
સ્થળ: અમદાવાદ

યુરેનસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ માટે
સહી/-
નિતિનભાઈ ગોવિંદભાઈ પટેલ
ચેરમેન કમ મેનેજીંગ ડાઈરેક્ટર
ડીઆઈએન: ०૬૬૨૬૬૪૬

નોંધ: ઉપરોક્ત સૂચના સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૩૩ અને રેગ્યુલેશન ૪૭(૧) અનુસાર છે.

AXITA COTTON
**અક્ષીતા કોટન લિમિટેડ**
**સીઆઈએન:** એલ૧૭૨૦૦જીજે૨૦૧૩પીએલસી૦૭૬૦૫૯
**રજીસ્ટર્ડ ઓફિસ:** સર્વે નં. ૩૨૪, ૩૫૭, ૩૫૮, કડી, થોલ રોડ, બોરીસાણા, કડી, મહેસાણા-૩૮૨૭૧૫, ગુજરાત, ભારત.
**કોર્પોરેટ ઓફિસ:** રન્નાડે હાઉસ, ફર્સ્ટ ફ્લોર, સંકલ્પ ગ્રેસ ૩ ની સામે, ઈશાન બંગલોજ નજીક, શીલજ, અમદાવાદ- ૩૮૦૦૫૯, ગુજરાત, ભારત.
**ટેલિફોન:** +૯૧ ૬૩૫૮૭૪૭૫૧૪ || **ઈ-મેઈલ:** cs@axitacotton.com || **વેબસાઇટ:** www.axitacotton.com

સપ્ટેમ્બર ૩૦, ૨૦૨૫ **ના રોજ સમાપ્ત થયેલ ત્રિમાસીક અને અર્ધવાર્ષિક ગાળાના** અનઓડિટેડ સ્ટેન્ડઅલોન **નાણાકિય પરિણામોનો વિસ્તાર**

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા, શુક્રવાર, નવેમ્બર ૧૪, ૨૦૨૫ ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં, સપ્ટેમ્બર ૩૦, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસીક અને અર્ધવાર્ષિક ગાળાના કંપનીના અનઓડિટેડ સ્ટેન્ડઅલોન નાણાકીય પરિણામોને મંજૂરી આપવામાં આવી હતી.
કંપની ના સ્ટેટુટરી ઓડિટર્સે આ ત્રિમાસીક અને અર્ધવાર્ષિક ગાળાના અનઓડિટેડ સ્ટેન્ડઅલોન નાણાકીય પરિણામોની, સમયાંતરે સુધારવામાં આવેલ સેબીના (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર જરૂરિયાતો) રેગ્યુલેશન, ૨૦૧૫ ના નિયમ ૩૩, અનુસાર સમીક્ષા કરવામાં આવેલ છે.
આ ત્રિમાસીક અને અર્ધવાર્ષિક ગાળાના નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ, લીમીટેડ રીવ્યુ રિપોર્ટ સાથે, બીએસઈ લિમિટેડની વેબસાઈટ પર **www.bseindia.com**, નેશનલ સ્ટોક એક્સચેંજ લિમિટેડની વેબસાઈટ **www.nseindia.com** પર અને કંપનીની વેબસાઈટ પર www.axitacotton.com પર ઉપલબ્ધ છે અને નીચે આપેલા ક્વિક રિસ્પોન્સ (QR) કોડને સ્કેન કરીને પણ તે મેળવી શકાય છે.

**સ્થળ: કડી, મહેસાણા**
**તારીખ:** નવેમ્બર ૧૪, ૨૦૨૫

**અક્ષીતા કોટન લિમિટેડ માટે**
**સહી/-**
**નિતિનભાઈ ગોવિંદભાઈ પટેલ**
**ચેરમેન અને મેનેજીંગ ડાઈરેક્ટર**
**ડીઆઈએન: ०૬૬૨૬૬૪૬**

**નોંધ:** ઉપરોક્ત સૂચના સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૩૩ અને રેગ્યુલેશન ૪૭(૧) અનુસાર છે.

સિટી એક્સપ્રેસ

SATURDAY 15 NOVEMBER-2025

AHMEDABAD






# 9 મહિનામાં 250 અમદાવાદીઓના લાઈસન્સ સસ્પેન્ડ...

## ઓવરસ્પીડ અને ફેટલ એક્સિડન્ટમાં સૌથી વધુ કાર્યવાહી, રસ્તાને રેસિંગ ટ્રેક સમજતા 77 લોકો સામે પણ તવાઈ

અમદાવાદ | ઓવરસ્પીડમાં વાહન હંકારવું અને સ્ટંટ કરવાનો અત્યારે એક ક્રેઝ બની ગયો છે. જાહેર રોડ પર બેફામ વાહન હંકાવી લોકો પોતાના અને બીજાના પણ જીવ જોખમમાં મૂકી રહ્યા છે તેમજ દિન-પ્રતિદિન અકસ્માતની ઘટનાઓમાં વધારો થતા અમદાવાદ RTO દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ટ્રાફિક નિયમોનું પાલન ન કરનારા 250 લોકોના લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

એમાં પણ ફેટલ એટલે કે અકસ્માત સર્જી નિર્દોષનો જીવ લીધો હોય એવા કેસમાં સૌથી વધુ લાઈસન્સ સસ્પેન્ડ કરવાની RTO દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

અમદાવાદ શહેરના અનેક રસ્તાઓને વાહનચાલકો રેસિંગ ટ્રેક સમજી ગયા છે. એસ.જી હાઈ-વે હોય કે રિવરફ્રન્ટ રોડ સહિતના રસ્તાઓ પર જોખમી સ્ટંટ કરતા હોય એવા અનેક વીડિયો પણ સામે આવતા હોય છે તો કેટલાક લોકો ટ્રાફિકના નિયમનું પાલન જ કરતા નથી. સ્પીડમાં વાહન ચલાવવું, મોબાઈલ પર વાતચીત કરવી અને હેલ્મેટ કે સીટબેલ્ટ વગર ડ્રાઈવિંગ જેવી બેદરકારી લોકો માટે રોજિંદી થઈ ગઈ છે. જેના કારણે અમદાવાદ શહેરમાં દરરોજ નાના-મોટા અકસ્માતની ઘટના સામે આવી રહી છે. જેના કારણે જ RTO અને ટ્રાફિક પોલીસ દ્વારા ડ્રાઈવ પણ ચલાવવામાં આવે છે.

| | |
|---|---|
| ઓવરસ્પીડમાં વાહન ચલાવવાના કેસમાં | 77 |
| ફેટલ (એક્સિડન્ટમાં મોત થયા હોય એવા કેસમાં ) | 110 |
| રોંગ સાઈડ વાહન ચલાવવાના કેસમાં | 27 |
| જોખમી ડ્રાઈવિંગના કેસમાં | 13 |
| ડ્રીંક એન્ડ ડ્રાઈવ કેસમાં | 4 |
| અન્ય કેસ (પોલીસના ઓર્ડરના આધારે અને વધુ ચલણ આવ્યા હોય એવા કેસમાં) | 19 |




### ડ્રાઈવિંગ લાયસન્સને લક્ઝરી સમજી બેઠેલા લોકો સામે RTOની કડક કાર્યવાહી

માત્ર 9 મહિનામાં 250 જેટલા લોકોના લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેમાં પણ સૌથી વધુ બેફામ વાહન હંકાવી અન્ય નિર્દોષ નાગરિકનો જીવ લીધો લેવા કેસમાં 110 જેટલા લાઈસન્સ સસ્પેન્ડ કરવાની RTO દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે તેમજ બીજા સૌથી વધુ ઓવરસ્પીડમાં વાહન ચલાવતા પકડાયા હોય એવા 77 લોકો સામે કાર્યવાહી કરીને તેમના પણ લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેમજ 3 કરતા વધુ ચલણ આવ્યા હોય તે લોકોના પણ લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

### ઓવરસ્પીડમાં વાહન ચલાવતા કોઈ પકડાશે તો લાઈસન્સ સસ્પેન્ડ

અમદાવાદ RTOના નીરવ બક્ષીએ જણાવ્યું હતું કે, જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધીમાં અમદાવાદ શહેર-જિલ્લામાં 250 લાઈસન્સ રદ કરવામાં આવ્યા છે. આ લાઈસન્સ અલગ-અલગ ગુનામાં રદ કરવામાં આવેલા છે. જેમાં ઓવરસ્પીડ, ફટલ રન, ડ્રંક એન્ડ ડ્રાઈવ સહિતના કેસમાં લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. 6 મહિના સુધી લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

### સસ્પેન્ડેડ લાયસન્સ સાથે ચલાવતા પકડાયા તો લાઈસન્સ કાયમી સસ્પેન્ડ

વધુમાં તેઓએ જણાવ્યુ કે, જેમાં ત્રણ કરતા વધુ ચલણ ઈસ્યૂ કરવામાં આવ્યા છે, તે તમામના લાઈસન્સ પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જ્યારે કોઈનું લાઈસન્સ સસ્પેન્ડ થયું હોય અને તે વાહન હંકાવતા પકડાય તો તેનું લાઈસન્સ કાયમી ધોરણે સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કરવામાં આવતી હોય છે. જેના 3 કે 6 મહિના માટે લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે,.

ન્યુઝ બ્રિફ

### ■ મિત્રને કંપનીનો ડાયરેક્ટર બનાવી અન્યબે મિત્રોએ સાઈબર ફ્રોડના ગુના આચર્યા

ગાંધીનગર | સરગાસણમાં ત્રણ મિત્રો સાથે પીજીમાં રહેતા હતા. જેથી બે મિત્રોને અભ્યાસ દરમિયાન ખર્ચ કાઢવા માટે કંપની ખોલવાનો વિચાર કર્યા બાદ સાયબર સ્પેશ ટેકનોલોજી નામની કંપની શરૂ કરી હતી. ત્યારબાદ ત્રણ મિત્રો અલગ થઈ ગયા હતા. જ્યારે કંપનીના નફા બાબતની વાત કરતા બે મિત્રો ટાળતા હતા. જ્યારે મિત્ર ચિલોડામાં નોકરી કરતા સમયે તેને હૈદરાબાદની પોલીસ આવીને લઈ જતા સમગ્ર મામલો સામે આવતા બે મિત્રો સાથે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. રોહિતકુમાર છત્રસિંહ કલમી (રહે, ગમલા, દાહોદ) તેમણે ફરિયાદ નોંધાવી હતી કે, વર્ષ 2017માં દાહોદ કોલેજમાં એન્જિનિયરીંગનો અભ્યાસ કરતો હતો. તે સમયે સંજીવ બાબુભાઈ બારીયા (રહે, સિંગોર, દાહોદ) તેની સાથે અભ્યાસ કરતો હતો, જેથી બંને એકબીજાથી પરિચિત હતા. જ્યારે અભ્યાસ પૂરો થયા પછી ગાંધીનગર અભ્યાસ માટે આવ્યા હતા,જેમાં રોહિતે ઈન્દ્રશીલ યુનિવર્સિટી મહેસાણા અને સંજીવે એલડીઆરપીમાં એડમીશન લીધુ હતુ. જ્યારે કુડાસણમાં પીજીમાં રહેતા હતા. તે સમયે મિહીર જયપ્રકાશ બારીયા (રહે, દેવગઢ બારીયા) સંપર્કમાં આવ્યો હતો અને તે સ્વર્ણિમ સ્ટાટઅપ યુનિવર્સિટી અડાલજમાં અભ્યાસ કરતો હતો.

### ■ કાર્યવાહી : કુડાસણની હોટલ રાધે સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

ગાંધીનગર | ન્યૂ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલી રાધે હોટલમાં આવતા ગ્રાહકોની રજિસ્ટરમાં નોંધ કરવામાં આવતી ન હતી. જેની માહિતી પોલીસને મળતા રેડ કરવામાં આવી હતી. જેમાં તપાસ કરતા હોટલના સંચાલક દ્વારા પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી નહિ કરી જાહેરનામાંનો ભંગ કરવામાં આવતો હોવાનુ સામે આવતા તેની સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. મળતી માહિતી મુજબ ગાંધીનગર પોલીસ દ્વારા હોટલ, સ્પા સેન્ટર સહિતની જગ્યાઓ ઉપર ઓચિંતી તપાસ કરવામાં આવતી હોય છે.

હોટલ માલિક અને સંચાલકો દ્વારા નિયમનુ પાલન કરવામાં આવે છેકે, નહિ તેની તપાસ કરવામાં આવતી હોય છે. ત્યારે ન્યૂ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં પોલીસ હોટલનુ ચેકીંગ કરી રહી હતી. સ્વાગત રેઈનફોરેસ્ટ-1માં કોમ્પલેક્ષના ત્રીજા માળે આવેલી રાધે હોટલમાં તપાસ કરવામાં આવી હતી. હોટલનુ રજીસ્ટર ચેક કરવામાં આવ્યુ હતુ. જેમાં સામે આવ્યુ હતુ કે, રાકેશ રૂપજી પટેલ દ્વારા જાહેરનામાનો ભંગ કરવામાં આવી રહ્યો છે.

### ગાડી ધીમી ચલાવતાં ને બીજે રસ્તેથી લઈ જતાં બોલાચાલી

# હેલ્લારો ફિલ્મની અભિનેત્રી નીલમ પંચાલને કેબ-ડ્રાઈવરે ધમકી આપી

અમદાવાદ | ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો'ની અભિનેત્રી અને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મેળવનારી અભિનેત્રી નીલમ પંચાલને કેબ-ડ્રાઈવરનો કડવો અનુભવ થયો હોવાની ઘટના બની હતી. નીલમ પંચાલે અમદાવાદમાં પોતાના ઘરેથી કાલુપુર રેલવે સ્ટેશન જતી હતી ત્યારે ટેક્સીમાં ડ્રાઈવર તેને ધમકી આપી રહ્યો છે, જેથી પોતે તે અસુરક્ષિત અનુભવી રહી છે એવી સોશિયલ મીડિયા X પર પોસ્ટ કરી હતી. અમદાવાદ પોલીસ અને ગુજરાત પોલીસને ટેગ કરીને X પર પોસ્ટ કરવામાં આવતાં તાત્કાલિક અમદાવાદ પોલીસ હરકતમાં આવી હતી અને ટ્રાફિક-પોલીસના પી.આઈ કાલુપુર રેલવે સ્ટેશન પહોંચી ગયા હતા.

જોકે પોલીસ આવી ત્યાં સુધીમાં કેબ-ડ્રાઈવર અભિનેત્રીને કાલુપુર રેલવે સ્ટેશન પાસે ઉતારીને જતો રહ્યો હતો, પરંતુ અભિનેત્રીની મુંબઈ જવા માટેની ટ્રેન છૂટી ગઈ હતી, જે બાદ પોલીસે તેમને બીજી ટ્રેનમાં બેસવાની વ્યવસ્થા કરી આપી હતી. અમદાવાદ પોલીસની મદદ મળતાં અભિનેત્રીએ રાત્રે X પરની પોસ્ટ ડિલિટ કરી દીધી હતી. આ બાબતે અમદાવાદ પોલીસે કેબ- ડ્રાઈવરના મોબાઈલ નંબર અને ગાડી નંબરના આધારે તપાસ શરૂ કરી છે.

E ડિવિઝન ટ્રાફિક-પોલીસ સ્ટેશનના પીઆઈ પી.એચ. ચૌધરીએ જણાવ્યું હતું કે અમદાવાદ પોલીસના X હેન્ડલ પર પોસ્ટ આવી હતી, જેમાં એક મહિલાને મદદની જરૂર હોવાથી તાત્કાલિક તેમ મેસેજ મળતાં કાલુપુર રેલવે સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. જ્યારે રેલવે સ્ટેશન પર પહોંચ્યા ત્યારે અભિનેત્રી રેલવે પ્લેટફોર્મ પર પહોંચી ગઈ હતી, પરંતુ તેની ટ્રેન છૂટી ગઈ હતી. કેબ-ડ્રાઈવર તેને ઉતારીને જતો રહ્યો હતો.

કેબમાં બેસીને તે જ્યારે રેલવે સ્ટેશન આવી રહી હતી ત્યારે ઝડપથી પહોંચાડવાની જગ્યાએ બીજા રૂટ ઉપરથી તેને લઈને આવી રહ્યો હતો, જેને લઈ ડ્રાઈવર સાથે બોલાચાલી થઈ હતી અને બાદમાં તેણે X પર પોસ્ટ કરી હતી. મુંબઈ જવા માટેની બે ટ્રેન છૂટી ગઈ હતી. ગુજરાતી અભિનેત્રી હતી અને ત્યાર બાદ તેને મુંબઈ જવાનું હોવાના કારણે રેલવે વિભાગ સાથે સંકલન કરી બીજી ટ્રેનમાં જવાની વ્યવસ્થા કરી આપી હતી.




### ડ્રાઈવર-અભિનેત્રી વચ્ચે બોલાચાલી થઈ હતી

ગુજરાતી અભિનેત્રી નીલમ પંચાલે હેલ્લારો ફિલ્મ સહિત અનેક ટેલિવિઝન ધારાવાહિકોમાં અભિનય કર્યો છે. અભિનેત્રી નીલમ પંચાલે 13 નવેમ્બરે અમદાવાદ પોતાના ઘરેથી મુંબઈ જવાનું હોવાના કારણે કાલુપુર રેલવે સ્ટેશન જવા બપોરે કેબ બુક કરી હતી.

વંદે ભારત ટ્રેનમાં જવાનું હતું જેથી કેબ બુક કર્યા બાદ કેબ-ડ્રાઈવર આવ્યો હતો અને તેઓ કાલુપુર રેલવે સ્ટેશન જવા માટે નીકળ્યા હતા. કેબ-ડ્રાઈવર પોતે ગાડી ધીમી ચલાવતો હતો અને બીજા રસ્તા ઉપરથી લઈ જતો હતો, જેથી અભિનેત્રીએ તેને કહ્યું હતું કે તેમને જલદી રેલવે સ્ટેશન પહોંચવું છે અને તે બીજા રસ્તા ઉપરથી લઈ જાય છે, જેથી તેમની વચ્ચે થોડી બોલાચાલી થઈ હતી.

### પાડોશીએ દુષ્કર્મ આચરી ગળું દબાવ્યાની આશંકા, 4 શંકાસ્પદની અટકાયત

# ગાંધીનગરમાંથી 9 વર્ષની ગુમ બાળકીની લાશ પ્લાસ્ટિકના કોથળામાંથી મળી...

ગાંધીનગર | ગાંધીનગરના ડભોડા પોલીસ સ્ટેશન વિસ્તારના રાયપુર ગામમાંથી 12 નવેમ્બર 2025ની બપોરે ગુમ થયેલી 9 વર્ષ 11 મહિનાની બાળકીની 13 નવેમ્બર 2025ની રાત્રે તેના ઘર નજીકથી જ પ્લાસ્ટિક કોથળામાં પેક કરેલી હાલતમાં લાશ મળી છે. બાળકીની લાશ મળતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. મૃતકના પાડોશીએ જ બાળકી સાથે દુષ્કર્મ આચરીને હત્યા કરી લાશને કોથળામાં નાખી બાજુના ઘરના ઓસરીમાં નાખી હોવાના અનુમાન સાથે શંકાના દાયરામાં છે. જ્યારે શંકાસ્પદ શખસના બાળકે બે અલગ અલગ સ્ટેટમેન્ટ આપ્યાં હતાં. પહેલા 500 રૂપિયાની લાલચ આપી કોઈ અપહરણ કરી ગયું હોવાનું બાદમાં નદી તરફ જતી જોઈ હોવાનું જણાવ્યું હતું. ગાંધીનગર પોલીસ હાલ આ મામલે વધુ તપાસ હાથ ધરી રહી છે.

દહેગામ ASP આયુષ જૈને જણાવ્યું કે, 13 નવેમ્બરની રાતના 8.30 વાગ્યે ગુમ થનારી દીકરીનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં 4 લોકોની અટકાયત કરવામાં આવી છે. જેની પૂછપરછ ચાલી રહી છે.

આ અંગે મળતી વિગત મુજબ, રાયપુર ગામના રામાપીરવાળા વાસમાં રહેતા એક પિતાની પુત્રી ગત 12મી નવેમ્બરે સવારે આશરે દસેક વાગ્યાના સુમારે ક્યાંક જતી રહી હતી. બાળકી ગુમ થતાં તેના પિતાએ કોઈ અજાણી વ્યક્તિ તેનું કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ગયું હોવાની શંકા સાથે ડભોડા પોલીસ સ્ટેશનમાં અપહરણનો ગુનો નોંધાવ્યો હતો.

### બાળકી સાથે અઘિટત ઘટ્યું છે કે કેમ એ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ બહાર આવશે

આ અંગે વિશ્વસનીય પોલીસસૂત્રોએ જણાવ્યું હતું કે બાળકી ગુમ થઈ ત્યારથી માંડીને લાશ મળી ત્યાં સુધી પોલીસની અલગ અલગ ટીમો તપાસ કરી રહી હતી. બાળકીના પિતા GIDCમાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે, જેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી હતી. બાળકીનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હોવાનું અનુમાન છે, જેનું પેનલ ડોક્ટરોની ટીમ મારફતે પોસ્ટમોર્ટમ કરાવવાનું છે. બાળકી સાથે અઘટિત ઘટ્યું છે કે નહીં એ પોસ્ટમોર્ટમ રિપોર્ટ પછી જાણવા મળશે.

આ પ્રકરણમાં એક શંકાસ્પદ શખસને રાઉન્ડ અપ કરવામાં આવ્યો છે, જે મૃતકના પિતાનો પાડોશી છે અને તેના ઘરમાં તેની પત્ની અને આઠ વર્ષનો દીકરો છે. આ શખસ પ્લાસ્ટિકનો ભંગાર વીણીને વેચવાનો ધંધો કરે છે. બાળકી ગુમ થઈ ત્યારથી તે બાળકીના પિતા સાથે શોધખોળ કરતો હતો.

### ઘરના પાછળના ભાગે આવેલી ઓસરીમાંથી એક શંકાસ્પદ થેલી મળી

પોલીસે ફરિયાદના આધારે બાળકીની શોધખોળ શરૂ કરી હતી અને સોશિયલ મીડિયામાં પણ તેની જાહેરાત કરી હતી, જોકે આ બાળકીની શોધખોળ અંતે કરુણ ઘટનામાં પરિણમી છે. 13 નવેમ્બરની રાત્રે પરિવાર જે મકાનમાં રહે છે એની પાછળના ભાગે આવેલી એક ઓરડીની ઓસરીમાંથી શંકાસ્પદ હાલતમાં એક પ્લાસ્ટિકની થેલી(કોથળો) મળી હતી. તપાસ કરતાં આ કોથળામાં ગુમ થયેલી બાળકીની લાશ જ પેક કરેલી હાલતમાં મળી હતી.

# અમદાવાદમાં હિટ એન્ડ રનમાં સિક્યુરિટી ગાર્ડનું મોત : વ્હીલ માથા પરથી ફરી વળ્યું

અમદાવાદ | અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં કાંકરિયા રોડ પર ન્યુ ગ્રીન માર્કેટ પાસે મોડી રાત્રે હિટ એન્ડ રનની ઘટના બની હતી. ન્યુ ગ્રીન માર્કેટમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા રમણભાઈ પરમાર રાત્રે 3 વાગ્યે ચા પીવા માટે જતા હતા, ત્યારે રોડ ક્રોસ કરવા જતા અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી નીચે પાડી દેતા કોઈ વાહનનું વ્હીલ તેમના માથા ઉપરથી ફરી વળ્યું હતું. જેમાં તેમનું ઘટનાસ્થળ પર જ મૃત્યુ થઈ ગયું હતું. ઘટનાની જાણ ટ્રાફિક પોલીસને થતા ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી હતી. આ મામલે ટ્રાફિક પોલીસ દ્વારા અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ ખોખરા વિસ્તારમાં કે.કા.શાસ્ત્રી કોલેજ પાસે આવેલી હિંમતલાલ બાપાલાલ પરમારની ચાલીમાં રમણભાઈ ડાયાભાઈ પરમાર (ઉ. વ. 70) તેમના પરિવાર સાથે રહેતા હતા. રમણભાઈ ખોખરા કાંકરિયા રોડ પર આવેલી ન્યુ ગ્રીન માર્કેટમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. 13 નવેમ્બરે રાત્રે તેઓ ગ્રીન માર્કેટ ખાતે નોકરીએ ગયા હતા. મોડી રાત્રે 3 વાગ્યાની આસપાસ તેઓ ચા પીવા માટે જતા હતા ત્યારે રોડ પર કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી હતી.

રમણભાઈને અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી નીચે પાડી દેતા કોઈ વાહનનું વ્હીલ તેમના માથા ઉપરથી ફરી વળ્યું હતું. જેના કારણે આખું માથું ચગદાઈ ગયું હતું .

### '24 કલાક પાણી' યોજનાનો શનિવારથી વિધિવત પ્રારંભ

# પ્રતિ કલાક 40 લાખ લિટરના પ્રેશરથી પાણી મળશે

ગાંધીનગર | ગાંધીનગરને સ્માર્ટ સિટી બનાવવાની દિશામાં વધુ એક મહત્ત્વનું પગલું લેવાયું છે. શહેરમાં 24 કલાક પાણી પુરવઠાની મહત્વાકાંક્ષી યોજના હવે અંતિમ તબક્કે પહોંચી ગઈ છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા કરવામાં આવેલી તમામ તૈયારીઓ પૂર્ણ થતાં આગામી 15મી નવેમ્બરને શનિવારથી તમામ સેક્ટરોમાં 24 કલાક પાણીનો સપ્લાય શરૂ કરવામાં આવશે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા કરવામાં આવેલી તમામ તૈયારીઓ પૂર્ણ થતાં આગામી 15મી નવેમ્બરને શનિવારથી તમામ સેક્ટરોમાં 24 કલાક પાણીનો સપ્લાય શરૂ કરવામાં આવશે. જેના પગલે પાટનગર યોજના વિભાગ દ્વારા અત્યાર સુધી દરરોજ સવારે આપવામાં આવી રહેલો બે કલાકનો પરંપરાગત પાણી પુરવઠો હવે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે. આખરે ભારે વિલંબ અને વિવાદો બાદ ગાંધીનગરમાં 24 કલાક પાણી આપવાની યોજના સાકાર થઈ રહી છે. શરૂઆતના તબક્કામાં મુશ્કેલીઓનો સામનો કર્યા પછી છેલ્લા છ મહિનાથી પાણી પુરવઠા બોર્ડે કામગીરીમાં ઝડપ દાખવીને સંપૂર્ણ માળખું તૈયાર કરી દીધું છે. છેલ્લા બે મહિનાથી જૂના અને નવા સેક્ટરોમાં ટ્રાયલ રન ચાલી રહ્યો હતો.

### ગુજરાતમાં એલર્ટ વચ્ચે બે શખ્સની હથિયાર સાથે ધરપકડ...

# કાનપુરથી અમદાવાદની બસમાં હેરાફેરી : પિસ્તોલ-દેશી તમંચા સાથે 10 નંગ જીવતાં કારતૂસ મળી આવ્યાં

(એજન્સી) ગાંધીનગર | તા. 14

ગાંધીનગર ચિલોડા પોલીસે ચંદ્રાલા ગામની સીમ પાસે આવેલી આગમન હોટલની સામે નેશનલ હાઈવે પર વાહન ચેકિંગ દરમિયાન બે શંકાસ્પદને પકડયા છે. હિંમતનગર તરફથી આવતી એક ખાનગી લક્ઝરી બસમાં મુસાફરી કરી રહેલા બે શંકાસ્પદ શખ્સ પાસેથી પોલીસે ગેરકાયદેસર એક પિસ્તોલ, એક દેશી તમંચો અને 10 નંગ કારતૂસનો જથ્થો સહિત 54 હજારનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. જેમાં મળતી માહિતી મુજબ જે બસ કાનપુરથી અમદાવાદ આવી રહી હતી. દિલ્હીમાં કારમાં થયેલા બ્લાસ્ટની ગંભીર ઘટના બાદ સમગ્ર ગુજરાતમાં સુરક્ષાને લઈને હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સંવેદનશીલ પરિસ્થિતિના પગલે, ગાંધીનગર જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીએ જિલ્લાના તમામ પ્રવેશ અને નાકા પોઈન્ટ્સ પર સઘન વાહન ચેકિંગ અને કડક બંદોબસ્તના આદેશો આપ્યા હતા. આ આદેશોના અનુસંધાને ચિલોડા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકિંગની ઝુંબેશ ચલાવવામાં આવી રહી હતી. આ ચેકિંગ દરમિયાન હિંમતનગર તરફથી અમદાવાદ જઈ રહેલી એક ખાનગી લક્ઝરી બસને રોકવામાં આવી હતી. પોલીસે બસમાં સવાર મુસાફરોની તલાશી લેતા પાછળની સ્લીપિંગ સીટ પર બેઠેલા બે શખસની વર્તણૂક શંકાસ્પદ જણાતાં તેમની બેગની તપાસ કરી હતી. પોલીસની તલાશી દરમિયાન આ બંને શંકાસ્પદ શખ્સો પાસેથી ગેરકાયદેસર હથિયારો અને જીવતા કારતૂસનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં એક પિસ્તોલ, એક દેશી તમંચો અને 10 નંગ જીવતાં કારતૂસ હતાં. પોલીસે બંને આરોપીઓની ઓળખ અમદાવાદ દાણીલીમડાના મોહસીન શાહબુદીન શેખ (ઉં.વ. 22) અને સોહીલ ઉર્ફે કુકડો અજીમભાઈ શેખ (ઉં.વ. 23) તરીકે કરી છે.



### પોલીસે આગળની કાર્યવાહી શરૂ કરી

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓ હથિયારો ક્યાંથી લાવ્યા હતા અથવા તેનો હેતુ શું હતો તે અંગે કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા નહોતા. દિલ્હી બ્લાસ્ટની ઘટનાના સંદર્ભમાં હથિયારોનો આ જથ્થો પકડાયો હોવાથી સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી છે. પોલીસે બંને શખ્સો વિરુદ્ધ ગેરકાયદે હથિયાર રાખવા બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે ચિલોડા પોલીસ મથકના પીઆઈ એસ જે ચૌહાણ એ જણાવ્યું કે, બંને વિરુદ્ધ મારામારી અને પ્રોવિઝેશનના ગુના પણ દાખલ થયા હોવાનું પણ સામે આવ્યું છે. હાલમાં આ બંને ઈસમો ના રિમાન્ડ મેળવવાની તજવીજ ચાલી રહી છે.